


# જુલાઈ

## ૨૦૨૨

## તમામ માહિતી સાથે

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC

# જુલાઈ ૨૦૨૨

## (૧ થી ૩૧ જુલાઈ, ૨૦૨૨)


## સ્પેશ્યલ થેન્ક્સ

શ્રી એમ. કે. પ્રજાપતિ (ડે. કલેક્ટર)

પોતાની વ્યસ્તતામાંથી પણ સમય કાઢીને વિદ્યાર્થીઓ માટે ફ્રી કરન્ટ અફેર્સ, વિવિધ વિષયોની નોટ્સ તથા સતત માર્ગદર્શન આપવા બદલ.

**We are famous for…**

**The Most IMP,**
**Authentic,**
**To the point,**
**Up to date**
**material**



## Most Imp Current Affairs

### 1 જુલાઈ

**❖ અમૃત સરોવર મિશન**

- ✓ કેન્દ્ર સરકારે રેલવે મંત્રાલય અને નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાને અમૃત સરોવર મિશન હેઠળ તેમના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ માટે દેશભરના તમામ જિલ્લામાં તળાવો/ટાંકીઓમાંથી ખોદવામાં આવેલી માટી/કાંપનો ઉપયોગ કરવા જણાવ્યું.
- ✓ અમૃત સરોવર મિશનને જળ સંરક્ષણના ઉદ્દેશ્ય સાથે શરૂ કરવામાં આવ્યું જે હેઠળ દેશના દરેક જિલ્લામાં 75 જળાશયોનો વિકાસ અને પુનર્જીવન કરવામાં આવશે.
- ✓ આ સિવાય દરેક અમૃત સરોવર સ્થળ પર દર 15મી ઓગસ્ટે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવશે.

**❖ UNSC 1267 સમિતિ હેઠળ આંતકવાદી સૂચિ જાહેર**

- ✓ ભારત અને USAએ સંયુકત રીતે સંયુકત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અલ-કાયદા અને ઇસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક અને લેવન્ટ પ્રતિબંધ સમિતિએ લશ્કર-એ-તૈયબાના ટોચની આતંકવાદી મક્કીની સૂચિબધ્ધ કરવાની દરખાસ્ત કરી હતી.
- ✓ જો કે ચીને મક્કીની સૂચિ બનાવવાની દરખાસ્ત પર ટેકનિકલ મોરેટોરિયમ' લીધું જે એક સમયે 6 મહિના સુધી ટકી રહે છે.
- ✓ ISIL (ઇસ્લામિક સ્ટેટ ઈન ઈરાક એન્ડ ધ લેવન્ટ) જેને ઇસ્લામિક સ્ટેટ ઇન ઈરાક એન્ડ સીરિયા (ISIS) તરીકે ઓળખવામાં આવે છે, તે ઇસ્લામિક સ્ટેટ, સુન્ની બળવાખોર જૂથ છે જે મુખ્યત્વે પશ્ચિમ ઈરાક અને પૂર્વ સિરિયામાં કાર્યરત છે.

**❖ સાયબર સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા**

- ✓ નવી દિલ્હીમાં 'નેશનલ કોન્ફરન્સ ઓન સાયબર સિક્યુરિટી એન્ડ નેશનલ સિક્યુરિટીનું' સમાપન થયું.
- ✓ આ કોન્ફરન્સમાં દેશના સાયબર ગુનાઓને રોકવા માટે વ્યાપક જાગૃતિ લાવવાનો પ્રયાસો અંગે ચર્ચા કરવામાં આવી.
- ✓ ભારતમાં સાયબર અટેક સામે લડવા સાયબર આર્મીની રચના કરવામાં આવી છે સાયબર કૌશલ્ય સાથે ઇન્ફોર્મેશન ટેકનોલોજીમાં અત્યંત કુશળ વ્યક્તિઓનું જૂથ છે.

- ✓ સાયબર ક્રાઇમ સામાન્ય રીતે છેતરપીંડી કરવી, બાળ પોર્નોગ્રાફીની હેરફેર કરવી, બૌદ્ધિક સંપતિની ચોરી કરવી જેવી પ્રક્રિયાઓ સાથે જોડાયેલ છે જેને દૂર કરવાના ઉપાયો અંગે આ સમિટમાં ચર્ચાઓ કરવામાં આવી.
- ✓ ભારતીય CERT-IN (કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ) સાયબર સુરક્ષા માટેની ભારતીય રાષ્ટ્રીય એજન્સી, સરકારી નેટવર્ક પર સાયબર હુમલાઓ ઘટાડવા સાથે દેશની સાયબર સુરક્ષાને પહોંચી વળવા માટેની સિસ્ટમ છે.

❖ **ક્રિટિકલ ઇન્ફોર્મેશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CII)**

- ✓ કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રાલયે ICICI બેંક, HDFC બેંક અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (NPCI)નાં ઇન્ફોર્મેશન ટેકનોલોજી સંસાધનોને CII તરીકે જાહેર કર્યાં.
- ✓ સરકાર IT એક્ટ 2000 હેઠળ ડિજિટલ સંપતિને સુરક્ષિત કરવા કોઇપણ ડેટા, ડેટાબેઝ, IT નેટવર્ક અથવા સંચાર માળખાને CII જાહેર કરવાની સત્તા ધરાવે છે અને આ હેઠળના કાયદાના ભંગ બદલ 10 વર્ષની જેલની સજાની જોગવાઇ કરવામાં આવી છે.

❖ **1 જુલાઈ: રાષ્ટ્રીય ડોક્ટર દિવસ**

- ✓ દર વર્ષે 1 જુલાઈના રોજ આ દિવસ પશ્ચિમ બંગાળના બીજા મુખ્યમંત્રી ડો. બિધાન ચંદ્ર રોયની યાદમાં તેમના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે મનાવાય છે.
- ✓ વર્ષ 1991માં સૌપ્રથમ વખત આ દિવસ ઉજવવામાં આવ્યો હતો.
- ✓ ડો. બિધાનનો જન્મ બિહારના પટના ખાતે થયો હતો.
- ✓ વર્ષ 1961માં તેમને ‘ભારતરત્ન’ સન્માન અપાયું હતું.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ world Bank દ્વારા ભારત સડક સુરક્ષા કાર્યક્રમ માટે $ 250 મિલયનની લોન આપવામાં આવી.
- ✓ એસ. એસ. કૃષ્ણા, નારાયણમૂર્તિ, પ્રકાશ પાદુકોણ કેમ્પેગૌડા ઇન્ટરનેશનલ એવોર્ડ માટે પસંદગી પામ્યા.
- ✓ સેકર ધનલક્ષ્મી 200 મીટરની દોડમાં ત્રીજી સૌથી ઝડપી મહિલા દોડવીર બની.
- ✓ કે. કે. વેણુગોપાલનો એટર્ની જનરલ તરીકેનો કાર્યકાળ ત્રણ મહિના માટે વધારવામાં આવ્યો.

**2 જુલાઈ**

### ❖ PADMA - ભારતીય તટરક્ષક દળની કેન્દ્રીયકૃત વેતન પ્રણાલી

- ✓ પે રોલ ઓટોમેશન ફોર ડિસ્બર્સમેંટ ઓફ મંથલી એલાઉન્સ (PADMA) ભારતીય તટરક્ષક દળ માટે સ્વચાલિત વેતન અને ભથ્થા માટેનું મોડેલ છે.
- ✓ PADMA લગભગ 15,000 ભારતીય તટરક્ષક કર્મીઓનાં વેતન અને ભથ્થાઓના વિતરણ માટે કામ કરશે.
- ✓ સમગ્ર પ્રણાલીનું સંચાલન પે આકાઉન્ટ્સ ઓફિસ કોસ્ટ ગાર્ડ, નોએડા દ્વારા કરવામાં આવશે.

### ❖ GOAL (ગોઇંગ ઓનલાઈન એજ લીડર્સ) કાર્યક્રમની બીજી આવૃત્તિનો શુભારંભ

- ✓ કેન્દ્રના જનજાતિ બાબતના મંત્રી અર્જુન મુંડા દ્વારા આ કાર્યક્રમ શરૂ કરાયો.
- ✓ કાર્યક્રમની શરૂઆતમાં અગાઉના પ્રથમ ચરણના લીડર્સને સન્માનિત કરવામાં આવ્યા.
- ✓ કાર્યક્રમમાં 50,000થી વધુ સ્વસહાય સમૂહ (SELF HELP GROUP) અને TRIFDના જોડાણથી દસ લાખ પરિવારોના ઉત્પાદનોને વૈશ્વિક સ્તર પર લઇ જવા માટે મંચ તૈયાર કરવામાં આવ્યું.

### ❖ ઈરાન અને આર્જેન્ટીનાએ BRICSમાં જોડાવા માટે આવેદન કર્યું

- ✓ BRICS - બ્રાઝિલ, રશિયા, ઇન્ડિયા, ચીન અને દ. આફ્રિકાના સમુહમાં જોડાવા માટે બે નવા દેશોએ ઈચ્છા દર્શાવી.
- ✓ ચીનના રાષ્ટ્રપતિ શી જીનપિંગની અધ્યક્ષતામાં મળેલ 14મા BRICS શિખર સંમેલનમાં આ મંગણી મૂકવામાં આવી.
- ✓ સૌપ્રથમ BRICS સંમેલન 16 જૂન 2009માં રશિયા ખાતે આયોજિત થયું હતું.

### ❖ બ્રિટને ભારતીય વિદ્યાર્થીઓ માટે વિવિધ 75 સ્કોલરશિપ જાહેર કરી

- ✓ બ્રિટન સરકારે બ્રિટનમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓ માટે 75 પ્રકારની સંપૂર્ણ સ્કોલરશિપ આપવા વિવિધ એકમો સાથે ભાગીદારી કરી.
- ✓ HSBC, હિંદુસ્તાન યુનીલિવર, ટાટા સન્સ જેવી કંપનીઓ ભારતીય આઝાદીના 75 વર્ષના અમૃત મહોત્સવમાં ભાગ લેતાંની સાથે સ્કોરશિપ પ્રોગ્રામમાં જોડાણ કર્યું.
- ✓ ભારતમાં બ્રિટિશ કાઉન્સિલ-વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જીનીયરરિંગ અને ગણિતમાં મહિલાઓ માટે વિવિધ 18 પ્રકારની શિષ્યવૃત્તિ આપશે.

### ❖ મહારાષ્ટ્રના CM પદેથી ઉદ્ધવ ઠાકરેનું રાજીનામું

- ✓ ઠાકરેએ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીને રાજીનામું આપ્યું.
- ✓ શિવ સેના પાર્ટીના નેતા ઉદ્ધવ ઠાકરે 2019માં કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના જોડાણથી મહારાષ્ટ્રના 19મા CM બન્યા હતા.
- ✓ શિવ સેનાની સ્થાપના વર્ષ 1966માં બાલ ઠાકરે દ્વારા કરવામાં આવી હતી.

- ✓ મહારાષ્ટ્રના વિધાનસભાની બેઠક - 288 અને વિધાન પરિષદની બેઠક - 78 છે.

❖ **2 જુલાઈ: World Sports Journalist Day (વિશ્વ ખેલ પત્રકાર દિવસ)**

- ✓ આ દિવસ ખેલ જગતને લોકોની નજીક લાવવાના પ્રયાસો કરનાર પત્રકારોને સન્માનિત કરવા મનાવાય છે.
- ✓ આ દિવસની સ્થાપના 1994માં ઈન્ટરનેશનલ સ્પોર્ટ્સ પ્રેસ એસોસિએશન (AIPS) દ્વારા કરાઈ હતી.
- ✓ AIPS ની સ્થાપના 2 જુલાઈ 1924ના રોજ થઈ જેનું વડું મથક સ્વિટ્ઝરલૅન્ડ ખાતે છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ બુસાન યુનિવર્સીટી ઓફ ફોરેન સ્ટડીઝે વિશ્વવિધાલયોમાં ભારત કેન્દ્રિત ગતિવિધિઓને પ્રોત્સાહિત કરવા 'ઇન્ડિયા સેન્ટર'ની સ્થાપના કરી.
- ✓ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરી સાથે રાષ્ટ્રીય રાજમાર્ગ ઉત્કૃષ્ટતા પુરસ્કાર 2021 પ્રદાન કર્યા, જે રાજમાર્ગ નિર્માણમાં જોડાયેલ કંપનીઓને ઉત્કૃષ્ટ કામગીરી માટે આપવામાં આવે છે.
- ✓ કેન્દ્રીય મંત્રીમંડળે સિંગાપુર ગણરાજ્યની સરકાર સાથે વિજ્ઞાન, ટેકનોલોજી અને નવનીતમ સંશોધન ક્ષેત્રના વિકાસ માટે કરારો કર્યા.
- ✓ પંજાબ વિધાનસભામાં સેનામાં ભરતી માટેની અગ્નિપથ યોજનાની વિરુદ્ધમાં પ્રસ્તાવ પસાર કરાયો. આ પ્રસ્તાવ CM ભગવંત માન દ્વારા મૂકાયો હતો.

## 3 જુલાઈ

❖ **ડિજિટલ ઇન્ડિયા વીક 2022નું ઉદ્ઘાટન**

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગર ખાતે ડિજિટલ ઇન્ડિયા વીક 2022નું ઉદ્ઘાટન કર્યું.
- ✓ કાર્યક્રમ અંતર્ગત ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા, જીવનધોરણ સરળ બનાવવા, સ્ટાર્ટઅપને આગળ વધારવાનાં લક્ષ્યાંકો સર કરવાના ઉદ્દેશ્યોની ચર્ચા કરવામાં આવી.
- ✓ ડિજિટલ ઇન્ડિયા વીકની થીમ - '**Catalyzing New India's Techade**'.

❖ **રાજસ્થાનથી મળી આવ્યો યુરેનિયમનો જથ્થો**

- ✓ રાજસ્થાનના સીકર જિલ્લાના રોહિલ ખાતેથી આ જથ્થો મળી આવ્યો.
- ✓ આંધ્રપ્રદેશ અને ઝારખંડ બાદ રાજસ્થાન યુરેનિયમ પ્રાપ્તિ માટેનું ત્રીજું રાજ્ય છે.
- ✓ યુરેનિયમની રસાયણિક સંજ્ઞા U છે તથા પરમાણું ક્રમાંક 92 છે.

- ✓ યુરેનિયમનો ઉપયોગ વીજળી ઉત્પન્ન કરવા, પરમાણું ઊર્જા, સંરક્ષણ સાધનો, દવાઓ અને ફોટોગ્રાફીના ક્ષેત્રે થાય છે.

### ❖ IWFએ મોહમ્મદ જલૂદને 2022ના અધ્યક્ષ નિયુક્ત કર્યા

- ✓ આંતરરાષ્ટ્રીય વેઇટલિફ્ટિંગ દ્વારા આ નિયુક્તિ કરવામાં આવી.
- ✓ IWFના ઇતિહાસમાં તેઓ પ્રથમ એશિયન અધ્યક્ષ બન્યા.
- ✓ અધ્યક્ષ પદ માટેના 11 ઉમેદવારોમાંથી પસંદ થયેલા જલૂદ ખૂદ 13 વર્ષ વેઇટ લિફ્ટિંગનો ભાગ રહ્યા.
- ✓ અગાઉ તેઓ એશિયાઇ ભારતોલન મહાસંઘના મહાસચિવ પણ રહી ચૂક્યા છે.

### ❖ 3 જુલાઈ: આંતરરાષ્ટ્રીય પ્લાસ્ટિક બેગ મુક્તિ દિવસ

- ✓ International Palstic bag free Day.
- ✓ લોકોને પ્લાસ્ટિક બેગ અને અન્ય વસ્તુઓમાં પ્રાકૃતિક અને પર્યાવરણીય વિકલ્પોનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવા માટે આ દિવસ મનાવાય છે.
- ✓ પ્રથમ વાર આ દિવસ વર્ષ 2008માં જીરો વેસ્ટ યૂરોપના સદસ્ય રેજેરો દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો.
- ✓ જીરો વેસ્ટ યૂરોપનું મુખ્યાલય બ્રુસેલ્સ, બેલ્જિયમમાં આવેલું છે.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ શિવ સેનાના નેતા એકનાથ શિંદે મહારાષ્ટ્રના નવા CM તથા બે વખતના પૂર્વ CM દેવેન્દ્ર ફડણવીસને નાયબ મુખ્યમંત્રી.
- ✓ કેતનજી જેક્સન અમેરિકન સુપ્રીમ કોર્ટમાં પ્રથમ અશ્વેત મહિલા ન્યાયાધીશ બન્યાં.
- ✓ 28 વર્ષીય અમેરિકન ડિફેન્ડર કારસન પિકેટ અમેરિકન મહિલા ફૂટબોલ ટીમ તરફથી રમનાર પ્રથમ દિવ્યાંગ ખેલાડી બની.
- ✓ ગ્રાઉન્ડ બ્રેકીંગ ઈનોવેટિવ મેડિકલ ડિવાઈસ 'ઈન્સ્ટાશિલ્ડ'ને ઈનોવેટિવ એન્ટી વાયરસ કોરોના પ્રોટેક્શન ડિવાઈસ ઓફ ધ યર માટે KCCI એવોર્ડ.
- ✓ દેશના પ્રથમ પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફેનો જૂનાગઢ ખાતે આઝાદ ચોકમાં પ્રારંભ કરાયો. અહીં 1 કિલો પ્લાસ્ટિક જમા કરનારને ફ્રીમાં ઢોકળા અથવા પૌવા જ્યારે 500 પ્લાસ્ટિક GM જમા કરાવનારને લીંબુ અથવા વરીયાળી શરબત અપાશે.

## 4 જુલાઈ

### ❖ નારી કો નમન યોજના - હિમાચલ પ્રદેશ

- ✓ હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી જયરામ ઠાકુરે ધર્મશાલા ખાતે આ યોજનાનો આરંભ કર્યો.
- ✓ આ યોજના હેઠળ હિમાચલ સડક પરિવહન નિગમ મહિલા યાત્રીઓ પાસેથી મુસાફરી દરમિયાન અડધું ભાડું લેશે.
- ✓ આ સાથે જ મુખ્યમંત્રીએ તમામ યાત્રીઓ માટે ન્યુનતમ બસ ભાડું 7 રૂપિયાથી ઘટાડી 5 રૂપિયા કર્યું.

### ❖ બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન 2022નો રિપોર્ટ

- ✓ કેન્દ્રીય નાણા અને વાણિજ્ય મંત્રી નિર્મલા સિતારમણે નવી દિલ્હીમાં બિઝનેસ રિફોર્મ એક્શન પ્લાન 2020 હેઠળ વિવિધ રાજ્યોનો મૂલ્યાંકન રિપોર્ટ જાહેર કર્યો.
- ✓ આ રિપોર્ટમાં ટોચનાં રાજ્યો - આંધ્રપ્રદેશ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, પંજાબ, તમિલનાડુ, તેલંગાણા રહ્યાં.
- ✓ આ રિપોર્ટ રજૂ કરનાર - ડીપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ.
- ✓ રિપોર્ટમાં પ્રથમ ક્રમે આંધ્રપ્રદેશ રહ્યું.
- ✓ રિપોર્ટમાં 90%થી વધુ ફિડબેક સાથે ગુજરાત બીજા ક્રમે રહ્યું.
- ✓ આ રિપોર્ટ પાંચમી આવૃત્તિ છે, જેમાં 301 જેટલા સુધારા સૂચવવામાં આવ્યા હતા.

### ❖ કોરોના સામે ભારતની પ્રથમ સ્વદેશી MRNA વેક્સિન લોન્ચ

- ✓ કોરોના સામે ભારતની પ્રથમ સ્વદેશી MRNA વેક્સિન Gemvovac-19 લોન્ચ કરવામાં આવી.
- ✓ કોરોના સામે ભારતમાં વિકસાવવામાં આવેલ આ વેક્સિનના ઉપયોગની DGCI (Drkg Controller General of India)એ મંજૂરી આપી.
- ✓ આ વેક્સિન પૂણે સ્થિત જેનોવા બાયો ફાર્માસ્યુટિકલ્સ દ્વારા બનાવાઇ છે.
- ✓ MRNA ઝિરો ડિગ્રી કેટ ઓછા તાપમાને રાખવામાં આવે છે. પરંતુ, Gemcovac-19 ને સાચવવા ઓછા તાપમાનની જરૂર નથી.
- ✓ Gemcovac-19એ ભારતમાં વિકસાવાયેલ પ્રથમ MRNA વેક્સિન છે જયારે વિશ્વમાં covid-19 માટે મંજૂર થયેલ ત્રીજી MRNA રસી છે.

### ❖ 4 જુલાઈ 2022: અલ્લૂરી સીતારામ રાજૂની 125મી જન્મજયંતી

- ✓ સ્વતંત્રતા સેનાની અલ્લૂરી સીતારામ રાજૂની 125મી જન્મજયંતી મનાવાઇ.
- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશમાં તેમની 30 ફૂટની કાંસ્ય પ્રતિમાનું અનાવરણ કર્યું.
- ✓ તેમણે 22 ઓગસ્ટ, 1922માં ચિંતાપલ્લી પોલીસ સ્ટેશન પર 300થી વધુ ક્રાંતિકારીઓ સાથે હુમલો કર્યો હતો.

- ✓ દુનિયાભરના દેશોમાં આતંકવાદી સંગઠનોનાફન્ડિંગપર નજર રાખતી અને ફન્ડિંગ કરનાર દેશો સામે કાર્યવાહી કરતી સંસ્થા FATF (ફાઇનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ)ના નવા વડા તરીકે મૂળ ભારતીય ટી. રાજા કુમારની નિમણૂક થઇ.
- ✓ અમેરિકાની ફૂટબોલ ટીમે 2008 બાદ પ્રથમ વાર ઓલિમ્પિક માટે ક્વોલિફાય કર્યું.
- ✓ નાગાલેન્ડ ખાતે મધ ટેસ્ટિંગ લેબનું ઉદ્ઘાટન કરાયું.
- ✓ મહારાષ્ટ્રના ઔરંગાબાદ જિલ્લાનું નામ બદલીને સંભાજી નગર કરવામાં આવ્યું.
- ✓ સિની શેટ્ટીએ ફેમિના મિસ ઇન્ડિયા 2022 એવોર્ડ જીત્યો. જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર દ્વારા આ એવોર્ડનું આયોજન કરાયું.

## 5 જુલાઇ

### ❖ નૌસેના જહાજ સહ્યાદ્રી અને કદમત સિંગાપુરના પ્રવાસે

- ✓ દક્ષિણ પૂર્વ એશિયામાંથી થઇ રહેલા અભ્યાસોના પગલે ભારતીય નૌસેનાએ આ જહાજોને પ્રવાસ માટે રવાના કર્યાં.
- ✓ INS સહ્યાદ્રી સ્વદેશ નિર્મિત સ્ટીલ્થ ફ્રિગેટ છે અને INS કદમત એક સ્વદેશ નિર્મિત ASW કાર્વેટ છે.

### ❖ 'સ્ટેટ્સ' સ્ટાર્ટ અપ રેન્કિંગ 2021 જાહેર

- ✓ કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે નવી દિલ્હી ખાતે સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમના સમર્થન બદલ રાજ્યોને રેન્કિંગ આપતો રિપોર્ટ જાહેર કરાયો.
- ✓ આ રિપોર્ટમાં ગુજરાત અને કર્ણાટક સર્વશ્રેષ્ઠ પ્રદાનકર્તા રહ્યાં જયારે મેઘાલય પૂર્વોતર રાજ્યોમાં ટોચ પર રહ્યું.
- ✓ નાનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં જમ્મુ-કશ્મીર ટોચ પર રહ્યું.

### ❖ ભારતની પ્રથમ સ્વાયત નેવિગેશન સુવિધા 'TIHAN'

- ✓ કેન્દ્રીય મંત્રી ડો. જીતેન્દ્ર સિંહે IIT હૈદરાબાદ પરિસરમાં ભારતની પ્રથમ સ્વાયત નેવિગેશન સુવિધા 'TIHAN' નું ઉદ્ઘાટન કર્યું.
- ✓ TIHAN - Technology Innovation Hub On Autonomous Navigation.
- ✓ TIHANને કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલયે વિકસાવ્યું છે.
- ✓ TIHANનો ઉદ્દેશ્ય ભવિષ્યમાં 'સ્માર્ટ મોબિલિટી' ટેકનિકમાં વૈશ્વિક ભાગીદારી નોધાવવાનો છે.

### ❖ અનઅધિકૃત બાંધકામો અને પેશકદમી શોધવા માટે AI આધારિત સોફ્ટવેર

- ✓ DGDEએ સંરક્ષણ જમીન પર અનઅધિકૃત બાંધકામો અને પેશકદમી શોધવા માટે AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત સોફ્ટવેર વિકસાવ્યું.
- ✓ COE-SURVEI - Centerof Excellence on satellite & unmamned Romote Vehicle Initiative.
- ✓ આ AI આધારિત સોફ્ટવેર છે જે પેશકદમીની જાણકારી સેટેલાઇટની મદદથી પૂરી પડે છે.
- ✓ આ સોફ્ટવેર BARC (Bhabha Automic Research Center)ની મદદથી વિકસાવવામાં આવ્યું છે.
- ✓ હાલ આ સોફ્ટવેર NRSC (નેશનલ રિમોટ સેન્સિંગ સેન્ટર) Cartosat-3 ઉપગ્રહનો ઈમેજનરી ઉપયોગ કરે છે.

### ❖ ગ્લોબલ ફિલ્મ ટુરિઝ્મ કોન્કલેવ 5નું ઉદ્ઘાટન

- ✓ કેન્દ્રીય અલ્પસંખ્યક બાબતોના મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ મુંબઇ ખાતે આ ઉદ્ઘાટન કર્યું.
- ✓ PHDCCI (પીએચડી ચેમ્બર of કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી)એ 5મી વખત આ કોન્કલેવનું આયોજન કર્યું. જેમાં પર્યટન મંત્રાલય અને સુચના તથા પ્રસારણ મંત્રાલયે સંયુકત રીતે કાર્ય કરવા માટે હાથ મિલાવ્યા.
- ✓ GFTCની 5મી આવૃત્તિની થીમ - અનલીશિંગ ધ પાવર ઓફ સીનેમૈટિક ટુરિઝ્મ.

### ❖ બોશ ઇન્ડિયાના નવા સ્માર્ટ કેમ્પસનું ઉદ્ઘાટન

- ✓ બેંગલુરુ સ્થિત બોશ ઇન્ડિયાના નવા કેમ્પસનું વડાપ્રધાન મોદી દ્વારા ઉધ્ઘાટન કરવામાં આવ્યું.
- ✓ બોશ કંપનીની એક જર્મન કોર્પોરેશન તરીકે ભારતમાં સ્થાપના કરવામાં આવી.
- ✓ જર્મની અને ભારત બંને દેશો સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠ ઉજવણી કરી રહ્યા છે.
- ✓ બોશ ઇન્ડિયા હાલમાં દેશમાં તેના AIOT (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઓફ થિંગ્સ) માટે પ્રયાસો કરી રહી છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ દિલ્હી વિધાનસભાએ દેશમાં સૌથી ઓછો પગાર અને ભથ્થાં મેળવતા પોતાના સભ્યોને 66% પગાર વધારો આપવાના બિલને મંજૂરી આપી.
- ✓ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ નિર્માતા લીના મણિમેકલઈની વિરૂદ્ધમાં તેમની ફિલ્મ 'કાલી'ના પોસ્ટરને લઈને ફરિયાદ નોંધાઇ.

- ✓ ભારત સરકારના શિક્ષા મંત્રાલય હેઠળ આવતા સ્કુલ શિક્ષા અને સાક્ષરતા વિભાગે આપેલા પર્ફોર્મન્સ ગ્રેડિંગ ઇન્ડેક્ષ અંતર્ગત ગુજરાત શિક્ષણની ગુણવત્તાના ઈન્ડેક્સમાં દેશભરમાં 7મા ક્રમે રહ્યું.
- ✓ SBI લાઈફે પશ્ચિમ બંગાળ ગ્રામીણ બેંક સાથે બેકાશ્યોરેંસ માટે કરારો કર્યાં.
- ✓ રાષ્ટ્રીય ખાધ સુરક્ષા અધિનિયમ હેઠળ રાજ્યોના રેન્કિંગમાં ઓડિશા ટોચના સ્થાને.

## 6 જુલાઈ

### ❖ ઓડિશાની મહિલાના નામ પર જંગલના એક વિસ્તારનું નામ રખાયું

- ✓ ઓડિશાના બોનાઇ વન વિભાગમાં વન અધિકારીઓએ એક દિહાડી મહિલા સરોજીની મોહંતાના જંગલ પ્રત્યેના લાવેલા બદલાવ બદલ આ નામ આપ્યું.
- ✓ સરોજીનીએ માત્ર બે વર્ષમાં ખાલી જમીનમાં જંગલ નિર્માણ કર્યું.
- ✓ મોહતાને જીલ્લા ખનીજ ફાઉન્ડેશન કાર્યક્રમ હેઠળ ક્ષેત્રના પુનર્વિતરણના હિસ્સા તરીકે લગાવાયેલા છોડની દેખરેખ માટે આ નામ રાખવામાં આવ્યું.

### ❖ ભારતીય સેનાએ 'સુરક્ષા મંથન-2022'નું આયોજન કર્યું

- ✓ આ આયોજન સીમા અને તટીય સુરક્ષાની બાબતોને ધ્યાને રાખીને આયોજિત કરવામાં આવ્યું.
- ✓ સમગ્ર કાર્યક્રમની અધ્યક્ષતા પંકજસિંહ, મહાનિર્દેશક સીમા સુરક્ષા દળ (BSF), વી. એસ. પઠાનિયા, મહાનિર્દેશક ભારતીય તટરક્ષક બળ અને રાકેશ કપૂર, જનરલ ઓફિસર કમાન્ડિંગ ડેઝર્ટ કોર દ્વારા કરાઇ.

### ❖ તનુજા નેસારીને આયુર્વેદ રત્નથી સન્માનિત કરાયા

- ✓ અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાનના નિર્દેશક તનુજા નેસારીને બ્રિટનની સંસદે આ પુરસ્કાર આપ્યો.
- ✓ આ પુરસ્કાર તેમને આયુર્વેદના પ્રચાર-પ્રસારમાં અપાયેલા યોગદાન બદલ અપાયો.
- ✓ બ્રિટનની ઓલ પાર્ટી પાર્લિયામેન્ટ્રી ગ્રુપ ઓન ઇન્ડિયન ટ્રેડિશનલ સાયનિસ્સ (ITSAPPG)એ આ પુરસ્કાર એનાયત કર્યો છે.

### ❖ 6 જુલાઈ: World Zoonoses Day (વિશ્વ જૂનોસિસ દિવસ)

- ✓ ઇબોલા, એવિયન એન્ફ્લ્યુએન્ઝા અને વેસ્ટ નાઈલ વાયરસ જેવા જૂનોટિક રોગોની વિરૂદ્ધમાં વેક્સિન વિકસિન કરવાના કાર્યની યાદમાં આ દિવસ મનાવાય છે.
- ✓ જૂનોજ એ એક પશુથી મનુષ્યમાં ફેલાતો સંક્રમણીય રોગ છે.

- ✓ આ બિમારીની વિરૂદ્ધમાં પ્રથમ ટીકાકરણ 6 જુલાઇ, 1885ના ફ્રાન્સિસી જીવવિજ્ઞાની લુઇ પાશ્ચર (હડકવા નીરસી) દ્વારા સફળતાપૂર્વક વિકસિત કરવામાં આવ્યું હતું.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ બાલિ ખાતેની G20 વિદેશ મંત્રીઓની બેઠકમાં એસ. જયશંકર ભાગ લેશે.
- ✓ એલોર્ડો બોક્સિંગ કપ 2022માં અલ્ફિયા પઠાણ અને ગીતિકાને ગોલ્ડ મેડલ.
- ✓ ન્યુઝીલેન્ડે પુરુષ અને મહિલા ક્રિકેટરોને સમાન વેતન આપવાની જાહેરાત કરી.
- ✓ ભારતીય નૌ સેનાએ INS સતપુરા અને P81 ને RIMPAC (રિમ ઓફ પેસિફિક)ની 28મી આવૃત્તિમાં ભાગ લેવા સજ્જ કર્યાં જે અમેરિકાના પર્લ હાર્બર ખાતેને સમુદ્રી અભ્યાસમાં ભાગ લેશે.
- ✓ ભારતીય સ્ટાર્ટઅપ 1G ડ્રોનને એયરવર્ડ્સ દ્વારા 2022નો સર્વશ્રેષ્ઠ ડ્રોન સંગઠન-સ્ટાર્ટ અપ શ્રેણીનો પુરસ્કાર અપાયો.
- ✓ ભારતીય નૌ સેનાએ વાયુ સ્કવોડ્રન 324 (INAS324)ને વિશાખાપટ્ટનમ ખાતે સેનામાં સામેલ કર્યું. INAS 324ને પક્ષીની એક પ્રજાતિનું નામ 'કેસ્ટ્રલ્સ' આપવામાં આવ્યું છે જે એક શ્રેષ્ઠ સંવેદી ક્ષમતા ધરાવતું પક્ષી છે.

## 7 જુલાઇ

### ❖ રૂપાલના વરદાયિની માતાજી મંદિરનો પ્રસાદ યોજનામાં સમાવેશ

- ✓ ગાંધીનગર જીલ્લાના રૂપાલ ગામ ખાતે આવેલા વરદાયિની માતાજી મંદિરને કેન્દ્ર સરકારની પ્રસાદ યોજનામાં સમાવેશ કરાયો.
- ✓ આ યોજના હેઠળ મંદિરનો વિકાસ એક આસ્થા કેન્દ્ર સાથે ટુરિઝ્મની રીતે કરવામાં આવશે.
- ✓ યોજના હેઠળ મંદિર ખાતે તેના બ્યુટીફિકેશન, ગાર્ડન, રહેવાની સુવિધા, પાર્કિંગ, ભોજન સહિત તમામ જરૂરીયાતોને દયાને રાખી વિકાસલક્ષી કાર્યો કરશે.
- ✓ રૂપાલ ખાતે આસો સુદનોમના દિવસે વરદાયિની માતાની પલ્લીનો મેળો આયોજિત થાય છે જેમાં વરદાયિની માતાની પલ્લી પર શુદ્ધ ઘી ચડાવવાનો મહિમા રહેલો છે.

### ❖ પ્રોપર્ટી કાર્ડ વિતરણ માટે પાયલોટ પ્રોજક્ટ તરીકે મહેસાણાની પસંદગી

- ✓ પ્રધાનમંત્રી સ્વામિત્વ યોજના : પ્રોપર્ટી કાર્ડ વિતરણ માટે પાયલોટ પ્રોજક્ટ તરીકે મહેસાણા જિલ્લાની પસંદગી.
- ✓ વર્ષ 2022ના એપ્રિલ માસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ યોજના શરૂ કરી જેનો હેતુ ગ્રામીણ ભારતને આર્થિક રીતે મજબૂત અને આત્મનિર્ભર બનાવવાનો છે.

- ✓ Swamitva - Survey of villages and mapping with improvised technology in village area.
- ✓ આ યોજના હેઠળ એવા લોકો કે જેમની જમીન સરકારી ચોપડે ચડેલી નથી તેમની જમીન છીનવાઈ ન જાય તે હેતુથી તેમણે પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવે છે.

**❖ 4 લોકોને રાજ્યસભાના સભ્ય તરીકે નોમિનેટ કરાયા**

- ✓ ઓલંમ્પિક રનર અપ પી. ટી. ઉષા સંગીતકાર ઈલૈયા રાજા, સમાજસેવી વીરેન્દ્ર હેગડે, પટકથા લેખક વી. વિજેન્દ્ર પ્રસાદને રાજ્યસભા માટે નોમિનેટ કર્યા.
- ✓ તમામ ઉમેદવારો ક્રમશ: કેરળ, તમિલનાડુ, કર્ણાટક અને આંધ્રપ્રદેશથી છે.
- ✓ તમામને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા નોમિનેટ કરાયા છે. રાષ્ટ્રપતિ રાજ્યસભામાં કલા, વિજ્ઞાન, સાહિત્ય સમાજ સેવામાં પ્રદાન કરનાર 12 સભ્યોની નિમણૂક કરે છે.

**❖ 'પરીક્ષા સંગમ' પોર્ટલ**

- ✓ કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE)એ પરીક્ષા માટે તેની સૌથી મોટી ડિજિટલ પહેલ આ પોર્ટલ સ્વરૂપે લોન્ચ કરી.
- ✓ આ પોર્ટલ શાળાઓ ક્ષેત્રીય કાર્યાલયો તથા CBSEના મુખ્યાલયો દ્વારા આયોજન થનાર વિભિન્ન પરીક્ષાઓ સંબંધિત એકબીજાને જોડશે તથા બોર્ડના પરિણામ પણ આ પોર્ટલ પર મૂકાશે.
- ✓ CBSEના અધ્યક્ષ - નિધિ છિબ્બર.

**❖ 7 જુલાઈ: વિશ્વ કિસ્વિલી (Kiswahili) ભાષા દિવસ**

- ✓ UNESCOના સભ્ય દેશો દ્વારા 7 જુલાઈને વિશ્વ કિસ્વિલી ભાષા તરીકે મનાવાય છે.
- ✓ કિસ્વિલી આફ્રિકામાં સૌથી વધુ બોલાતી ભાષાઓમાંથી એક છે.
- ✓ કિસ્વિલી એકમાત્ર એવી આફ્રિકી ભાષા છે જે આફ્રિકી સંઘ દ્વારા અધિકારિક ભાષા તરીકે જાહેર થઈ છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ G20 શેરપા તરીકેની ભૂમિકા નીતિ આયોગના પૂર્વ CEO અમિતાભ કાંત નિભાવશે.
- ✓ મોહન સુબ્રમણ્યમને દક્ષિણ સુડાનમાં સંયુકત રાષ્ટ્રના ફોર્સ કમાન્ડર નિયુક્ત કરાયા.
- ✓ IAS ટીના ડાબીએ રાજસ્થાનના જેસલમેરના કલેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેણીએ 2015માં સિવિલ સેવામાં ટોચનો રેન્ક મેળવ્યો અને સિવિલ સેવામાં ટોપ કરનાર પ્રથમ દલિત વ્યક્તિ બન્યાં હતાં.
- ✓ અરિસ્ટા નેટવકર્સની અધ્યક્ષ અને CEO જય શ્રી વી. ઉલ્લાજ ફોરબ્સ 2022ની યાદીમાં અમીર સ્વ નિર્મિત મહિલાની યાદીમાં (1.9 અરબ ડોલર સાથે) 15મા સ્થાને.

- ✓ પારિતોષ ત્રિપાઠી SBI જનરલ ઇન્શ્યોરન્સના MD અને CEO બન્યા.
- ✓ સ્મૃતિ ઈરાનીને અલ્પસંખ્યક બાબતના મંત્રાલયનો વધારાનો ચાર્જ અપાયો. હાલના અલ્પસંખ્યક બાબતના મંત્રી મુખ્તાર અલ્લાસ નકવીએ રાજીનામું આપ્યું.

## 8 જુલાઈ

### ❖ ગૂગલ દ્વારા 'સ્ટાર્ટઅપ સ્કૂલ ઇન્ડિયા' પ્રોગ્રામ શરૂ કરાયો

- ✓ ગૂગલે ગૂગલ ફોર સ્ટાર્ટઅપ્સ પહેલના ભાગ રૂપે 'સ્ટાર્ટઅપ સ્કૂલ ઇન્ડિયા' પ્રોગ્રામ શરૂ કર્યો.
- ✓ આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય સંચિત જ્ઞાનને એક સંરચિત પાઠ્યક્રમમાં વ્યવસ્થિત કરવાનો છે જેનાથી નાના શહેરોમાં સ્ટાર્ટઅપ સંબંધિત વિવિધ સમસ્યાઓને નિવારી શકાય.
- ✓ આ 9 સપ્તાહનો વર્ચ્યુઅલ કાર્યક્રમ હશે જેમાં સ્ટાર્ટઅપ સંબંધિત બાબતોની ગૂગલ તથા તેની સહયોગી સંસ્થાઓ દ્વારા વાતચીત કરવામાં આવશે.

### ❖ સ્વતંત્રતા સેનાની ગાંધીવાદી પી. ગોપીનાથન નાયરનું નિધન

- ✓ પી. ગોપીનાથ નાયરને વર્ષ 2016માં પદ્મશ્રી પુરસ્કાર મળ્યો હતો.
- ✓ તેમણે 1942માં ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો તથા ભૂદાન અને ગ્રામદાન આંદોલનમાં વિનોબા ભાવે સાથે કામ કર્યું.
- ✓ તેમણે 11 વર્ષ ગાંધી સેવાગ્રામ આશ્રમના અધ્યક્ષ તરીકે પણ કાર્ય કર્યું.

### ❖ MY GOV ગુજરાતનું 18મું MY GOV STATE ઈસ્ટેંસ લોન્ચ

- ✓ આ 18મું MY GOV STATE ઈસ્ટેંસ નાગરિક કેન્દ્રિત પ્લેટફોર્મ 4 મુખ્ય ઉદ્દેશ્યો સાથે લોન્ચ કરવામાં આવ્યું.

  1. વરસાદી પાણીને બચાવવું
  2. ઈ-ગવર્નન્સ દ્વારા જીવન જીવવાની સરળતા
  3. સ્વચ્છતા અભિયાન
  4. ડિજિટલ સેવા સેતુ

- ✓ વિશ્વનું સૌથી મોટું નાગરિક જોડાણ પ્લેટફોર્મ MY GOVનું 2014માં વડાપ્રધાન મોદીએ સરકારને સામાન્ય માણસની નજીક લાવવાના વિચાર સાથે લોન્ચ કર્યું હતું.
- ✓ આ પ્લેટફોર્મની મદદથી નાગરિકો પોતાના વિચારો રજૂ કરી શકે છે તથા સરકારના સુશાસનને યોગ્ય રીતે આગળ ધપાવવા માટે મદદ પણ કરી શકે છે.

### ❖ ગીતા ગોપીનાથ IMFની 'વોલ ઓફ પૂર્વ ચીફ અર્થશાસ્ત્રી' પર સ્થાન મેળવનાર પ્રથમ મહિલા

- ✓ ગીતા ગોપીનાથ IMFની 'વોલ ઓફ પૂર્વચીફ અર્થશાસ્ત્રી' પર સ્થાન મેળવનાર પ્રથમ મહિલા અને બીજી ભારતીય વ્યક્તિ બન્યાં.
- ✓ આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય રઘુરામ રાજન હતા જેઓ 2003 અને 2006 વચ્ચે IMFના મુખ્ય અર્થશાસ્ત્રી અને સંશોધન નિયામક હતા.
- ✓ ગોપીનાથને ઓક્ટોબર 2018માં IMF (ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ)ના મુખ્ય અર્થશાસ્ત્રી નિયુક્ત કરવામાં આવ્યાં હતાં અને બાદમાં ડિસેમ્બરમાં તેમને IMFના પ્રથમ ડેપ્યુટીમેનેજિંગ ડિરેક્ટર તરીકે બઢતી આપવામાં આવી હતી.
- ✓ વોલઓફ પૂર્વ ચીફ અર્થશાસ્ત્રીમાં ભૂતપૂર્વ મુખ્ય અર્થશાસ્ત્રીઓ જેમણે IMFમાં સેવા આપી હતી તેમના ફોટોગ્રાફને એક દિવાલ પર પ્રદર્શિત કરવામાં આવે છે.

### ❖ બોરિસ જોનસને બ્રિટનના વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું

- ✓ બોરિસ જોનસને બ્રિટનના વડાપ્રધાન પદેથી રાજીનામું આપ્યું.
- ✓ બ્રિટિશ વડાપ્રધાન તરીકે ત્રણ વર્ષના કાર્યકાળ બાદ તેઓએ રાજીનામું આપ્યું.
- ✓ ત્રણ કેબિનેટ સભ્યો સહિત 40થી વધુ મંત્રીઓ અને સહયોગીઓએ રાજીનામાની માંગ કરતાં જોનસને તાત્કાલિક રાજીનામું આપવું પડ્યું.

### ❖ ભારતમાં કુપોષિત લોકોની સંખ્યા ઘટીને 224.3 મિલિયન

- ✓ ભારતમાં કુપોષિત લોકોની સંખ્યા ઘટીને 224.3 મિલિયન થઈ હોવાનો સંયુકત રાષ્ટ્રનો રિપોર્ટ.
- ✓ રિપોર્ટ અનુસાર ભારતમાં છેલ્લા 15 વર્ષ બાદ 2019-21માં આ સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો.
- ✓ ધ સ્ટેટ ઓફ ફૂડ સિક્યોરિટી એન્ડ ન્યુટ્રીશન ઈન ધ વર્લ્ડ 2022ના રિપોર્ટ અનુસાર વૈશ્વિક સ્તરે ભૂખથી પ્રભાવિત લોકોની સંખ્યા 2021માં વધીને 828 મિલિયન થઈ.
- ✓ ભારતમાં મોટાપાથી પીડાતા લોકોની સંખ્યા 2016માં વધીને 34.3 મિલિયન થઈ જે 2012માં તે 25.2 મિલિયન હતી.

### ❖ અખિલ ભારતીય શિક્ષા સમાગમનું ઉદ્ઘાટન કરાયું

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વારાણસીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) સાથે સંલગ્ન અખિલ ભારતીય શિક્ષા સમાગમનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ આ કાર્યક્રમમાં શિક્ષણવિદો તથા નીતિ નિર્માતાઓને NEP 2022ના પ્રભાવી અમલીકરણ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી.
- ✓ આ કાર્યક્રમ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા રૂદ્રાક્ષ નામના આંતરરાષ્ટ્રીય સલાહકાર અને સંમેલન કેન્દ્રમાં આયોજિત કરાયું હતું.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ IIT ખડગપુરે ફાસ્ટ ચાર્જિંગ સોડિયમ-આયન બેટરી વિકસિત કરી.
- ✓ કેરળ વન અને વન્યજીવ વિભાગે સાઉથ ઇન્ડિયન બેંક સાથે કરારો કર્યા.
- ✓ PNBએ ભારતીય વાયુ સેનાના સૈનિક માટે PNB રક્ષક પ્લસ વીમા યોજના અમલમાં મૂકી.
- ✓ ખાર રોડ રેલવે સ્ટેશનથી બાંદ્રા ટર્મિનલ સુધી પશ્ચિમ રેલવેએ 314 મીટર લાંબો અને 4.4 મીટર પહોળો સૌથી લાંબો સ્કાઈવોક તૈયાર કર્યો.
- ✓ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સૌથી મોટા શોપિંગ ફેસ્ટિવલની જાહેરાત કરી.
- ✓ સાક્ષી મલિકે પ્રાથના બત્રાના પ્રથમ પુસ્તક 'ગ્રેટીંગ ધ બ્રેંડ : ધ જેન-Z વે ટૂ સકસેસ'નું વિમોચન કર્યું.
- ✓ નોકિયાએ નોકિયા સેન્ટર ઓફ એક્સીલેન્સની સ્થાપના માટે IISC બેંગલુરુ સાથે સમજૂતી કરી.
- ✓ વડાપ્રધાન મોદીએ વારાણસીમાં અક્ષયપાત્ર કિચનનું ઉદ્ઘાટન કર્યું. જેમાં શાળાએ જતા 1 લાખ બાળકો માટે મિડ-ડે-મિલ બનાવી શકાશે.

## 9 જુલાઈ

### ❖ ડેન્ગ્યૂ, ચિકુનગુનિયાને નિયંત્રિત કરતા વિશેષ મચ્છરનો વિકાસ

- ✓ ડેન્ગ્યૂ અને ચિકનગુનિયાને નિયંત્રિત કરવા માટે ICMR-VCRC (વેક્ટર કન્ટ્રોલ રિસર્ચ સેન્ટર)એ વિશેષ માદા મચ્છર વિકસિત કર્યો જે નર સાથે સંભોગ બાદ વાયરસ વિહિન લાર્વા પેદા કરશે.
- ✓ એડીસ ઈજિપ્તની બે રચના વિકસિત કરવામાં આવી છે જે વાયરલ બિમારીને પ્રસરતી અટકાવતા WMEL અને WAlbB વલ્બાચિયા સ્ટ્રેનને સંક્રમિત કરે છે જેને એડીસ ઈજિપ્ત PUD કહેવાય છે.

### ❖ સ્વનિધિ મહોત્સવ

- ✓ આવાસ અને શહેરી કાર્યોના મંત્રી હરદીપ પુરીએ નવી દિલ્હી ખાતે આ મહોત્સવનો શુભારંભ કર્યો.
- ✓ આ મહોત્સવ 'PM સ્વનિધિ' યોજનાની સફળતાનો જશ્ન મનાવવા માટેનો એક સાંસ્કૃતિક ઉત્સવ છે.
- ✓ વડાપ્રધાન સ્ટ્રીટ વેન્ડર આત્મનિર્ભર નિધિ - PM સ્વનિધિ યોજના 1 જૂન, 2020ના સ્ટ્રીટ વેન્ડર્સને નાણાકીય સુવિધાઓ આપવા માટે અમલમાં મૂકાઈ હતી.

### ❖ સ્ટેચ્યુ ઓફ પીસનું શ્રીનગર ખાતે અનાવરણ કરાયું

- ✓ ગૃહ મંત્રી અમિત શાહે શ્રીનગરમાં સ્વામી રામાનુજાચાર્યની 'સ્ટેચ્યુ ઓફ પીસ'નું અનાવરણ કર્યું.
- ✓ રામનુજાચાર્ય વૈદિક દાર્શનિક અને સમાજ સુધારક તરીકે પ્રતિષ્ઠિત છે.
- ✓ તેમણે ભક્તિ આંદોલનને પુનર્જીવિત કર્યું અને ભક્તિવિચાર ધારાથી લોકોને પ્રેરિત કર્યાં.
- ✓ તેમણે અન્નામાચાર્ય, ભક્ત રામદાસ, કબીર અને મીરાબાઈમાંથી પ્રેરણા લીધી હતી.

### ❖ 'મિશન કુશલ કર્મી' કાર્યક્રમ

- ✓ દિલ્હી સરકારે શ્રમિકોના કૌશલ્ય વિકાસ માટે આ કાર્યક્રમ જાહેર કર્યો. જે દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ જાહેર કર્યો.
- ✓ કાર્યક્રમ અંતર્ગત દિલ્હી સરકાર એક વર્ષમાં 2 લાખ શ્રમિકોને પ્રશિક્ષિત કરશે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ક્રિકેટના ઇતિહાસના સતત 13 T20 મેચ જીતનાર રોહિત શર્મા પ્રથમ કેપ્ટન બન્યો.
- ✓ GST પરિષદે હરિયાણાના ઉપમુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાની અધ્યક્ષતામાં GST અપીલીય ન્યાયાધીકરણ પેનલની રચના કરી.
- ✓ કેન્દ્રીય મંત્રી પુરુષોતમ રૂપાલાએ દિલ્હીમાં પ્રથમ 'પશુ સ્વાસ્થ્ય શિખર સંમેલન' 2022 નું ઉદ્ઘાટન કર્યું.
- ✓ અકાસા એયરલાયન્સને DGCAએ એર ઓપરેટરનું સર્ટીફિકેટ આપ્યું.
- ✓ OPECના મહાસચિવ મોહમ્મદ બરકિંડોનું નિધન થયું.

## 10 જુલાઈ

### ❖ વડાપ્રધાન મોદી 'અરૂણ જેટલી મેમોરિયલ લેક્ચર'માં સામેલ થયા

- ✓ વડાપ્રધાન મોદીએ નવી દિલ્હીમાં શ્રી થરમન શરમુગરત્નમ - વરિષ્ઠ મંત્રી, સિંગાપુર દ્વારા આયોજિત અરૂણ જેટલી મેમોરિયલ લેક્ચરમાં ભાગ લીધો.
- ✓ આ કાર્યક્રમમાં નાણા મંત્રાલયમાં રાષ્ટ્ર માટેના અરૂણ જેટલીના અમૂલ્ય યોગદાનને બિરદાવવા માટેની ચર્ચાઓ કરવામાં આવી.

### ❖ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને પંચાયતી રાજ મંત્રાલયે કરારો કર્યા

- ✓ ભારતમાં TB રોગની નાબૂદી માટે આ કરારો કરવામાં આવ્યા છે.
- ✓ 2025 સુધીમાં ભારતમાંથી TBને નાબૂદ કરવાના વડાપ્રધાન મોદીના લક્ષ્યાંક સુધી પહોંચવા માટે બંને મંત્રાલયો ચર્ચા વિચારણાઓ કરશે.

✓ આ MOUમાં પંચાયતી રાજ મંત્રાલય વતી આર્થિક સલાહકાર ડૉ. બિજય કુમાર બેહેરા અને આરોગ્ય મંત્રાલય વતી સંયુક્ત સચિવ ડો. પી. અશોક બાબુએ હસ્તાક્ષર કર્યા.

### ❖ સ્ટેટ સ્ટાર્ટ અપ રેન્કિંગ-2021

✓ ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઇન્ટરનલ ટ્રેડ (DPIIT)એ રાજયોના સ્ટાર્ટ અપ રેન્કિંગની ત્રીજી આવૃત્તિ જાહેર કરી.

✓ આ યાદીમાં ગુજરાત અને કર્ણાટક શ્રેષ્ઠ પ્રદર્શન કરનારાં રાજયો બન્યાં.

✓ ઉત્તર પૂર્વીય રાજ્યોમાં મેઘાલય તથા કેન્દ્રશાસિત પ્રદેશો અને નાના રાજ્યોમાં દિલ્હી ટોચના સ્થાને રહ્યું.

✓ કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે 16 જાન્યુઆરીને સ્ટાર્ટ અપ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

✓ વિશ્વ લેવલે ભારત સ્ટાર્ટઅપની બાબતમાં ત્રીજા સ્થાને છે.

### ❖ એનાલોગ ચિપસેટ - આર્યભટ્ટ-1

✓ IISC બેંગલુરુના સંશોધકોએ નેક્સ્ટ જનરેશન એનાલોગ ચિપસેટ્સનું પ્રોટોટાઈપ વિકસાવ્યું.

✓ ARYBHAT - Analog Reconfigurable technology and bias-seaable Hardware for A1 TASK.

✓ આ ચીપ વિવિધ ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટમાં વપરાતા ડિજિટલ પ્રોસેસરની તુલનામાં ઝડપથી કામ કરી શકે છે તથા ઓછી ઊર્જાનો ઉપયોગ કરે છે.

### ❖ પ્લાસ્ટિકના વૈકલ્પિક ઉત્પાદનો અને તેના સંશોધનો પર નીતિ આયોગનો રિપોર્ટ

✓ નીતિ આયોગ દ્વારા ગઠિત થયેલા એક સમિતિમાં પ્લાસ્ટિકના વિકલ્પ અથવા પ્લાસ્ટિકના નાશ કરવા અંગેનાં ટેકનિકલ સંશોધનો માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો.

✓ નીતિ આયોગના રિપોર્ટ મુજબ દર વર્ષે અંદાજે 34.7 લાખ ટન પ્લાસ્ટિક કચરાનું ઉત્પાદન કરે છે જેમાંથી 60% જ રિસાયકલ માટે ભેગું થાય છે.

✓ આ નવા રિપોર્ટમાં બાયોપ્લાસ્ટિક, બાયોડીગ્રેડેબલ પ્લાસ્ટિક, કમ્પો સ્ટેબલ પ્લાસ્ટિક અને ઓક્સો-ડીગ્રેડેબલ પ્લાસ્ટિકની વ્યાખ્યા કરવામાં આવી જે નીચે મુજબ રહી.

**(A)** **Bio Plastic** - બાયો પ્લાસ્ટીકમાં બાયો ડિગ્રેડેબેલ વસ્તુઓનો સમાવેશ થાય છે જે રિન્યુબલ બાયોમાંસમાંથી બનાવવામાં આવે છે.

**(B) Bio-degradable plastic** - આ પ્લાસ્ટિકને જૈવિક પ્રક્રિયાઓ દ્વારા સંપૂર્ણ નાશ કરી શકાય છે.

**(C)** **Compostable Plastic** - આ પ્લાસ્ટિકમાં કમ્પોસ્ટ દરમિયાન સતત કાર્બન ડાયોક્સાઈડ અને અન્ય ઘટકો ઉત્સર્જિત થાય છે તથા તેમાં પેટ્રો આધારિત પ્લાસ્ટિકનો સમાવેશ થતો નથી.

**(D) <u>Oxo-degradable plastic</u>** - આ પોલીએથીલીન( PE) જેવું પ્લાસ્ટિક છે જેને નાના ટુકડામાં વિભાજિત કરી શકાય છે અને માઈક્રો પ્લાસ્ટિક બનાવી શકાય છે 5 MM સુધીના પ્લાસ્ટિકના કણોને માઈક્રોપ્લાસ્ટિક કહેવાય છે.

## ❖ જાપાનના પૂર્વ PM શિન્જો આબેની હત્યા

- ✓ જાપાનના પૂર્વ PM શિન્જો આબેની યામાગામી તેત્સુયાએ ચૂંટણી સભા સંબોધતી વખતે ગોળી મારી હત્યા કરી.
- ✓ આબેએ એક સ્ટીલ કંપનીમાંથી પોતાની કારકિર્દી શરૂ કરી અને રાજકારણમાં પ્રવેશી જાપાનના વડાપ્રધાન બન્યા હતા.
- ✓ ભારત સરકારે આબેને દેશનું બીજું સર્વોચ્ચ નાગરિક સન્માન 25 જાન્યુઆરી 2021ના રોજ પદ્મ વિભૂષણ એનાયત કર્યું.
- ✓ આબે 1993માં તેમના પિતાના નિધન બાદ ચૂંટણી લડ્યા અને યામાગુશીના સીટ પરથી સાંસદ બન્યા હતા.
- ✓ વર્ષ 2006માં લિબરલ ડેમોક્રેટિક પાર્ટીના આબેને વડાપ્રધાન પદ પર નિયુક્ત કરાયા ત્યારે તેઓની ઉંમર 52 વર્ષ હતી (સૌથી નાની વયના PM).
- ✓ વર્ષ 2020 સુધી તેઓ PM રહ્યા બાદ બિમારીના કારણે  તેમણે રાજીનામું આપ્યું.
- ✓ આબે પ્રથમ વાર 12 ડિસે. 2015ના રોજ ભારત મુલાકાતે આવ્યા અને વારણસી ખાતે દશાશ્વમેઘ ઘાટ પરથી ગંગા પૂજા કરી પ્રભાવિત થયા હતા.
- ✓ આબેએ જાપાનની આર્થિક નીતિને નવો શબ્દ 'આબેનોમિક્સ' આપી દેશના અર્થતંત્રને વેગીલું બનાવ્યું અને તેના જ આધારે ભારતના PMએ આર્થિક નીતિઓને 'મોદીનોમિક્સ' નામ આપ્યું.
- ✓ વર્ષ 2007માં તેમણે યુવાનોમાં દેશ પ્રત્યેના પ્રેમભાવને પ્રગટ કરવા માટેનું 'લવ ફોર કન્ટ્રી' નામનું બિલ પાસ કર્યું હતું.

આબેની વ્યક્તિગત માહિતી

- જન્મ : 21 સપ્ટેમ્બર,1954

- જન્મ સ્થળ : ટોક્યો

- મૂળ રહેવાસી : યામાંગુચી પ્રાંત

- પિતા : શિન્ટારો

- દાદા : કોણ આબે. જાપાનના પૂર્વ PM. કોણ આબે વિસ્કાઉટ યોશિમાં ઈમ્પિરિયલ જાપાની સેનાના જનરલ હતા.

- માતા : યોકોકિશી (પૂર્વ જાપાન PM - નોબુસેકુ કીશીની પુત્રી)

- અભ્યાસ : સાઈકેક યુનિવર્સિટીઓસકાથી રાજનીતિ શાસ્ત્રમાં ગ્રેજ્યુએટ

❖ **ફર્ડીનાન્ડ માર્કોસ જુનિયર ફિલિપાઈન્સના 17મા રાષ્ટ્રપતિ**

- ✓ સરમુખત્યાર ફર્ડીનાન્ડ માર્કોસ સિનિયરના પુત્ર ફર્ડીનાન્ડ માર્કોસ જુનિયરે ચૂંટણી જીતતાં ફિલિપાઈન્સના 17મા રાષ્ટ્રપતિ બન્યા.
- ✓ તેમણે મનીલાના નેશનલ મ્યુઝિયમ ઓફ ફાઈન આર્ટસમાં સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એલેકઝાન્ડર ગેસમન્ડો સમક્ષ શપથ લીધા.
- ✓ માર્કોસ જુનિયર દેશમાં 'બોંગબોંગ' તરીકે ઓળખાય છે.

❖ **10 જુલાઈ: National Fish Farmer's Day (રાષ્ટ્રીય માછીમાર દિવસ)**

- ✓ રાષ્ટ્રીય મત્સ્યોધોગ વિકાસ બોર્ડ, મત્સ્યોધોગ, પશુપાલન અને ડેરી વિભાગ મંત્રાલય આ દિવસની ઉજવણી કરે છે.
- ✓ આ દિવસ સમગ્ર દેશમાં માછીમારોના હિતોને રક્ષણ આપવા માટે ઉજવાય છે.
- ✓ વર્ષ 2022માં આ 65મો દિવસ ઉજવાઈ રહ્યો છે.
- ✓ આ દિવસ 10 જુલાઈ, 1957ના રોજ ઓડિશાના અંગુલ ખાતે દેશમાં પ્રથમ વખત મુખ્ય કાટર્સના સફળ પ્રેરિત સંવર્ધનને હાંસલ કરવાની યાદમાં મનાવાય છે.
- ✓ ભારતમાં ભૂરી ક્રાંતિ દ્વારા આર્થિક ક્રાંતિ લાવવા 2020માં વડાપ્રધાને 'પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા' (PMMSY) શરૂ કરી જેનો ઉદ્દેશ્ય 2024-25માં વર્તમાન 13.76 MMTમાંથી 22 MMT માછલી ઉત્પાદન કરવાનો છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ટેસ્લાના CEO એલન મસ્કે ટ્વિટર ખરીદવાનો સોદો રદ કર્યો.
- ✓ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજન્સ યુનિટના ગ્લોબલ લિવબિલિટી ઈન્ડેક્સ 2022માં વિયેના પ્રથમ અને કોપ નહેગન બીજા ક્રમે રહ્યું જયારે ભારતમાં દિલ્હી 140મા, મુંબઈ 141મા, ચેન્નઈ 142મા અને અમદાવાદ 143મા ક્રમે છે. સૌથી ઓછું રહેવા યોગ્ય શહેર બેંગલુરુ 146મા ક્રમે રહ્યું.
- ✓ એશિયા કપ 2022ની ક્રિકેટ ટુનાર્મેન્ટની 15મી આવૃત્તિ શ્રીલંકામાં આયોજિત થશે.
- ✓ યુનાઇટેડ કિંગડમના પ્રધાન બોરિસ જોન્સન સાથે મૂળ ભારતીય ઋષિ સુનકે નાણા મંત્રી પદેથી રાજીનામું આપ્યું.

સરકારી નોકરીની તૈયારી માટે
76000 51070
ડાઉનલોડ કરો ગુજરાતની નં.1 એપ
CRACK GPSC
● અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

**કોઈપણ પરીક્ષા માટે આ બુક્સ વાંચવાનું ન ચૂકશો....**

**UPSC, GPSC ક્લાસ 1, 2, 3 લેવલની બુક્સ**

- એક બુક બધી પરીક્ષાઓ કન્સેપ્ટ મુજબ કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી,
- પોતાની નોટ્રસ ઉપરાંત, NCERT, નેશનલ લેવલની બુક્સ અને પરીક્ષાઓને ધ્યાને રાખીને એમ. કે. પ્રજાપતિ (ડેપ્યુટી કલેક્ટર) દ્વારા વિદ્યાર્થીઓ માટે ફ્રી લખવામાં આવેલ,
- ઓછા સમયમાં વધુ સારી અને ઊંડાણપૂર્વક તૈયારી માટે,
- નવી પરીક્ષા પદ્ધતિ મુજબના ફેરફાર સાથેની ઈતિહાસ માટેની બેસ્ટ બુક્સ:

1. **ફાસ્ટ ટ્રેક ભારતનો ઈતિહાસ, 2. ભારતનો ઈતિહાસ, 3. આધુનિક ભારતનો ઈતિહાસ.**

## 11 જુલાઇ

### ❖ 'સ્વાધીનતા સંગ્રામના સુરવીરો' પુસ્તકનું વિમોચન

- ✓ કેન્દ્રીય વિદેશ અને સંસ્કૃતિ રાજ્ય મંત્રી મીનાક્ષી લેખીએ આ ગુજરાતી ભાષામાં લખાયેલા પુસ્તકનું વિમોચન કર્યું.
- ✓ આ પુસ્તક 75 સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનની વાતોને ઉજાગર કરે છે. તથા આઝાદીના 75 વર્ષના ઉત્સવ 'સ્વાધીનતાના અમૃત મહોત્સવ'નો પણ એક ભાગ છે.

### ❖ 'ખારચી મહોત્સવ' - ત્રિપુરા

- ✓ સદીઓથી ચાલ્યા આવતા સાત દિવસીય 'ખારચી પૂજા' મહોત્સવનો ત્રિપુરા ખાતે પ્રારંભ થયો.
- ✓ દર વર્ષે આયોજિત થતો આ મહોત્સવ નશ્વર આત્માઓના પાપ શુદ્ધીકરણ માટે મનાવાય છે.
- ✓ આ આયોજનમાં 14 દેવતા - શિવ, દુર્ગા, વિષ્ણુ, લક્ષ્મી, સરસ્વતી, કાર્તિક, ગણેશ, બ્રહ્મા, અવધી (જળદેવતા), ચંદ્ર, ગંગા, અગ્નિ, કામદેવ અને હિમાદ્રી (હિમાલય)ની વિશેષ પૂજા થાય છે.

### ❖ રાનિલ વિક્રમસિંઘે શ્રીલંકાના વડાપ્રધાન પદ પરથી રાજીનામું આપ્યું

- ✓ શ્રીલંકામાં હાલ ચાલી રહેલ ઇંધણની તીવ્ર અછત તથા આર્થિક સંકટના પગલે લોકોએ રસ્તા પર ઉતરી સરકારનો વિરોધ કર્યો જેના કરણે વડાપ્રધાએ રાજીનામું આપવું પડ્યું.
- ✓ શ્રીલંકાના રાષ્ટ્રપતિ - ગોટલાયા રાજપક્ષે

- ✓ શ્રીલંકાની રાજધાની - કોલંબો
- ✓ શ્રીલંકા ભાષા - સિંહાલી
- ✓ શ્રીલંકાની કરન્સી - શ્રીલંકન રૂપી

❖ **11 જુલાઈ: World Population Day (વિશ્વ જનસંખ્યા દિવસ)**

- ✓ સામાન્ય લોકોમાં વધતી જતી જનસંખ્યાના પરિણામો બાબતે જાગૃતતા લાવવા માટે દર વર્ષે આ દિવસ મનાવાય છે.
- ✓ 1989માં સયુંકત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમ દ્વારા આ દિવસની જાહેરાત કરાઈ હતી.
- ✓ 2022ની થીમ - અ વર્લ્ડ ઓફ 8 બિલિયન : ટુવાર્ડસ અ રેસિલિએન્ટ ફ્યૂચર ફોર ઓલ-હાર્નેસિંગ અપોર્ચ્યુંનિટીઝ એન્ડ એન્શ્યોરિંગ રાઈટ્સ એન્ડ ચોઈસિઝ ફોર ઓલ.

❖ **GODI-LI-ION બેટરી માટે BIS પ્રમાણપત્ર પ્રાપ્ત કરનાર પ્રથમ ભારતીય કંપની બની**

- ✓ હૈદરાબાદ સ્થિત GODI ઇન્ડિયા ઘરગથ્થુ ટેકનિકના ઉપયોગમાં આવતી LI-ION બેટરીનું ઉત્પાદન કરે છે.
- ✓ પ્રમાણપત્ર માટે સેલનું ગુણવત્તા પરીક્ષણ થર્ડ પાર્ટી કંપની TUVએ કર્યું.
- ✓ GODI 2024 સુધીમાં ભારતમાં બેટરી સેલના નિર્માણ માટે 1 ગીગા-ફેક્ટ્રી સ્થાપિત કરશે.
- ✓ GODI ઇન્ડિયાના સંસ્થાપક અને CEO - મહેશ ગોદી.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ હેપ્પીયેસ્ટ માઇન્ડસ ટેકનોલોજીસના સંસ્થાપક અને કાર્યકારી અધ્યક્ષ અશોક સૂતાને CII ગુણવત્તા રત્ન પુરસ્કાર 2021થી સન્માનિત કરાયા.
- ✓ ઉત્તરપ્રદેશ 13 એક્સપ્રેસ વે ધરાવતું પ્રથમ રાજ્ય બન્યું. આ 13માંથી 6 વે ચાલુ છે જયારે બાકીના નિર્માણાધીન છે.
- ✓ આર. કે. ગુપ્તા નાયબ ચૂંટણી કમિશનર તરીકે પસંદ. તેઓ ટી. શ્રીકાંતનું સ્થાન લેશે.
- ✓ ગુજરાત 27 સપ્ટેમ્બરથી 10 ઓકટોબર સુધી 36મા રાષ્ટ્રીય રમતોની મેજબાની કરશે.
- ✓ રક્ષા મંત્રી રાજનાથ સિંહે દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ભારતની પ્રથમ આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સ ઈન ડિફેન્સ' (AIDEF) વાર્તાલાપ અને પ્રદર્શનનો શુભારંભ કર્યો.
- ✓ એલિના રિબાકિનાએ વિમ્બલડન મહિલા એક્લનો ખિતાબ તથા નોવાક જોકોવિચે પુરુષ એક્લનો ખિતાબ જીત્યો.

**12 જુલાઈ**

❖ **NMAએ 2 સ્થળોને રાષ્ટ્રીય મહત્વના સ્મારક તરીકે જાહેર કરવામાં અરજી કરી**

- ✓ NMA (રાષ્ટ્રીય સ્મારક પ્રાધીકરણ)એ બી. આર. આંબેડકર સાથે જોડાયેલાં 2 સ્થળોને રાષ્ટ્રીય સ્મારક ઘોષિત કરવાની માંગ કરી.
- ✓ આ બે સ્થળો છે - 1. વડોદરાનું સંકલ્પ ભૂમિ વડના વૃક્ષનું પરિષર જ્યાં ડો. આંબેડકરે 1917માં અસ્પૃશ્યતા નિવારવા સંકલ્પ કર્યો અને 2. મહારાષ્ટ્રના સતારામાં પ્રતાપરાવ ભોસલે હાઇસ્કુલ જ્યાં ડો. આંબેડકરે પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું.

### ❖ જાનવી ડાંગેતી AATCની સૌથી નાની ઉંમરની એનાલોગ અંતરીક્ષયાત્રી બની

- ✓ AATC (Analog Astronaut Training Center) ખાતે ઓગણીસ વર્ષીય જાનવી ડાંગેતીએ દક્ષિણ પોલેન્ડના ક્રાકો ખાતેના આ સેન્ટરમાં સૌથી નાની વયે પ્રવેશ મેળવી ઈતિહાસ રચ્યો.
- ✓ સમગ્ર કાર્યક્રમ માટે 6 વ્યક્તિઓને પસંદ કરાયા છે જેમણે જૂન 2022માં AATC ખાતે 2 સપ્તાહનું શિક્ષણ પૂર્ણ કર્યું.
- ✓ AATC એ એક એજન્સી છે જે સ્પેસફ્લાઇટ વૈજ્ઞાનિકોના અધ્યયન માટે સ્થાપિત કરવામાં આવી છે.

### ❖ જૂન 2022માં બેરોજગારીનો દર વધીને 7.8%

- ✓ 13 મિલિયન નોકરીઓના નુકશાન સાથે દેશમાં જૂન 2022માં બેરોજગારીનો દર 7.8% વધ્યો જેમાં સૌથી વધુ અસર કૃષિ ક્ષેત્રને થઈ.
- ✓ આ રિપોર્ટ થિંકટેંક સેન્ટર ફોર મોનીટરીંગ ઇન્ડિયન ઇકોનોમી (CMIE) દ્વારા જાહેર કરાયો.
- ✓ બેરોજગારીનો સૌથી વધુ દર હરિયાણામાં 30.6% જોવા મળ્યો. ત્યારબાદ રાજસ્થાનમાં 29.8%, આસામમાં 17.2%, જમ્મુ અને કાશ્મીરમાં 17.2% તથા બિહારમાં 14% જોવા મળ્યો.

### ❖ આબાદીમાં ભારત ચીનથી આગળ નીકળી શકવાનો દાવો કરતો UNનો રિપોર્ટ

- ✓ સંયુકત રાષ્ટ્રના એક રિપોર્ટ અનુસાર ભારત 2023માં પૃથ્વી પર સૌથી વધુ આબાદી ધરાવતો દેશ બની ચીનને પાછળ છોડી શકે છે.
- ✓ UNના આર્થિક અને સામાજિક બાબતોના વિભાગે જનસંખ્યા વિભાગ દ્વારા જાહેર વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટસ 2022ના અનુસાર આપેલ વિગતો મુજબ વૈશ્વિક જનસંખ્યા નવેમ્બર 2022 સુધીમાં 8 બિલિયન 2030 સુધીમાં 8.5 બિલિયન અને 2050 સુધીમાં 9.7 બિલિયન સુધી પહોંચી શકે.
- ✓ રિપોર્ટ મુજબ 1950 બાદ જનસંખ્યામાં વૈશ્વિક વધારાની ઝડપ ઘટી રહી છે.

### ❖ સંસદ ભવનની છત પર રાષ્ટ્રીય પ્રતીકનું અનાવરણ

- ✓ વડાપ્રધાન મોદીએ સંસદ ભવનની છત પર રાષ્ટ્રીય પ્રતીકનું અનાવરણ કર્યું.
- ✓ આ પ્રતીક કાંસ્યમાંથી બનાવાયું છે તથા તેનું કુલ વજન 9500 kg અને ઉંચાઇ 6.5 મીટર છે.

- ✓ આ પ્રતીક નવા સંસદ ભવનના સેન્ટ્રલ ફોટારના છત પર સ્થાપિત કરાયું છે.
- ✓ પ્રતીકને આધાર આપવા માટે 6500 કિગ્રા વજનની સ્ટીલની સહાયક રચના પણ બનાવવામાં આવી છે.

### ❖ RBIનો બેન્ચમાર્ક ઈન્ડિયા પેમેન્ટ સિસ્ટમ પરનો રિપોર્ટ

- ✓ RBIએ આ રિપોર્ટમાં ડિજિટલ પેમેન્ટમાં થયેલા વધારા અંગેની માહિતી આપી છે.
- ✓ ડિજિટલ પેમેન્ટમાં વધારાની દ્રષ્ટિએ ભારત વિશ્વમાં બીજા ક્રમે છે.
- ✓ વર્ષ 2017થી 2020 દરમિયાન 21%નો વધારો જોવા મળ્યો જયારે સાઉદી અરેબિયામાં 26%નો વધારો જોવા મળ્યો છે.
- ✓ વૈશ્વિક દ્રષ્ટિએ ATMની સંખ્યામાં ભારત ત્રીજા ક્રમે છે. વર્ષ 2020માં 1 વર્ષમાં 1 ATMનો સરેરાશ 5800 લોકોએ ઉપયોગ કર્યો.
- ✓ ભારત ક્રેડિટ કાર્ડની સંખ્યામાં 6 કરોડ 4 લાખ સંખ્યા સાથે અમેરિકા, બ્રાઝિલ, તુર્કી, કેનેડા, કોરિયા અને ચીન પછી સાતમા ક્રમે છે.
- ✓ ભારત ડેબિટ કાર્ડની સંખ્યામાં 8 કરોડ 68 લાખ સાથે ચીન બાદ બીજા ક્રમે છે.

### ❖ World Peace Forum (વિશ્વ શાંતિ મંચ) 2022નું આયોજન

- ✓ બેઈજિંગમાં સિંધુઆ યુનિવર્સિટી ખાતે વિશ્વ શાંતિ મંચ 2022ની દસમી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું.
- ✓ આ બેઠકમાં BRICSની પેનલ પણ હાજર રહી ચીનમાં ભારતના રાજદૂત પ્રદીપકુમાર રાવતે આ ચર્ચામાં ભાગ લીધો.
- ✓ આ બેઠકની થીમ - પ્રિઝર્વિંગ ઇન્ટરનેશનલ સ્ટેબિલિટી : કોમનાલિટી, કોમ્પ્રીહેન્સિવનેસ એન્ડ કો ઑપરેશન રાખવામાં આવી.

### ❖ 12 જુલાઈ: આંતરરાષ્ટ્રીય મલાલા દિવસ

- ✓ આ દિવસ યુવા કાર્યકર્તા મલાલા યૂસુફ્જઇના જન્મદિવસના અવસર પર મનાવવામાં આવે છે.
- ✓ 12 જુલાઈ, 2013ના રોજ 16 વર્ષીય પાકિસ્તાની કાર્યકર્તાએ સયુંકત રાષ્ટ્રના મુખ્યાલયમાં પોતાનું ભાષણ આપ્યું હતું.
- ✓ 1901માં અસ્તિત્વમાં આવ્યા બાદ નોબેલ શાંતિ પુરસ્કાર મેળવનાર મલાલા સૌથી નાની ઉંમરની વ્યક્તિ છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ સ્વદેશી વિમાનવાહક INS વિક્રાંતે સમુદ્રી પરિક્ષણની ચોથી આવૃત્તિ સફળતાપુર્વક પૂર્ણ કરી.

- ✓ અમિત શાહે જયપુર ખાતે ઉત્તરી ક્ષેત્રીય પરિષદની 30મી બેઠકની અધ્યક્ષતા કરી જેમાં રાજસ્થાન, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ અને ચંદીગઢ શામેલ છે.
- ✓ સમગ્ર ભારતમાં 727 શાખાઓના નેટવર્કથી વીમા ઉત્પાદનોને લોકો સુધી પહોંચાડવા માટે સિટી યુનિયન બેંક અને શ્રીરામ જનરલ ઇન્શ્યોરન્સે કરારો કર્યા.
- ✓ કેન્દ્રીય અંતરીક્ષ રાજ્ય મંત્રી જિતેન્દ્ર સિંહે IS4 OM (ISRO સિસ્ટમ ફોર સેફ એન્ડ સસ્ટેનેબલ સ્પેસ ઓપરેશન એન્ડ મેનેજમેન્ટ)નું ઉદ્ઘાટન કર્યું.
- ✓ UDANના ભાગ રૂપે વાયુ સેનાએ નવી દિલ્હીમાં IAF સેન્ટર ઓફ એક્સલેન્સ ફોર આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ ભૂવનેશ્વર કુમાર T20માં 500 ડોટ બોલ ફેંકનાર પ્રથમ બોલર બન્યો.
- ✓ જ્યોતિ સુરેખા વેન્ન્મ અને અભિષેક વર્માએ અમેરિકાના બર્મિંઘમમા 2022 વિશ્વ ખેલ (world games)માં કાંસ્ય પદક મેળવી ઈતિહાસ બનાવ્યો. તીરંદાજીમાં ભારતને મળેલા વિશ્વ ખેલોના આ પ્રથમ મેડલો છે.

## 13 જુલાઈ

### ❖ દ્વારકા એક્સપ્રેસ વે ભારતનો પ્રથમ ઓલિવેટેડ શહેરી રાજમાર્ગ બન્યો

- ✓ દ્વારકા એક્સપ્રેસ વે દિલ્હીના દ્વારકાથી હરિયાણાના ગુરુગ્રામને જોડશે.
- ✓ આ રાજમાર્ગ કુલ 29 kmની લંબાઇ સાથે 9000 કરોડના ખર્ચે બનાવાયો છે.
- ✓ આ રોડ નોર્દન પેરિફેરલ રોડના નામથી પણ ઓળખાશે.
- ✓ આ માર્ગ 2023માં અવરજવર માટે ખોલવામાં આવશે. જેનાથી દિલ્હી - ગુરુગ્રામ એક્સપ્રેસ વે પરનો ટ્રાફિક નિયંત્રિત કરી શકાશે.

### ❖ મુંબઈનું CSMT ઓગમેન્ટેડ રિયાલિટી ધરાવતું પ્રથમ સ્ટેશન બન્યું

- ✓ મુંબઈના CSMT (છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ) ખાતે આ ટેકનિક મૂકવામાં આવી.
- ✓ આ ટેકનિક સ્ટેશન પર યાત્રીઓ માટે સ્ક્રોલિંગ સ્ક્રિન તથા રેલવેની જાણકારી સાથે રીયલ-ટાઇમ ડિજીટલ સમય સારણી પ્રાપ્ત કરવાની સુવિધા આપશે.

### ❖ ‘પ્રસાર ભારતી’નો નવો લોગો અનાવરણીત

- ✓ I&B સચિવ અપૂર્વ ચંદ્રાએ ‘પ્રસાર ભારતી’નો નવો લોગો અનાવરણીત કર્યો.
- ✓ નવા લોગોમાં  ભારતનો નકશો મૂકવામાં આવ્યો છે. નકશામાંનાં તત્વો સામાન્ય માનસ માટે વિશ્વાસ, સુરક્ષા અને પૂર્ણતાની સેવા દર્શાવે છે.
- ✓ લોગોનો નીલો રંગ આકાશ અને સમુદ્રનું પ્રતિનિધિત્વ કરે છે જે સ્વતંત્રતા અને પ્રેરણા સાથે જોડાયેલ છે.

- ✓ પ્રસાર ભારતીના CEO - મયંક અગ્રવાલ.

**❖ ભારતીય ઈન્ટરનેટના જનક 'બી. કે. સિંઘલ'નું નિધન**

- ✓ VSNL (વિદેશ સંચાર નિગમ લિમિટેડ)ના પૂર્વ અધ્યક્ષ બૃજેન્દ્ર કે. સિંઘલનું નિધન થયું.
- ✓ તેમણે ઈન્ટરનેટ માટે આપેલા યોગદાન માટે 'ભારતીય ઈન્ટરનેટના જનક' તરીકે ઓળખાણ મેળવી.
- ✓ સિંઘલે 1991માં VSNLનો કાર્યભાર સંભાળવા માટે ઉપગ્રહ સંચાર કંપની ઇનમારસેટ છોડી હતી.
- ✓ તેમની દેખરેખમાં VSNLએ ભારતની ઈન્ટરનેટ સેવા શરૂ કરી અને તત્કાલીન સમયમાં વિશ્વની સૌથી મોટી ડીપોઝીટરી રસીદ જાહેર કરી હતી.

**❖ 13 જુલાઈ, 2022: ભાનુભક્ત આચાર્યની 209ની જયંતી મનાવાઈ**

- ✓ ભાનુભક્ત આચાર્ય પ્રસિદ્ધ નેપાળી કવિ હતા જેમણે નેપાળી ભાષાની આધારશિલા રાખવા બદલ 'આદિકવિ'ની ઉપમા મેળવી હતી.
- ✓ તેમણે સૌપ્રથમ વાર રામાયણનો સંસ્કૃતમાંથી નેપાળીમાં અનુવાદ કર્યો.
- ✓ તેમની જન્મ જયંતી 'ભાનુ જયંતી' તરીકે ઓળખાય છે અને તે નેપાળ, દાર્જિલિંગ, સિક્કિમના લોકો દ્વારા મનાવાય છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝારખંડ ખાતે 401 કરોડના ખર્ચે દેવધર એરપોર્ટનું ઉદઘાટન કર્યું.
- ✓ NASAએ જેમ્સ ટેલિસ્કોપ દ્વારા લેવાયેલ પ્રથમ પૂર્ણ રંગીન તસવીર જાહેર કરી.
- ✓ અર્જુન બબુતાએ દક્ષિણ કોરિયામાં ISSF વિશ્વ કપમાં 26.11ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ બ્રજેશ ઉપાધ્યાય ગોવા શિપયાર્ડ લિમિટેડના નવા પ્રમુખ બન્યા.
- ✓ મીના હેમચંદ્ર કુરુર વૈશ્ય બેંકના અંશકાલિન અધ્યક્ષ નિયુક્ત થયા.
- ✓ અંગોલાના પૂર્વ રાષ્ટ્રપતિ જોસ ડોસ સૈટોસનું નિધન થયું. તેમણે આફ્રિકાનું સૌથી લાંબુ ગૃહ યુદ્ધ લડયું અને આફ્રિકાને એક મુખ્ય તેલ ઉત્પાદક બનાવ્યું. અંગોલાના હાલના રાષ્ટ્રપતિ જોઆઓ લૌરેંકો છે.
- ✓ શ્યામા પ્રસાદ મુખર્જી રૂર્બન મિશનની ડેલ્ટા રેન્કિંગમાં જૂન 2022માં 76.19ના સ્કોર સાથે ઝારખંડ પ્રથમ સ્થાને રહ્યું. સ્થાનિક આર્થિક વિકાસને વેગ આપવા 2016માં આ મિશનની શરૂઆત કરવામાં આવી હતી.

**14 જુલાઈ**

❖ **ચીને પોતાની નવીનતમ સૌર વેધશાળા માટે વૈશ્વિક સ્તર પર નામકરણ કર્યું.**

- ✓ ચાઈનીઝ એકેડમી ઓફ સાયન્સ (CAS)એ દેશની આ પ્રકારની વેધશાળાનું નામકરણ કર્યું.
- ✓ 2022માં સૂર્ય સમકાલિક ઓર્બિટમાં આ સમગ્ર પ્રોજેક્ટ લોન્ચ કરાયો.
- ✓ 888 kgની વેધશાળામાં અડધા ટનના પ્રીકર્સર "Xihe", એક ચીની H-અલ્ફા સોલર એક્સપ્લોરર (CHASE) છે. જેનું નામ પ્રાચીન ચીની પૌરાણિક કથાઓમાં સૂર્યદેવીના નામ પરથી રખાયું છે.

❖ **વડાપ્રધાને રાષ્ટ્રીય શિક્ષુતા મેળાની શરૂઆત કરી**

- ✓ શિક્ષુતા મેળાની મેજબાની વિકાસ કૌશલ્ય અને ઉધમિતા મંત્રાલય દ્વારા કરાઈ.
- ✓ તેમાં 36 સેક્ટર અને 1000 થી વધુ કંપનીઓ અને 500 અલગ અલગ વેપારી પ્રવૃત્તિઓ સામેલ છે.
- ✓ મંત્રાલયે 200થી વધુ સ્થાનો પર આ કાર્યક્રમમાં મેજબાની કરી.

❖ **ભગવાની દેવીએ WMA ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મેડલ મેળવ્યો**

- ✓ 94 વર્ષીય ભગવાની દેવીએ ફિનલેન્ડમાં આયોજિત 2022 WMA (વિશ્વ માસ્ટર્સ એથલેટિક્સ ચેમ્પિયનશિપ)માં 100 મીટર સ્પ્રિંટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ તેમણે આ સ્પર્ધા 24.74 સેકન્ડમાં પૂરી કરી.
- ✓ વર્લ્ડ માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 35 વર્ષ અને અને તેનાથી વધુ ઉંમરના એથ્લીટો માટે આ સ્પર્ધા આયોજિત કરાઈ.

❖ **કૃષિ અને બાગાયતી મંત્રીઓના સંમેલનનું આયોજન કરાયું**

- ✓ રાજયના કૃષિ અને બાગાયત મંત્રીઓની આ બેઠકનું બેંગલુરુ ખાતે આયોજન થયું.
- ✓ આ સંમેલનમાં મુખ્ય કાર્યક્રમોમાં e-NAM પ્લેટફોર્મનો શુભારંભ કરાયો.
- ✓ આ પ્લેટફોર્મ ખેત ઉત્પાદનોને વિશેષ ભાવ મેળવવા માટે તથા ખેત ઉત્પાદનોને વધારવા અંગેની માહિતી અપાશે.

❖ **DCGIએ ભારતની પ્રથમ સ્વદેશી વિકસિત HPV વેક્સિનને મંજૂરી આપી**

- ✓ ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયા (DCGI)એ સર્વાઇકલ કેન્સર વિરુદ્ધ દેશની પ્રથમ સ્વદેશી વિકસિત HPV (હ્યુમન પૈપિલોમાં વાયરસ વેક્સિન)ને મંજૂરી આપી.
- ✓ આ વેક્સિન સીરમ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇન્ડિયાએ વિકસિત કરી.
- ✓ ભારતમાં ઉચ્ચ મૃત્યુ દર સાથે 15થી 44 વર્ષની ઉંમરની મહિલાઓમાં સર્વાઇકલ કેન્સર બીજા નંબરે થતો કેન્સરનો એક પ્રકાર છે.
- ✓ DCGI ના અધ્યક્ષ - ડો. વી. જી. સોમાણી.

❖ **નારાયણન કુમારને મળ્યો 'ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન' પુરસ્કાર**

- ✓ ચેન્નઈ સ્થિત સનમાર ગ્રુપના વાઈસ ચેરમેન નારાયણ કુમારને જાપાન સરકારે ઓર્ડર ઓફ ધ રાઈઝિંગ સન, ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર પુરસ્કાર આપ્યો.
- ✓ જાપાન અને ભારત વચ્ચેના આર્થિક સંબંધો મજબૂત કરવા માટે તેમણે આપેલા યોગદાન બદલ તેમને આ સન્માન અપાયું.
- ✓ નારાયણન કુમાર ઈંડો-જાપાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના અધ્યક્ષ પણ છે.

### ❖ પ્રથમ વાર I2U2 લીડર્સ વર્ચ્યુઅલ સમિટમાં વડાપ્રધાન મોદીએ ભાગ લીધો

- ✓ I2U2 (ભારત-ઇઝરાયેલ-UAE-USAની આ મિટિંગમાં મોદી ઉપરાંત ઇઝરાયેલના PM યાયર લાપિડ, UACના રાષ્ટ્રપતિ મોહમ્મદ બિન જાયદ અલનાહયાન અને અમેરિકાના રાષ્ટ્રપતિ જોસેફ બાયડને ભાગ લીધો.
- ✓ I2U2ની કલ્પના 18 ઓક્ટોબર, 2021ના આયોજિત ચાર દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં કરવામાં આવી હતી.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ઓલા ઇલેક્ટ્રિકે પ્રથમ સ્વદેશી લિથિયમ આયન સેલ - NMC 2170નું અનાવરણ કર્યું.
- ✓ અદાણી ગ્રુપે ગુજરાતમાં 5Gનું એકીકૃત લાયસન્સ આપવા DoT (ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન) પાસેથી LoI (લેટર ઓફ ઈન્ટેન્ટ) મેળવ્યો.
- ✓ પ્રસિદ્ધ સામાજિક કાર્યકર્તા અને પદ્મશ્રી પુરસ્કાર વિજેતા અવધેશ કૌશલનું નિધન.
- ✓ રાનિલ વિક્રમસિંઘ શ્રીલંકાના કાર્યકારી રાષ્ટ્રપતિ નિયુક્ત.
- ✓ આંધ્રપ્રદેશ સરકારે પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં ફરીથી સામેલ થવાનો નિર્ણય લીધો.
- ✓ ફ્રાન્સનો રાષ્ટ્રીય દિવસ-બાસિલ ડે 14 જુલાઈએ મનાવાય છે. 1789 બાસિલના સૈન્ય કિલ્લા પર થયેલા હુમલામાં ફ્રાંસિસી લૂઈ શાસકોના વિરોધમાં થયેલ જનક્રાંતિની યાદમાં આ દિવસ મનાવાય છે.

## 15 જુલાઈ

### ❖ PIMS સિસ્ટમ 1 ઓક્ટોબર, 2022થી લાગુ થશે

- ✓ PIMS - પેપર ઈમ્પોર્ટ મોનિટરિંગ સિસ્ટમ.
- ✓ PIMS અનુસાર આયાતકારોને કાગળોની આયાત સંબંધિત ઓનલાઈન જાણકારી આપવાની રહેશે અને તેના આધારે તેમનો એક રજીસ્ટ્રેશન નંબર જાહેર કરાશે.
- ✓ આ સમગ્ર સિસ્ટમ વિદેશ વેપાર મહાનિર્દેશાલય દ્વારા શરૂ કરવામાં આવી છે.

- ✓ આ સિસ્ટમમાં ન્યુઝપ્રિન્ટ, હેન્ડમેઈડ પેપર, ટીશ્યુ પેપર, ટોઇલેટ પેપર અને કાર્ટન જેવી પેપર પ્રોડક્ટ્સને આવરી લેવામાં આવશે.
- ✓ જયારે કરન્સી પેપર, બેંક બોન્ડ, ચેક પેપર અને સિક્યોરિટી પ્રિન્ટિંગ પેપરને આમાંથી બાકાત રખાયા છે.

### ❖ 'ધ મેકમોહન લાઈન : અ સેંચુરી ઓફ ડિસ્કોર્ડ' પુસ્તકનું વિમોચન

- ✓ અરૂણાચલ પ્રદેશના પૂર્વ રાજ્યપાલ અને પૂર્વ સેનાધ્યક્ષ જનરલ જે. જે. સિંહ (સેવાનિવૃત) દ્વારા આ પુસ્તક લખવામાં આવ્યું છે.
- ✓ પુસ્તક ભારત-ચીન સીમા બાદ વિવાદ પર પૂર્વ સેના અધ્યક્ષ તરીકેના અનુભવો અને શોધ પર આધારિત છે.

### ❖ ગુજરાતના વ્યક્તિમાંથી મળ્યું અનોખું બ્લડ ગ્રુપ

- ✓ આ પ્રકારનો દેશનો આ પ્રથમ તથા, દુનિયાનો 10મો કેસ છે.
- ✓ શોધકર્તાઓને આ નિષ્કર્ષ પર પહોંચવા માટે એક વર્ષ લાગ્યું અને આ બ્લડ ગ્રુપ EMM 'નકારાત્મક' આવૃત્તિ વાળું AB+ બ્લડ ગ્રુપ છે.
- ✓ O, A, B અને AB માનવ શરીરમાં મળી આવતા સામાન્ય બ્લડ ગ્રુપ છે.

### ❖ 15 જુલાઈ: વિશ્વ યુવા કૌશલ દિવસ

- ✓ આ દિવસનો એકમાત્ર ઉદ્દેશ્ય વિશ્વભરના યુવાઓને આવશ્યક કૌશલ પ્રદાન કરવાનો તથા તેમને રોજગાર આપવાનો છે.
- ✓ ડિસેમ્બર 2014માં UN મહાસભાએ આ દિવસની જાહેરાત કરી.
- ✓ વર્ષ 2022ની થીમ - 'ટ્રાન્સફોર્મિંગ યૂથ સ્કિલ્સ ફોર ધ ફ્યૂચર'.

### ❖ NASAના ટેલિસ્કોપે દૂરના ગ્રહ પર પાણીના અવશેષ શોધ્યા

- ✓ અમેરિકન સ્પેસ એજન્સી નાસાના જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે પૃથ્વીથી સેંકડો પ્રકાશવર્ષ દૂર આવેલા સૂર્ય જેવા ગ્રહ પર પાણી હોવાના સંકેતો શોધી કાઢયા.
- ✓ આ ગ્રહ પર વાદળો અને ભેજના અવશેષો મળી આવ્યા.
- ✓ નાસાના જણાવ્યા પ્રમાણે અંદાજે 1150 પ્રકાશવર્ષ દૂર ફિનિક્સ નક્ષત્રમાં આવેલો આ ગ્રહ આપણા સૂર્ય મંડળથી બહાર છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ભારતમાં મંકીપોક્સનો પ્રથમ કેસ કેરળમાં નોધાયો.
- ✓ બ્રિટિશ સંસદે BCCI અધ્યક્ષ સૌરવ ગાંગુલીને સન્માનિત કર્યા.
- ✓ ઇટલીના વડાપ્રધાન મરીઓ ડ્રેગીએ વિશ્વાસ મત અગાઉ જ રાજીનામાની જાહેરાત કરી.

- ✓ 15 જુલાઈ 2022ના 12મો રાષ્ટ્રીય પ્લાસ્ટિક સર્જરી દિવસ આયોજિત થયો. આ ફેસ્ટિવલની થીમ - પ્લાસ્ટિક એન્ડ રિકન્સ્ટ્રક્ટિવ સર્જરી સાથે ચેન્જિંગ લાઇફ' રખાઈ હતી.
- ✓ AIIMS દિલ્હીનો બર્ન એન્ડ પ્લાસ્ટિક સર્જરી વિભાગ એસોસીએશન ઓફ પ્લાસ્ટિક સર્જન ઓફ ઇન્ડિયા (APSI)ના સહયોગથી 'APSI-સુશ્રુત ફિલ્મ મહોત્સવ' (ASFF-2022)નું આયોજન કરશે.
- ✓ રેમન્ડ ગ્રુપે કોકા-કોલા ઇન્ડિયાના પૂર્વ પ્રમુખ અતુલસિંહને કાર્યકારી ઉપાધ્યક્ષ નિયુક્ત કર્યા. રેમન્ડના અધ્યક્ષ ગૌતમ હરી સિંઘાનિયા છે.
- ✓ પોપ ફ્રાન્સિસે બિશપ સલાહકાર સમિતિમાં ત્રણ મહિલાઓ સિસ્ટર રેફૌલા પેટ્રીની, યવોન રેંગોએટ અને મારિયા લિયા જર્વિનોને સામેલ કર્યા.
- ✓ કેન્દ્રીય મંત્રીમંડળે તારંગા-અંબાજી-આબુની નવી રેલ લાઇનને મંજૂરી આપી.

## 16 જુલાઈ

### ❖ નેશનલ ઇન્સ્ટીટ્યુટ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) કોલેજ રેન્કિંગ-2022

- ✓ દિલ્હી વિશ્વવિદ્યાલયનું મિરાંડા હાઉસ NIRF કોલેજ રેન્કમાં  ટોચના સ્થાને રહ્યું.
- ✓ કુલ 11 કેટેગરીમાં ભારતીય યુનિવર્સીટીઓને ક્રમ આપવામાં આવે છે. જેમાં યુનિવર્સિટી, કોલેજ, એન્જીનિયરીંગ, મેનેજમેન્ટ, ફાર્મસી, લો, મેડિકલ, આર્કિટેક્ચર, ડેન્ટલ અને રિસર્ચ કેટેગરીનો સમાવેશ થાય છે.
- ✓ કેટેગરીમાં દસ શ્રેષ્ઠ કોલેજોમાંથી પાંચ દિલ્હીની છે અને મિરાંડા હાઉસ આ તમામમાં ટોચ પર છે જયારે હિંદુ કોલેજ બીજા અને ચેન્નઈ પ્રેસિડેન્સી કોલેજ ત્રીજા ક્રમે છે.

### ❖ અદાણી પોર્ટે ઇઝરાયેલનો હાઈફા પોર્ટ 1.2 બિલિયન ડોલરમાં ખરીદ્યો

- ✓ ઇઝરાયેલના ભૂમધ્ય સાગરીય તટ પર પ્રમુખ વેપાર કેન્દ્ર ધરાવતા આ પોર્ટની હરાજીમાં અદાણીએ 1.2 બિલિયનની બોલી સાથે તે ખરીદ્યો.
- ✓ હાઇફા પોર્ટનું સંચાલન 2054 સુધી આ નવો સમૂહ કરશે તેવી જાહેરાત હાઇફાપોર્ટ દ્વારા કરાઈ છે.
- ✓ હાલ અદાણી પોર્ટ ભારતની સૌથી મોટી પરિવહન કંપની છે અને તે મુખ્ય વૈશ્વિક બંદરગાહ સમૂહ તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરવાના પ્રયત્નો કરી રહી છે.
- ✓ અદાણી પોર્ટ્સના CEO કરણ અદાણી છે તથા તેનું મુખ્યાલય અમદાવાદ છે.

### ❖ વારાણસી બનશે SCOની પ્રથમ 'સંસ્કૃતિક અને પર્યટન રાજધાની'

- ✓ SCO (શાંઘાઈ કોઓપરેશન) દ્વારા વારાણસીને સાંસ્કૃતિક અને પર્યટન રાજધાની તરીકે સ્થાપિત કરવા માટે રેંટિગ આપ્યું.

- ✓ SCOએ સભ્ય દેશો વચ્ચેના સંબંધ અને પર્યટન ક્ષેત્રને વિકસાવવાના હેતુથી એક નવી પહેલ અંતર્ગત 2022-23માં આ પ્રકારની પ્રથમ રાજધાની જાહેર કરી.
- ✓ SCOનું મુખ્યાલય - બેજિંગ, ચીન.
- ✓ ભારત આ વર્ષે સપ્ટેમ્બરમાં ઉઝબેકિસ્તાન તરફથી SCOનું અધ્યક્ષ પદ સંભાળશે.

### ❖ કોલકત્તા ખાતે T-3023 દુનાગીરી પ્રોજેક્ટ 17A ફ્રિગેટ લોન્ચ

- ✓ રક્ષામંત્રી રાજનાથ સિંહે કોલકત્તા ખાતે T-3023 દુનાગીરી પ્રોજેક્ટ 17A ફ્રિગેટ લોન્ચ કર્યું.
- ✓ આ ફ્રિગ્રેટ GRSE - ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ લિમિટેડે બનાવ્યું છે.
- ✓ P17A ફ્રિગેટસમાં અધતન શસ્ત્રો, સેન્સર્સ અને પ્લેટફોર્મ મેનેજમેન્ટ સિસ્ટમ છે.
- ✓ દુનાગીરી સમુદ્ર, આકાશ, પાણીની અંદરથી દુશ્મનોનો નાશ કરવા માટે બહુપરીમાણીય ક્ષમતાઓ સાથેનું વિશ્વસ્તરીય સ્ટીલ્થ ફ્રિગેટ હશે.
- ✓ કલા હરી કુમાર, પ્રમુખ, નેવિ વાઈવ્સ વેલ્ફેર એસોસિએશન (NWWA)એ દુનાગીરીનું સ્વાગત અને નામકરણ કર્યું.

### ❖ સેમસંગે વિશ્વની સૌથી તેજ ગ્રાફિક્સ DRAM ચિપ બનાવી

- ✓ દક્ષિણ કોરિયાની ટેક કંપની સેમસંગે વિશ્વની સૌથી તેજ ગ્રાફિક્સ DRAM (ડાયનામિક રેમન્ડ એક્સેસ મેમરી) ચિપ બનાવી.
- ✓ આ સૌથી ઝડપી અને ઓછી વીજળીનો ઉપયોગ કરતી ચિપ છે.
- ✓ આ DRAM ચિપ 1.1 ટેરબાઈટ પ્રતિ સેકન્ડના દરે ગ્રાફિક્ને પ્રતિબંધિત કરે છે જેને 10 MM EUV પ્રોસેસ ટેકનોલોજીના આધારે બનાવી છે.
- ✓ આ ચિપ 24-ગીગાબીટ ગ્રાફિક્સ ડબલ ડેટા રેટ 6(GDDR6) થર્ડ જનરેશન પર આધારિત છે જે હાલનાં ઉત્પાદનો કરતાં 30% વધુ ઝડપી છે અને તે એક સેકન્ડમાં 275 ફુલ એચડી (HD) મુવીને પ્રોસેસ કરવા સક્ષમ છે.

### ❖ ગ્રાહકોને સશક્ત બનાવવા 'જાગૃતિ' મોસ્કોટ લોન્ચ

- ✓ સરકારના ગ્રાહકો બાબતના વિભાગે ગ્રાહકોને સશક્તિકરણ ક્ષેત્રે આગળ લાવવા તથા તેમના અધિકારો બાબતે માહિતગાર કરવા 'જાગૃતિ' મોસ્કોટ (શુભંકર) લોન્ચ કર્યો.
- ✓ આ મોસ્કોટનો ઉપયોગ ડિપાર્ટમેન્ટની વિવિધ થીમ્સ વિશે ગ્રાહકોને જાગૃત કરવા કરાશે.
- ✓ થીમ્સમાં ગ્રાહક સુરક્ષા અધિનિયમ 2019, હોલમાર્કિંગ, નેશનલ કન્ઝ્યુમર હેલ્પલાઇન ટોલ ફ્રી નંબર 1915, વજન અને માપ અધિનિયમની જોગવાઇઓ, કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા સત્તામંડળના નિર્ણયો અને ફરિયાદ નિવારણ અંગે ગ્રાહકો દ્વારા પ્રશંસાપાત્રોનો સમાવેશ થાય છે.
- ✓ જાગૃતિ મોસ્કોટ તેના તમામ મીડિયા અભિયાનોમાં 'જાગો ગ્રાહક જાગો' ટેગલાઇન સાથે દર્શાવવામાં આવશે.

## ❖ ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ-2022

- ✓ WEF - વર્લ્ડ ઇકોનોમિક ફોરમે જેન્ડર ગેપ રિપોર્ટ વર્ષ 2022 માટેનો જાહેર કર્યો.
- ✓ આ રિપોર્ટમાં 146 દેશોમાં ભારત 135મા ક્રમે છે જેમાં ભારતે 0 થી 1ના સ્કેલ પર 0.629 સ્કોર મેળવ્યો.
- ✓ આ અહેવાલમાં ભારતે આર્થિક ભાગીદારી અને તકોમાં સૌથી સકારાત્મક પરિવર્તન આપ્યું જયારે આરોગ્ય અને સર્વાઇકલ સબઇન્ડેક્સમાં સૌથી નીચું પ્રદર્શન આપ્યું.
- ✓ ભારતનો વૈશ્વિક જેન્ડર ગેપ વર્ષ 2006થી અત્યાર સુધી હંમેશા 0.593-0.683 વચ્ચે જ રહ્યો.
- ✓ વર્ષ 2021માં 0.625ના સ્કોર સાથે 156 દેશોમાંથી ભારત 140મા ક્રમે હતું.

## ❖ TIME મેગેઝિનના 2022નાં વિશ્વનાં મહાન સ્થળોમાં અમદાવાદ, કેરળ

- ✓ Time મેગેઝિનના 2022નાં 50 અસાધારણ સ્થળોની યાદીમાં અમદાવાદ અને કેરળને સ્થાન મળ્યું.
- ✓ કેરળ ભારતના સૌથી સુંદર રાજ્યોમાંનું એક છે જયારે અલૌકિક દરિયાકિનારા, લીલાછમ બેકવોટર, મંદિરો, મહેલો સાથે તે 'ભગવાનના દેશ' તરીકે પોતાની ઓળખાણ અપાવે છે.
- ✓ ભારતનું પ્રથમ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સિટી અમદાવાદ સાબરમતીના કિનારે 36 એકરમાં આવેલા ગાંધી આશ્રમ તથા અને સાંસ્કૃતિક સ્થળો સાથે વિશ્વ લેવલે નામના ધરાવે છે.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ ઇન્ડિયા રેન્કિંગ-2022માં IIT મદ્રાસ પ્રથમ અને IISC બેંગલુરુ બીજા સ્થાને. AIIMS દિલ્હી સૌથી શ્રેષ્ઠ મેડિકલ કોલેજ.
- ✓ દિલ્હી ખાતે ભારતનો પ્રથમ ઇ-વેસ્ટ ઇકો પાર્ક સ્થાપિત થશે.
- ✓ LICની એમ્બેડેડ વેલ્યુ વધીને 5.51 લાખ કરોડ રૂ. પર પહોંચી.
- ✓ 8થી 18 વર્ષની વયનાઓને રોબોટિક્સ, 3D પ્રિન્ટિંગ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી તાલીમ આપવા STEMROBO ટેકનોલોજીએ AICIIT દિલ્હી સાથે સમજૂતી કરી.
- ✓ બાંગ્લાદેશનો બોલર શાહિ દુલ ઇસ્લામને ડોપિંગ સંહિતાના અનુચ્છેદ 2.1 હેઠળ 10 મહિના માટે સસ્પેન્ડ.
- ✓ સુધાકર દલેલા ભૂટાનમાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત થયા.
- ✓ એરટેલે બેંગલુરુમાં બોશ ઓટોમોટિવ ઇલેક્ટ્રોનિક્સ પરિસરમાં દેશનું પ્રથમ 5G નેટવર્કનું સફળ પરીક્ષણ કર્યું.

## 17 જુલાઇ

❖ **દીયા મિર્ઝા મધર ટેરેસા મેમોરિયલ એવોર્ડથી સન્માનિત**

- ✓ સંયુકત રાષ્ટ્ર પર્યાવરણ કાર્યક્રમની રાષ્ટ્રીય સદ્દભાવના રાજદૂત દીયા મિર્ઝા અને પર્યાવરણ કાર્યકર્તા અફરોજ શાહને સામાજિક ન્યાય 2021 માટે આ એવોર્ડ અપાયો.
- ✓ આ સન્માન તેમને તેમના પર્યાવરણીય યોગદાન બદલ અપાયું.
- ✓ મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ આ પુરસ્કાર એનાયત કર્યો.

❖ **ઉત્તરાખંડ પોલીસ એપ, e-FIR સેવા**

- ✓ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ ઉત્તરાખંડ પોલીસ એપ અને E-FIR સેવા શરૂ કરી.
- ✓ પોલીસ એપમાં રાજ્ય સરકારની પાંચ સુવિધા ગૌરા શક્તિ, ટ્રાફિક આઇ, પબ્લિક આઇ, મેરીયાત્રા અને લક્ષ્ય નશા મુક્ત ઉત્તરાખંડને એકીકૃત કરવામાં આવી છે અને આ એપ સાથે ઈમરજન્સી નંબર 112 અને સાયબર હેલ્પલાઇન નંબર 1930ને પણ જોડવામાં આવ્યા છે.
- ✓ એપની મદદથી નાગરિકો પોતાના ચોરાયેલા વાહનો કે ગુમ થયેલા દસ્તાવેજોની ઓનલાઇન ફરિયાદ અને રિપોર્ટ કરી શકશે.

❖ **ખાદી માટે સેન્ટર ઓફ એક્સેલેન્સ દ્વારા ખાદી માટે નોલેજ પોર્ટલ લોન્ચ**

- ✓ KYICએ ખાદી માટે સેન્ટર ઓફ એક્સેલેન્સ દ્વારા ખાદી માટે નોલેજ પોર્ટલ લોન્ચ કર્યું.
- ✓ આ નોલેજ પોર્ટલ ખાદી સંસ્થાઓને વિવિધ ડિઝાઇનના ક્ષેત્રમાં નવીનતા લાવવામાં મદદરૂપ થશે.
- ✓ આ પોર્ટલમાં આપવામાં આવતી માહિતીને વર્ષમાં બે વાર અપડેટ કરવામાં આવશે.
- ✓ આ પોર્ટલ સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર ખાદીની વેબસાઈટ પર હોસ્ટ કરવામાં આવશે અને WWW.Coek.in પર તેને એક્સેસ કરી શકાશે.

❖ **જગદીપ ધનખડ NDAના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર**

- ✓ પશ્ચિમ બંગાળના રાજયપાલ જગદીપ ધનખડ NDAના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જાહેર થયા.
- ✓ 1951ની 18 મેના રાજસ્થાનના ઝૂનઝૂનુંમાં જન્મેલા અને રાજસ્થાન યુનિવર્સિટીમાંથી 1978-79માં LLB થયેલા ધનખડેએ 1979માં વકીલાત સાથે પોતાના કરિયરની શરૂઆત કરી.
- ✓ 1990માં સુપ્રીમ કોર્ટના વકીલ તરીકે પ્રેક્ટિસ શરૂ કરી.
- ✓ 1989માં ઝૂનઝૂનુંથી 9મી લોકસભામાં ચૂંટાયા અને 1990માં કેન્દ્રીય મંત્રી બન્યા.
- ✓ 1993-1998 વચ્ચે અજમેરના કિશનગઢના ધારાસભ્ય બન્યા અને 30 જુલાઈ, 2019ના રોજ તેઓ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ બન્યા.

✓ પશ્ચિમ બંગાળનાં હાલનાં CM - મમતા બેનર્જી.

### ❖ વડાપ્રધાને બુંદેલખંડ એક્સપ્રેસ-વેનું ઉદ્ઘાટન કર્યું

✓ વડાપ્રધાન મોદીએ કાનપુરના બુંદેલખંડ ખાતે 296 kmના 4 લેનના એક્સપ્રેસ વેનું ઉદ્ઘાટન કર્યું.

✓ આ સમગ્ર કાર્યક્રમ ઉત્તરપ્રદેશના ઝાલૌન જીલ્લાના કેથરી ગામ ખાતે આયોજિત કરાયો હતો.

✓ આ માર્ગ આશરે 14,850 કરોડના ખર્ચે 28 મહિનામાં તૈયાર કરાયો.

✓ આ માર્ગ ચિત્રકૂટ, બાંદા, મહોબા, હમીરપુર, ઝાલૌન, ઔરૈયા અને ઇટાવા જિલ્લામાંથી પસાર થાય છે.

### ❖ 17 જુલાઈ: World Day for International Justice

✓ પીડિતોના અધિકારો માટે અને અન્યાય સામે લડતા લોકોને સમર્થન આપવા માટે 1998માં રોમ ખાતેની બેઠકની વર્ષગાંઠ સ્વરૂપે દર વર્ષે આ દિવસ ઉજવાય છે.

✓ વર્ષ 2022 ની થીમ - 'અચિવિંગ સોશિયલ જસ્ટિસ થ્રુ ફોર્મલ એમ્પ્લોયમેન્ટ'.

## કરન્ટ ઇન શોર્ટ

✓ નેધરલેન્ડ સરકારે નાઇટ્રોજનના ઉત્સર્જનને ઘટાડવા માટે ખેડૂતોને ગાયો પાડવા પર રોક લગાવવાનું ફરમાન કરતાં નેધરલેન્ડમાં કૃષિ આંદોલન શરૂ થયું અને 'અમારા ખેડૂત,અમારું ભવિષ્ય' એવો નારો આપ્યો.

✓ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે આ વર્ષે સ્વતંત્રતા સપ્તાહ 11થી 17 ઓગસ્ટ દરમિયાન 'હર ઘર તિરંગા' કાર્યક્રમ તરીકે ઉજવાશે તથા એક સાથે રાજ્યભરના 1 કરોડ ઘર પર રાષ્ટ્રધ્વજ ફરકાવાશે.

✓ મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારે ઔરંગાબાદનું 'સંભાજીનગર' અને ઉસ્માનાબાદનું 'ધારાશિવ' નામકરણ કરવાનો નિર્ણય કર્યો.

## 18 જુલાઇ

### ❖ ટેલિવિઝન શ્રેણી 'સ્વરાજ'

✓ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે 'સ્વરાજ : ભારત કે સ્વતંત્રતા સંગ્રામ કી સમગ્ર ગાથા'નું ટ્રેલર રજૂ કર્યું.

✓ આ શ્રેણીના 75 એપિસોડમાં સ્વતંત્રતાના યોદ્ધાઓ અને સ્વતંત્રતા ચળવળના અનેક યોગદાતાઓને દૂરદર્શન પર 14 ઓગસ્ટથી પ્રસારિત કરાશે.

- ✓ ભારતનું મીડિયા અને મનોરંજન ક્ષેત્ર વર્ષ 2030 સુધીમાં તેના વર્તમાન મૂલ્ય 24 બિલિયન ડોલરથી વધીને 100 બિલિયન ડોલર થવાનું અનુમાન છે.

### ❖ ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ 2000ની કલમ 69 (A)

- ✓ તાજેતરમાં ઇલેક્ટ્રોનિક્સ અને સૂચના મંત્રાલયે ITACTની કલમ 69 (A) હેઠળ ટ્વીટર પરથી અમુક પોસ્ટ હટાવવાનો આદેશ જાહેર કર્યો જેનો ટ્વીટરે કર્ણાટક હાઇકોર્ટમાં વિરોધ દર્શાવતો દાવો કર્યો.
- ✓ ટ્વીટર અનુસાર મંત્રાલયના આદેશમાં અપાયેલ કેટલીક સામગ્રી રાજકીય પક્ષોના સત્તાવાર એકાઉનટ્સ સંબંધિત છે જે અભિવ્યક્તિની સ્વતંત્રતાના અધિકારો અવરોધે છે.
- ✓ ભારતમાં ITACT અંતર્ગત કમ્પ્યુટર અનેઈન્ટરનેટના માધ્યમથી પ્રસારિત થતી માહિતી પર ભારત સરકારનો સંલગ્ન વિભાગ નજર રાખી તેના દુર્વ્યવહાર પૂર્ણ માહિતીને પ્રસારિત તથા અટકાવે છે.

### ❖ ગીગામેશ નેટવર્ક સોલ્યુશન પ્રોજેક્ટ

- ✓ ASTROM દ્વારા ભારતનાં 15 ગામોમાં 4G નેટવર્ક પ્રસ્થાપિત કરવા માટે DOT સાથે કરાર કરી 'ગીગામેશ નેટવર્ક સોલ્યુશન' પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરાયો.
- ✓ સમગ્ર પ્રોજેક્ટ IISC ખાતે સ્થાપિત કરાશે અને તેની મદદથી વાયરલેસ ફાઈબર દ્વારા નેટવર્ક સ્થાપિત કરાશે.
- ✓ આ પ્રોજેક્ટ વિશ્વનો પ્રથમ મલ્ટી-બીમ-ઈ-બેન્ડ રેડિયો છે જે એક જ ટાવરથી બહુવિધ ટાવર સુધી એક સાથે સંચાર કરવા સક્ષમ છે.
- ✓ એક ગીગામેશ ઉપકરણ 2 + GBPS ક્ષમતા સાથે 40 લિંક્સ પ્રદાન કરી શકે છે, જે દસ કિલોમીટરની રેન્જ સુધી વાતચીત કરી શકે છે.

### ❖ મિશન વાત્સલ્ય

- ✓ તાજેતરમાં કેન્દ્ર સરકારે મિશન વાત્સલ્ય બાલ સંરક્ષણ યોજના અંતર્ગત રાજ્યોને દિશા-નિર્દેશ આપ્યા.
- ✓ આ પ્રોજેક્ટમાં મળતું ભંડોળ મિશન વાત્સલ્ય પ્રોજેક્ટ એપ્રુવલ બોર્ડ (PAB) દ્વારા મંજૂર કરશે જેથી રાજ્યો આ પ્રોજેક્ટનું નામ બદલી શકાશે નહિ.
- ✓ આ યોજનામાં 60:40ના રેશિયો સાથે કેન્દ્ર સરકાર રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને અનુદાન આપશે. જયારે પૂર્વોતરનાં આઠ રાજ્યો તથા હિમાચલ પ્રદેશ, ઉતરાખંડ અને જમ્મુ-કશ્મીર માટે આ રેશિયો 90:10 રખાયો છે.
- ✓ સમગ્ર પ્રોજેક્ટમાં તરછોડાયેલાં બાળકોના NGO હેઠળ દત્તકવિધાન શરીરિક/માનસિક વિકલાંગ બાળકોના શિક્ષણ તથા ટ્રાન્સજેન્ડર બાળકો માટે અલગ ઘર સહિતનાં પ્રાવધાનો છે.

- ✓ વર્ષ 2009માં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે રક્ષણની જરૂરીયાતવાળા બાળકો માટે કિશોર ન્યાય કાર્યક્રમ બાળગૃહ સહાય યોજના અમલમાં મૂકી હતી.
- ✓ વર્ષ 2010માં આ યોજનાઓને મર્જ કરી સંકલિત બાળ સુરક્ષા યોજનાનામ અપાયું અને પછી વર્ષ 2017માં તેનું નામ બદલી 'બાળસુરક્ષા સેવા યોજના' નામ અપાયું અને પછી વર્ષ 2021-22માં તેનું નામ બદલીને મિશન વાત્સલ્ય કર્યું.

### ❖ UKએ રેડ એક્સટ્રીમ હીટ એલર્ટ જાહેર કર્યું

- ✓ UKમાં તાપમાન 40°C સુધી પહોંચતાં રાષ્ટ્રીય કટોકટી દ્વારા એલર્ટ જાહેર કરાયું.
- ✓ આ હીટ સ્ટ્રોમનો સૌથી વધુ પ્રભાવ લંડન, માન્ચેસ્ટર અને યોર્ક શહેરોને વધુ પડશે.
- ✓ આ સાથે ઇંગ્લેન્ડ અને વેલ્સના ભાગોમાં 30° C તથા સ્કોટલૅન્ડ અને ઉત્તરી આયર્લેન્ડમાં પણ તાપમાન 30° C રહેવાની આગાહી કરવામાં આવી છે.

### ❖ 18 જુલાઈ: નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ

- ✓ દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલાની જન્મજયંતી દર વર્ષે નેલ્સન મંડેલા આંતરરાષ્ટ્રીય દિવસ તરીકે મનાવાય છે.
- ✓ સંયુકત રાષ્ટ્રે નવેમ્બર 2009માં આ દિવસને આધિકારીક રીતે જાહેર કર્યો.
- ✓ નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાના પ્રથમ અશ્વેત રાષ્ટ્રપતિ હતા તથા તેમણે રંગભેદની નીતિનો સખત વિરોધ કર્યો હતો જેના કારણે તેમના નામ પરથી આ દિવસ મનાવાય છે.
- ✓ મંડેલાનો જન્મ 1918માં થયો. તેઓ હેનરી મંડેલાના પુત્ર હતા
- ✓ ટેમ્બુ લોકોના કૂળમાંથી આવતા હોવાથી મહીબા તરીકે જાણીતા હતા.
- ✓ 1993માં તેમને નોબેલ શાંતિ પુરસ્કાર અપાયો હતો અને 2013માં તેમનું 95 વર્ષની વયે નિધન થયું હતું.
- ✓ UN અનુસાર આ દિવસની વર્ષ 2022ની થીમ - Do what you can with what you have and where you are (તમારી પાસે જે છે અને તમે જ્યાં છો તેનાથી તમે જે કરી શકો છો તે કરો).

### ❖ 18 જુલાઈ: તમિલનાડુ દિવસ

- ✓ 1967માં 18 જુલાઈએ મદ્રાસ પ્રેસિડેન્સી દ્વારા પ્રસ્તાવ પસાર કર્યા બાદ તે તમિલનાડુ તરીકે ઓળખાયું.
- ✓ 1 નવેમ્બર 1956ના રોજ આંધ્રપ્રદેશ, કર્ણાટક અને કેરળ ને મદ્રાસ પ્રેસિડેન્સીથી અલગ કરવામાં આવ્યું હતું. અને ત્યાર બાદ બાકી રહેતા મદ્રાસ પ્રાંતને 18 જુલાઈ 1967માં તમિલનાડુની ઓળખ અપાઈ.
- ✓ મદ્રાસનું તમિલનાડુ કરવા માટેનો ઠરાવ તત્કાલીન મુખ્યમંત્રી સી. એન. અન્નાદુરાઇએ રજૂ કર્યો હતો.

- ✓ તમિલનાડુના હાલના CM - એમ. કે. સ્ટાલિન.
- ✓ તમિલનાડુના રાજ્યપાલ - આર. એન. રવિ.
- ✓ તમિલનાડુનું પાટનગર - ચેન્નાઇ.
- ✓ તમિલનાડુની હાઇકોર્ટ - મદ્રાસ હાઇકોર્ટ.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ ટોક્યોને 2025 વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માટે મેજબાન શહેર તરીકે પસંદ કરાયું.
- ✓ પેકિંગ કરેલા ખાદ્ય પદાર્થો પર 5% GST લગાવાયો.
- ✓ કોટક મહિન્દ્રા બેંક IT પોર્ટ સાથે એકીકૃત થનાર પ્રથમ બેંક બની.
- ✓ રાષ્ટ્રીય રેલ અને પરિવહન સંસ્થાને નવું નામ 'ગતિ શક્તિ વિશ્વવિદ્યાલય' અપાયું.
- ✓ UIDAIએ Aadhar Face Red નામની નવી મોબાઇલ એપ દ્વારા ફેસ ઓથેન્ટીકેશન ફીચર લોન્ચ કર્યું. જેનાથી આધાર કાર્ડ ધારકોએ આંખ અને ફિંગરપ્રિન્ટ સ્કેન માટે રૂબરૂ નોંધણી કેન્દ્ર પર જવાની જરૂર રહેશે નહિ.

## 19 જુલાઈ

### ❖ વડાપ્રધાને નવી દિલ્લીમાં સેમિનાર NIIO 'સ્વાવલંબન'ને સંબોધન કર્યું

- ✓ વડાપ્રધાને નવી દિલ્હીમાં ડૉ. આંબેડકર ઇન્ટરનેશનલ સેન્ટર ખાતે NIIO (નેવેલ ઇનોવેશન એન્ડ ઇન્ડિજના-ઇઝેશન ઓર્ગેનાઇઝેશન) સેમિનાર 'સ્વાવલંબન'ને સંબોધન કર્યું.
- ✓ આત્મનિર્ભર ભારતના લક્ષ્યાંક હેઠળ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાને નૌકાદળમાં સ્વદેશી ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી 'સ્પ્રીન્ટ ચેલેન્જીસ'નું અનાવરણ કર્યું.
- ✓ આઝાદીના 75 વર્ષના ભાગરૂપે નૌકાદળમાં ઓછામાં ઓછી 75 નવી સ્વદેશી ટેકનિક સામેલ કરાશે, જેના માટે SPRINT પ્રોજેક્ટ કાર્યરત કરાશે.
- ✓ SPRINT - Supporting pole vaulting in R & D through idex, NIIO and TDAC.

### ❖ કેરળ પોતાની ઈન્ટરનેટ સેવા ધરાવતું પ્રથમ રાજ્ય બન્યું

- ✓ કેરળ ફાયબર ઓપ્ટિક નેટવર્ક લિમિટેડ (KFON)ને દૂરસંચાર વિભાગે ISP (ઈન્ટરનેટ સર્વિસ પ્રોવાઈડર) તરીકેનું લાયસન્સ આપ્યા બાદ કેરળ રાજ્યે આ ઘોષણા કરી.
- ✓ KFON યોજના હેઠળ BPL પરિવારો અને 30,000 સરકારી કાર્યાલયોને મફત ઈન્ટરનેટ આપવામાં આવશે.

- ✓ સમગ્ર પ્રોજેક્ટ વર્ષ 2019માં લોન્ચ કરાયો હતો.

## ❖ INS સિંધુધ્વજ 35 વર્ષની રાષ્ટ્ર સેવા બાદ સેવા નિવૃત્ત

- ✓ નેવિની કિલો-ક્લાસ સબમરીન, INS સિંધુધ્વજને વિશાખાપટ્ટનમ ખાતે સેવાનિવૃત કરવામાં આવી. જે સાથે હાલ હવે નેવિ પાસે 15 જેટલી સબમરીન સેવામાં કાર્યરત રહેશે.
- ✓ સિંધુધ્વજ સોનાર USHUS, સેટેલાઈટ કોમ્યુનિકેશન સિસ્ટમ રુકમણી અને MSS, ઇનર્શિયલ નેવિગેશન સિસ્ટમ અને સ્વદેશી ટોર્પિડો ફાયર કંટ્રોલ સિસ્ટમના સંચાલન ધરાવતી હતી.
- ✓ INS સિંધુધ્વજને વડાપ્રધાન મોદીએ ઇનોવેશન માટે ચીફ ઓફ નેવલ સ્ટાફ (CNS) રોલિંગ ટ્રોફી એનાયત કરતાં આ પ્રકારનું સન્માન મેળવનાર તે પ્રથમ સબમરીન બની.
- ✓ જૂન 1987માં તેને નૌકાદળમાં સામેલ કરવામાં આવી હતી.
- ✓ INS નું પૂરું નામ - Indian Navy Ship.

## ❖ નામસાઈ ઘોષણા પત્ર - અરુણાચલ પ્રદેશ અને આસમ વચ્ચેનો કરાર

- ✓ આ ઘોષણાપત્ર બંને રાજયો વચ્ચેના સાત દાયકા જૂના સીમા વિવાદને ઉકેલવા તરફનું એક પગલું છે. જેના પર અરુણાચલના CM પેમા ખાંડુ અને આસમના હેમંત બિસ્વા સરમાએ હસ્તાક્ષરો કર્યાં.
- ✓ બંને રાજ્યો વચ્ચે 804 kmની સીમા છે જેમાં એક રાજ્યના રહેવાસીઓ બીજા રાજયની જમીન પર અતિક્રમણ કરવાના આરોપોને કારણે થતી રહેતી હિંસા અંગેનો એક દાવો 1989થી સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે.
- ✓ બંને રાજ્યો 123 સરહદી વિવાદી ગામોમાંથી 86 ગામોમાં આ વિવાદ અટકાવવા સહમત થયાં છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ મણિપુરના રાજ્યપાલ લા. ગણેશનને પશ્ચિમ બંગાળનો રાજયપાલનો વધારાનો ચાર્જ અપાયો.
- ✓ સેના પ્રમુખ મનોજ પાંડે બાંગ્લાદેશની ત્રણ દિવસીય યાત્રા પર.
- ✓ ભારતની કૃષિ નિકાસમાં 14%નો વધારો થયો.
- ✓ ગામ્બિયાના ઉપરાષ્ટ્રપતિ બદારા એ જૂફ ભારતની મુલાકાતે આવ્યા. તેમણે CII-EXIM બેંક કોન્કલેવ 2022માં ભાગ લીધો. જે વર્ષ 2022નો 17 મો કોન્કલેવ હતો.
- ✓ પી. વી. સિંધુએ 2022 સિંગાપુર ઓપન બેડમિન્ટનનો ખિતાબ મેળવ્યો.
- ✓ 19 જુલાઈ: 1857 વિદ્રોહના નેતા મંગલ પાંડેની જયંતી.

## 20 જુલાઈ

### ❖ રાષ્ટ્રપતિની ચુંટણીમાં સંસદમાં 99.18% મતદાન

- ✓ દેશના 15મા રાષ્ટ્રપતિ માટે એનડીએના ઉમેદવાર દ્રૌપદી મુર્મૂ અને વિપક્ષ ઉમેદવાર યશવંત સિન્હાને પસંદ કરવા માટે મતદાન થયું.
- ✓ સંસદમાં 727 સાંસદો અને 9 ધારાસભ્યોને મતદાન કરવાની અનુમતિ આપવામાં આવી જેમાંથી 730 સાંસદોએ મળીને 99.18% મતદાન કર્યું.
- ✓ સપા પક્ષે સિન્હાને સમર્થન આપ્યું હતું. પરંતુ, સપાના UPના ધારાસભ્ય શિવપાલ યાદવે મુર્મૂના પક્ષમાં મતદાન કર્યું.
- ✓ આ સાથે જ આગામી સમયમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે જગદિપ ધનખડે અને માર્ગરેટ આલ્વા વચ્ચે ચૂંટણી યોજાશે જેમાં જીત માટે 391 મતની જરૂરિયાત રહેશે.

### ❖ જો રાષ્ટ્રીયન કોન્ફરન્સનું ન્યુયોર્કમાં આયોજન થયું.

- ✓ ન્યૂયોર્કમાં પારસી સમુદાયની 12મી વર્લ્ડ જોરાષ્ટ્રીયન કોંગ્રેસની કોન્ફરન્સનું આયોજન કરાયું, જેમાં 16 દેશોમાંથી 1600 લોકો હાજર રહ્યા.
- ✓ આ કાર્યક્રમ ફેડરેશન જોરાષ્ટ્રીયન એસોસિએશન ઓફ નોર્થ અમેરિકા દ્વારા આયોજિત થયો જેની અધ્યક્ષતા પારસી સમુદાયના વડા દસ્તુર-ખુરશેદ દસ્તુરજીએ કરી.
- ✓ કાર્યક્રમમાં વડાએ યુવાનોને જરથોસ્તી ધર્મ આગળ લઈ જવા અંગે આહવાન કર્યું.

### ❖ નાચી તાઈશા ફાયર ફેસ્ટિવલ - જાપાન

- ✓ જાપાનના નચિકાત્સુરા શહેરના કુમાનો નાચી તાઈશા મંદિરમાં આ તહેવાર ઉજવાયો.
- ✓ આ એક વાર્ષિક ઉત્સવ છે જેમાં સફેદ કપડા પહેરીને લોકો સળગતી મશાલો લઈને જુલૂસ કાઢે છે.
- ✓ દેવદારના લાકડામાંથી આ મશાલો બનાવે છે.
- ✓ દરેક મસાલનું વજન 50 kg હોય છે અને આવી 12 મશાલો સળગાવવામાં આવે છે.
- ✓ લોકો આ મશાલો સળગાવી પોતાનાં પાપો અને ભૂલોના પ્રાયશ્ચિત માટે અહીં આવે છે.

### ❖ 20 જુલાઈ: આંતરરાષ્ટ્રીય ચંદ્રમા દિવસ

- ✓ 9 ડિસેમ્બરે, 2021માં સંયુકત રાષ્ટ્ર મહાસભાએ મુન વિલેજ એસોસિએશન અને સંગઠનના પ્રસ્તાવને મંજૂરી આપી આ દિવસની ઉજવણી શરૂ કરી.
- ✓ 20 જુલાઈ, 1969ના રોજ અમેરિકન અંતરીક્ષ યાત્રી નીલ આર્મસ્ટ્રોંગ અને બજ એલ્ડ્રિન ચંદ્ર પર પહોંચનાર પ્રથમ વ્યક્તિઓ બન્યા એ વાતની યાદમાં આ દિવસ ઉજવવામાં આવશે.

### ❖ સગર્ભા અને ધાત્રીમાતાઓ માટે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના

- ✓ વડાપ્રધાને વડોદરાથી સગર્ભા અને ધાત્રીમાતાઓ માટે મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના શરૂ કરાવી.
- ✓ વડાપ્રધાન મોદીના 'સહી પોષણ દેશ રોશન'ના મંત્રને સાકાર કરવાના હેતુથી ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મુખ્યમંત્રી "માતૃ શક્તિ યોજના" અમલમાં મૂકી.

- ✓ આ યોજનાની જોગવાઈ અનુસાર મહિલા ગર્ભવતી હોય ત્યારે અને તેના 6 મહિના બાદ જો યોગ્ય પોષણ મળે તો માતા અને બાળક બંનેનું સ્વાસ્થ્ય સારું રહે.
- ✓ યોજના હેઠળ ગર્ભવતી અને ધાત્રીમાતાઓને 1 હજાર દિવસ સુધી વિના મૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાધ તેલ દર મહિને આપવામાં આવશે જેના માટે રાજ્ય સરકારે બજેટમાં રૂ. 800 કરોડની જોગવાઈ કરી.
- ✓ આ ઉપરાંત રાજ્યની શાળાના બાળકોને પોષણક્ષમ આહાર મળે તે માટે પીએમ પોષણ યોજના (જૂની મધ્યાહન ભોજન યોજના) હેઠળ રાજ્યની 32 હજાર શાળામાં પ્રાથમિક શાળામાં બાળક દીઠ 100 ગ્રામ અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં બાળક દીઠ 150 ગ્રામ પુરવઠો તથા ફોર્ટિફાઈડ ચોખાનું વિતરણ કરાયું.

### રાજ્ય સરકારની અન્ય યોજનાઓ

- ❖ **ચિરંજીવી યોજના -** 11થી 14 વર્ષની શાળાએ ન જતી કિશોરીઓ માટે સ્કિમ અડોલસન્સ ગર્લ્સ જેમાં કિશોરીઓને 300 દિવસ પૂરક પોષણ અપાય છે.
- ❖ **સુખડી યોજના -** બાળકોમાં અનાજ થકી પ્રોટીન અને કેલેરી વધારવા CFTRI અને પોષણ યુક્ત આહારના નિષ્ણાતોએ આપેલ પદ્ધતિ મુજબ સુખડી બનાવાય છે.
- ❖ **સુપોષિત માતા-સ્વસ્થ બાલ યોજના -** સગર્ભા અને ધાત્રી માતાઓને 1000 દિવસ તુવેરદાળ, ચણા અને ખાધ તેલ આપવાની યોજના.
- ❖ **ટેક હોમ રાશન યોજના -** 3-6 વર્ષની વયનાં બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ તથા કિશોરીઓ અને સગર્ભા તથા સ્તનપાન કરાવતી માતાઓને ઘરે રાશન પહોંચાડતી યોજના.
- ❖ **પૂર્ણા યોજના -** 11થી 18 વયની છોકરીઓને પૂરક પોષણ અને આરોગ્ય શિક્ષણ પૂરું પાડવાની યોજના.
- ❖ **પોષણ સુધા યોજના -** આદિવાસી વિસ્તારના 10 તાલુકામાં સગર્ભાઓને પૂરક પોષણ આપતી યોજના.
- ❖ **વહાલી દિકરી યોજના -** 1 લાખ દિકરીઓને LIC પ્રીમિયમ માટે પૂરી પાડવા માટે તેમના જીવનના વિવિધ તબક્કે 1 લાખ સુધીની સહાય.
- ❖ **દૂધ સંજીવની યોજના -** આદિજાતિ વિસ્તારના બાળકોને દૂધ થકી પોષણ મળી રહે તે માટે દૂધ વિતરણની યોજના.
- ❖ **અન્ના સંગમ યોજના -** ધો-8 સુધી અભ્યાસ કરતી આદિવાસી બાળાઓ માટે બાળા દીઠ 80 કિલો અનાજ જેમાં સત્ર દીઠ 15 કિલો ઘઉં અને 15 કિલો ચોખા આપવામાં આવે છે.
- ❖ **ફોર્ટિફાઈડ ચોખા વિતરણ -** આ યોજના માટે પાયલોટ પ્રોજેક્ટમાં નર્મદા જીલ્લો પસંદ કરાયો હતો. બાદમાં એપ્રિલ 2022થી સમગ્ર રાજ્યમાં તેને લાગુ કરવામાં આવી. યોજના હેઠળ પ્રોસેસ્ડ કરેલા વધુ પ્રોટીન પ્રાપ્ત થઈ શકે તેવા ચોખાનું વિતરણ કરવામાં આવે છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ભારતીય શૂટર મેરાજ એહમદ ખાને વર્લ્ડ કપમાં પુરુષ સ્કીટ ઇવેન્ટમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ થાઈલેન્ડમાં આયોજીત 18મી એશિયન કેડેટ જૂડો ચેમ્પિયન શિપમાં ગુજરાતની અંકિતા નાથાભાઈ નધેરાએ 40 kg કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.
- ✓ ઇંગ્લેન્ડને પ્રથમ વાર 2019માં વન-ડે વર્લ્ડ કપ ચેમ્પિયન બનાવનાર ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે વન-ડે ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી.
- ✓ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયન શિપમાં જમૈકાના પુરુષ 100 મીટર રેસમાં ક્લિન સ્વિપ કર્યા બાદ એક જ દિવસમાં મહિલા 100 મીટર રેસમાં પણ ક્લિન સ્વિપ થતાં, એક જ દેશમાં મહિલા પુરુષ બંને કેટેગરીમાં ત્રણેય મેડલ મેળવી ક્લિન સ્વિપ થવાની ઇતિહાસની પ્રથમ ઘટના.
- ✓ ભારતીય કરન્સી રૂપિયો પ્રથમ વાર અમેરિકન ડોલરની સામે 80ને પાર થતાં રૂપિયાનું ઇતિહાસિક અવમૂલ્યન થયું.






**21 જુલાઈ**

### ❖ JNP ભારતનું પ્રથમ 100% જમીન માલિકીનું પ્રથમ બંદર બન્યું

- ✓ દેશનાં અગ્રણી કંટેનર પોર્ટમાંનું એક અને વિશ્વનાં ટોચનાં 100 પોર્ટમાં 26મું સ્થાન ધરાવતા (લોયડ્સ લિસ્ટ ટોપ 100 પોર્ટ્સ 2021 મુજબ) JNP (જવાહરલાલ નહેરુ પોર્ટ) આ પ્રકારનું પ્રથમ બંદર બન્યું.
- ✓ હાલમાં JPNમાં પાંચ કંટેનર ટર્મિનલ સંચાલિત થાય છે જેમાં માત્ર એક બંદર પોતાની માલિકીનું બન્યું.

### ❖ હેનલે પાસપોર્ટ ઇન્ડેક્સમાં ભારત 87મા સ્થાને

- ✓ આ યાદી મુજબ જાપાન, સિંગાપોર, દક્ષિણ કોરિયા સૌથી શક્તિશાળી પાસપોર્ટ ધરાવતાં રાષ્ટ્રો છે.
- ✓ અન્ય પ્રમુખ 10 દેશોમાં જર્મની, સ્પેન, ફિનલેન્ડ, લક્ઝમબર્ગ, ઇટલીનો સમાવેશ થાય છે.
- ✓ બ્રિટન આ યાદીમાં 6ઠ્ઠા અને અમેરિકા 7મા સ્થાને છે.

### ❖ રાજસ્થાનની પ્રથમ ડિજિટલ લોક અદાલત

- ✓ ભારતની પ્રથમ AI - સંચાલિત ડિજિટલ લોક અદાલત રાજસ્થાનના જયપુર ખાતે શરૂ થઈ.
- ✓ NALSA (Nation Legal Service Authority)ના અધ્યક્ષ ઉદય રમેશ લલિતે 18મી અખિલ ભારતીય કાનૂની સેવાની બેઠકમાં આ અદાલત લોન્ચ કરી.
- ✓ કાર્યક્રમનું ઉદ્ઘાટન ભારતના મુખ્ય ન્યાયાધીશ એન. વી. રમજાએ કર્યું.
- ✓ આ ડિજિટલ લોક અદાલત જયૂપિટિસ જસ્ટિસ ટેકનોલોજી દ્વારા વિકસિત કરવામાં આવી છે.

### ❖ ઇન્ટરપોલના ચાઈલ્ડ યૌન શોષણ ડેટાબેઝમાં સામેલ થનારો ભારત 68મો દેશ

- ✓ આ જોડાણની ભારત ઓડીયો - વિજયુઅલ ડેટાનો ઉપયોગ કરીને પીડિતો, દુરપયોગ કરનારાઓ અને અપરાધના દ્રશ્યો વચ્ચે લિંક્સ દોરવાની મંજૂરી આપશે.
- ✓ CBI એ ઇન્ટરપોલની બાબતો માટે ભારતની નોડલ એજન્સી છે જે તપાસકર્તાઓને બાળ જાતીય શોષણના કેસોની માહિતી શેર કરવાની મંજૂરી આપે છે.
- ✓ ઇન્ટરપોલનું હેડક્વાર્ટર : લ્યોન, ફ્રાન્સ.
- ✓ ઇન્ટરપોલના પ્રમુખ : અહેમદ નાસર અલ રાયસી.
- ✓ ઇન્ટરપોલની સ્થાપના : 7 સપ્ટેમ્બર, 1923 વિયેના, ઓસ્ટ્રિયા ખાતે.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ લે. જનરલ રાજ શુક્લા UPSCના સભ્ય નિયુક્ત થયા.
- ✓ 13મી પીટર્સબર્ગ જલવાયુ પરિષદ બર્લિન ખાતે શરૂ થઈ.
- ✓ કેન્દ્રએ કૃષિ પેદાશોના MSP માટે સમિતિની રચના કરી, જેમાં NITI આયોગના સદસ્ય રમેશચંદ્ર, કૃષિ અર્થશાસ્ત્રી સી. એસ. સી શેખરને સામેલ કરાયા.
- ✓ નેધરલેન્ડે ફાઇનલમાં આર્જેન્ટિનાને હરાવી નવમો FIH મહિલા હોકી વિશ્વ કપ જીત્યો.

- ✓ શ્રીલંકાને $ 376.9 મિલિયનની લોન આપતાં ભારત 2022માં શ્રીલંકાને અપાયેલ લોનમાં સૌથી ટોચનું રાષ્ટ્ર બન્યું.
- ✓ શ્રીલંકામાં થયેલ રાષ્ટ્રપતિની ચૂંટણીમાં 134 મતે રાનિલ વિક્રમસિંઘે જીત મેળવી. આ ચૂંટણીમાં દુલ્લાસ અલ્લાપેરુમાંને 82 અને અનુરા કે. દિસનાયકને 3 વોટ મળ્યા.
- ✓ વેસ્ટ ઇન્ડિઝના ક્રિકેટરો દિનેશ રામદીન અને લેંડલ સિમંસે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ જાહેર કર્યા.

## 22 જુલાઈ

### ❖ મોબાઈલ સ્પીડની બાબતમાં ભારત ત્રણ સ્થાન નીચે જઈ 118મા ક્રમે

- ✓ ઉક્લાના સ્પીડટેસ્ટ ગ્લોબલ ઇન્ડેક્સ અનુસાર, મોબાઈલ ડાઉનલોડ સ્પીડ મે 2022માં 14.28 MBPSથી ઘટીને 14.00 MBPS થઈ.
- ✓ મિડિયન મોબાઈલ ડાઉનલોડ સ્પીડ ઇન્ડેક્સમાં નોર્વે 126.96 MBPS સાથે પ્રથમ સ્થાને જ્યારે ચિલી-મિડિયન બ્રોડબેન્ડ ડાઉનલોડ સ્પીડ ઇન્ડેક્સમાં 213.73 MBPS સાથે પ્રથમ સ્થાને રહ્યું.

### ❖ માઈક્રોસોફ્ટની વર્કપ્લેસ સોશિયલ એપ 'વિવા એંગેજ'

- ✓ માઈક્રોસોફ્ટની આ એપ વ્યક્તિગત અભિવ્યક્તિ માટે તથા સામુદાયિક અભિવ્યક્તિ માટે મદદરૂપ બનશે.
- ✓ આ એપની મદદથી નેતાઓ પોતાનાં વક્તવ્યો આપી શકશે તથા પ્રશ્નોત્તરી કરી શકશે અને આમને-સામને કોઈ મુદ્દાઓ પર વાતચીત પણ કરી શકશે.
- ✓ આ ઉપરાંત કોર્પોરેટ સંસ્થાઓમાં કર્મચારી અને અધિકારીઓ વચ્ચેની મિટિંગ પણ સરળતાથી આ એપની મદદથી આયોજિત કરી શકાશે.

### ❖ SCO ઈરાનનો પૂર્ણ સદસ્ય તરીકે સ્વીકાર કરશે

- ✓ શાંઘાઈ સહયોગ સંગઠન (SCO) સપ્ટેમ્બર 2022માં સમરકંદ ઉઝબેકિસ્તાનમાં આયોજિત થનાર શિખર સંમેલનમાં ઈરાનને તેના 9મા સભ્ય તરીકે જોડશે.
- ✓ આ સંમેલન ઉજબેકિસ્તાનની અધ્યક્ષતામાં આયોજિત થશે.
- ✓ 2017માં ભારત અને પાકિસ્તાનના સમાવેશ બાદ ઈરાનનો વર્ષ 2022માં સમાવેશ કરાશે.
- ✓ આ ઉપરાંત બેલારૂસે પણ SCOની સભ્યતા માટે આવેદન પાઠવ્યું છે.
- ✓ SCOનું મુખ્યાલય - બેજિંગ, ચીન.

### ❖ મેડિકલ પ્રોસ્થેસિસ, સ્પેસ રોબોટ માટે બાયો કૃત્રિમ સ્નાયુની રચના

- ✓ IIT કાનપુરે મેડિકલ પ્રોસ્થેસિસ, સ્પેસ રોબોટ માટે બાયો કૃત્રિમ સ્નાયુની રચના કરી.
- ✓ આ કૃત્રિમ સ્નાયુની રચના સ્માર્ટ મટેરિયલ્સ, સ્ટ્રક્ચર્ડ એન્ડ સિસ્ટમ (SMSS) લેબમાં કરવામાં આવી છે.
- ✓ આ કૃત્રિમ સ્નાયુ (માંસપેશી)નો ઉપયોગ ભારતીય અંતરીક્ષ વિજ્ઞાનને સુદ્રઢ બનાવવા અને રોબોટિક કૃત્રિમ અંગ બનાવવા માટે કરાશે.

### ❖ 'બિયોન્ડ ધ મિસ્ટી વીલ, ટેમ્પલ ટેલ્સ ઓફ ઉતરાખંડ' પુસ્તક

- ✓ ઉતરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ પુસ્તકનું વિમોચન કર્યું.
- ✓ આ પુસ્તક સેવા નિવૃત IAS અધિકારી આરાધના જૌહરીએ લખેલું છે.
- ✓ પુસ્તકમાં ઉતરાખંડમાં સ્થિત વિવિધ ઐતિહાસિક મંદિરોના વર્ણન અંગે ચર્ચાઓ કરવામાં આવી છે અને તે મંદિર સાથે બનેલી ઘટનાઓનું પણ વર્ણન કરાયું છે.

### ❖ R&D વિભાગમાં વિશ્વનો સૌથી ઓછો ખર્ચ કરતો દેશ: નીતિ આયોગ

- ✓ ભારત R&D વિભાગમાં વિશ્વનો સૌથી ઓછો ખર્ચ કરતો હોવાનો નીતિ આયોગનો અહેવાલ.
- ✓ ભારતના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વિભાગમાં 2008-09માં થયેલા 0.8%ના રોકાણ સામે 2017-18માં 0.7% થયું.
- ✓ આ વિભાગમાં અન્ય દેશો બ્રાઝિલ, ચીન, રશિયા, દ. આફ્રિકા અનુક્રમે 1.2%, 2%, 1.1% અને 0.8%નો ખર્ચ કરે છે.
- ✓ વિશ્વમાં આ ખર્ચ સરેરાશ દ્રષ્ટિએ 1.8 છે.

### ❖ 22 જુલાઈ: World Brain Day (વિશ્વ મગજ દિવસ)

- ✓ વિશ્વભરમાં વિશ્વના લોકોને મગજના સ્વાસ્થ્ય અંગે જાગૃત કરવાના હેતુથી દર વર્ષે 2014થી વિશ્વ મગજ દિવસ મનાવાય છે.
- ✓ આ દિવસ દર વર્ષે ધ વર્લ્ડ ફેડરેશન ઓફ ન્યૂરોલોજી (WFN) દ્વારા આયોજિત કરવામાં આવે છે.
- ✓ WFNની સ્થાપના 1957માં બેલ્જિયમ ખાતે થઈ હતી.
- ✓ વર્ષ 2022 ની થીમ - 'બ્રેન હેલ્થ ફોર ઓલ'.

### ❖ 22 જુલાઈ: રાષ્ટ્રીય ધ્વજ અંગીકાર દિવસ

- ✓ 22 જુલાઈ, 1947ના રોજ તિરંગાને ભારતના રાષ્ટ્રીય ધ્વજ તરીકે સ્વીકારવામાં આવ્યો હતો.
- ✓ તિરંગાને રાષ્ટ્રીય ધ્વજ તરીકે સ્વીકારવાનો પ્રસ્તાવ પંડિત જવાહરલાલ નહેરુએ 22 જુલાઈ, 1947ના રોજ સંવિધાન સભામાં મૂક્યો.
- ✓ ભારતના રાષ્ટ્રીય ધ્વજને ભારતીય સ્વતંત્રતા સેનાની પિંગલી વૈકયાએ ડીઝાઇન કર્યો હતો.
- ✓ રાષ્ટ્રીય ધ્વજની લંબાઈ : પહોળાઈ - 3 : 2 રાખવામાં આવે છે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ જયંતી પ્રસાદ IBBI (Insolrency and Bankruptcy board of india)ના પૂર્ણકાલિન સભ્ય નિયુક્ત.
- ✓ હિમાચલ પ્રદેશ વ્હીકલ લોકેશન ટ્રેકિંગ ડિવાઈસ (VLTD)થી તમામ વાણિજ્યક વાહનોને ERSS (ઈમરજન્સી રિસ્પોન્સ સપોર્ટ સિસ્ટમ)થી જોડવાનો પ્રયાસ કરનાર દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- ✓ મલયાલમ ફિલ્મ નિર્માતા કે. પી. કુમારન જેસી ડેનિયલ એવોર્ડ 2022થી સન્માનિત.
- ✓ ISSF શુટિંગ વિશ્વ કપ 2022માં ભારતે 5 ગોલ્ડ, 6 સિલ્વર, 4 બ્રોન્ઝ સાથે કુલ 15 મેડલો જીત્યા.

- ✓ કેન્દ્રએ કાચા તેલના આયાતી કરમાં રૂ. 23,250 પ્રતિ ટનથી ઘટાડો કરી રૂ. 17,000 પ્રતિ ટન કર્યો.

## 23 જુલાઈ

### ❖ નીતિ આયોગનો 'ડિજિટલ બેંક' શીર્ષક સાથેનો રિપોર્ટ જાહેર

- ✓ નીતિ આયોગે 'Digital Banks : A propoosal forlicensing & regulatory regime for india' શીર્ષક હેઠળના આ રિપોર્ટમાં દેશ માટે ડિજિટલ બેંક લાઇસન્સિંગ અને નિયમનકારી શાસન માટેનો રોડમેપ તૈયાર કર્યો.
- ✓ UPI (યુનાઇફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ) હેઠળ ભારતમાં રૂ.4 ટ્રિલિયનના વ્યવહારોનો ઉલ્લેખ આ રિપોર્ટમાં કરવામાં આવ્યો છે.
- ✓ રિપોર્ટમાં પ્રતિબંધિત ડિજિટલ બિઝનેસ બેન્ક લાઇસન્સ અને પ્રતિબંધિત ડિજિટલ કન્ઝ્યુમર બેન્ક લાઇસન્સ રજૂ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે.

### ❖ આંતરરાષ્ટ્રીય ગુનાઓ પર આસિયાન

- ✓ આંતરરાષ્ટ્રીય ગુનાઓ પર આસિયાન - ભારતના વરિષ્ઠ અધિકારીઓની 9મી બેઠકનું આયોજન કરાયું.
- ✓ સમગ્ર બેઠકની સહઅધ્યક્ષતા ભારત તરફથી સંયુક્ત સચિવ (આતંકવાદ વિરોધી), વિદેશ મંત્રાલય, મહાવીર સિંઘવીએ કરી.
- ✓ આંતરરાષ્ટ્રીય ગુનાઓ પરનું આગામી સંમેલન 2023માં ઇન્ડોનેશિયામાં આયોજિત કરવામાં આવશે.
- ✓ આ બેઠકમાં વ્યાપક અને સતત આતંકવાદ અને આંતરરાષ્ટ્રીય ગુનાઓનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગને મજબૂત કરવાની જરૂરિયાત પર ભાર મૂકયો છે.
- ✓ બને દેશોએ આતંકવાદ, ગેરકાયદેસર ડ્રગની હેરાફેરી, વ્યક્તિઓની હેરાફેરી, આંતરરાષ્ટ્રીય આર્થિક અપરાધ, સાયબર ક્રાઇમના ક્ષેત્રોમાં સહયોગ અંગે ચર્ચાઓ કરી.

### ❖ દિનેશ ગુણવર્ધને શ્રીલંકાના નવા વડાપ્રધાન

- ✓ છ વખત વડાપ્રધાન પદ સંભાળનાર રાનિલ વિક્રમસિંઘે દેશના નવા રાષ્ટ્રપતિ પદના શપથ બાદ દિનેશ ગુણવર્ધનની વડાપ્રધાન તરીકે નિયુક્તિ કરાઈ.
- ✓ આ નિયુક્તિ બાદ શ્રીલંકામાં નવી કેબિનેટની રચના અને શપથ વિધિનું આયોજન કરવામાં આવશે.

### ❖ સ્વનિર્ભર નારી યોજના - અસમ

- ✓ અસમના મુખ્યમંત્રી હિમંત બિસ્વા સરમાએ અસમના ગુવાહાટી ખાતેથી આ યોજનાનો આરંભ કર્યો.
- ✓ આ યોજનાનો ઉદ્દેશ્ય રાજ્યના સ્વદેશી વણાટકામ સાથે જોડાયેલાઓને સશક્ત કરી તેમના પરિવારોને આર્થિક સહાય પૂરી પાડવાનો છે.
- ✓ આ યોજના હેન્ડલુમ અને ટેક્સટાઈલ વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે.

- ✓ યોજનામાં સ્વનિર્ભર નારી વેબ પોર્ટલ પરથી સરકાર વણકરો પાસેથી સીધી જ વસ્તુઓ ખરીદશે.

### ❖ દ્રૌપદી મૂર્મુ - ભારતનાં 15માં અને પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ

- ✓ દ્રૌપદી મૂર્મુ ભારતનાં 15માં અને પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ બન્યાં
- ✓ રાષ્ટ્રપતિ માટેની આ ચૂંટણીમાં દ્રૌપદી મૂર્મુને 6,76,803 મત (64.03%) જયારે યશવંત સિન્હાને 3,80,177 મત મળ્યા.
- ✓ આ ચૂંટણીમાં 17 સાંસદો અને 16 રાજ્યોના 104 ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું.
- ✓ ઓડીશાના મયુરભંજ જીલ્લાના રાયરંગપુરમાં જન્મેલાં મૂર્મુ સૌથી નાની વયનાં રાષ્ટ્રપતિ (64 વર્ષ એક મહિનો,બે દિવસ) બન્યાં.

  - **મૂર્મુ રાષ્ટ્રપતિ બનતાં 6 વિક્રમ સર્જાયા**

- ✓ પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ
- ✓ 64 વર્ષીય સૌથી યુવા રાષ્ટ્રપતિ
- ✓ આઝાદી બાદ જન્મનાર પ્રથમ રાષ્ટ્રપતિ
- ✓ ઓડીશાથી પ્રથમ રાષ્ટ્રપતિ
- ✓ રાષ્ટ્રપતિ બનનાર પ્રથમ નગર સેવક
- ✓ ભાજપના બીજા રાષ્ટ્રપતિ

  - **રાષ્ટ્રપતિ પદની છેલ્લી ચાર ચૂંટણીનાં પરિણામો**

- ✓ 2002 - અબ્દુલ કલામ (ભાજપ-કોંગ્રેસ) vs કેપ્ટન લક્ષ્મી સહેગલ (ડાબેર)
- ✓ 2007 - પ્રતિભા પાટિલ (UPA) vs ભૈરોસિંહ શેખાવત (BJP)
- ✓ 2012 - પ્રણવ મુખર્જી (VPA) vs પી એ સંગમ (BJP)
- ✓ 2017 - રામનાથ કોવિંદ (NDA) vs મીર કુમાર (વિપક્ષ)

### ❖ 23 જુલાઈ: National Broadcasting Day (રાષ્ટ્રીય પ્રસારણ દિવસ)

- ✓ 23 જુલાઇ, 1927માં ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપની હેઠળ બોમ્બે સ્ટેશનથી દેશમાં પ્રથમ વાર રેડિયો પ્રસારણ પ્રસારિત કરાયું હતું.
- ✓ 8 જૂન, 1936ના ભારતીય રાજ્ય પ્રસારણ સેવા ઓલ ઇન્ડિયા રેડિયો બની.
- ✓ ભારતમાં 1923માં બ્રિટિશ શાસન દરમિયાન ભારતમાં રેડિયો પ્રસારણ સેવા શરૂ કરી હતી.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ પ્રધાનમંત્રી આવાસ યોજનાને માર્ચ-2024 સુધી વિસ્તારવા કેન્દ્રનો વિચાર.
- ✓ સ્માર્ટ સિટી ઉપયોગ કરવામાં તમિલનાડુ ટોચ પર. 4333 કરોડમાંથી 3932 કરોડનો વપરાશ કર્યો આ યાદીમાં ઉત્તરપ્રદેશ બીજા સ્થાને.
- ✓ શૈક્ષણિક ડિગ્રીઓની પરસ્પર માન્યતા માટે ભારત અને બ્રિટન વચ્ચે સમજૂતી થઈ.
- ✓ ONGCએ GAIC, AGCL સાથે ગેસના વેચાણ માટે સમજૂતી કરી.
- ✓ કર્ણાટક કેબિનેટે 'કર્ણાટક રોજગાર નીતિ 2022-25'ને મંજૂરી આપી.

## 24 જુલાઈ

### ❖ બુરહાનપુર : દેશનો પ્રથમ 'હર ઘર જલ' પ્રમાણિત જિલ્લો

- ✓ બુરહાનપુર મધ્યપ્રદેશનો જિલ્લો છે જેમાં 254 ગામોમાં લોકોને નળના માધ્યમથી સુરક્ષિત પીવાલાયક પાણી પૂરું પાડવામાં આવે છે.
- ✓ 15ઓગસ્ટ, 2019ના રોજ જળ જીવન મિશનના શુભારંભ સમયે બુરહાનપુરમાં માત્ર 36.54% ઘરોમાં નળથી જળ પહોંચતું હતું.

### ❖ 68મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારના વિજેતાની જાહેરાત

- ✓ સૂચના અને પ્રસારણ મંત્રાલયે નવી દિલ્હી ખાતે 68મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર-2020ના વિજેતાઓ જાહેર કર્યા.
- ✓ સર્વશ્રેષ્ઠ ફીચર ફિલ્મ - સોરારઈ પોટ્ટુ
- ✓ સર્વશ્રેષ્ઠ અભિનેતા - સૂર્યાને (સોરારઈ પોટ્ટુ માટે) અને અજય દેવગનને (તાન્હાજી માટે).
- ✓ સર્વશ્રેષ્ઠ અભિનેત્રી - અપર્ણા બાલમુરલી (સોરારઈ પોટ્ટુ માટે)
- ✓ મધ્યપ્રદેશ - 'મોસ્ટ ફિલ્મ ફ્રેંડલી સ્ટેટ'નો પુરસ્કાર.
- ✓ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર પ્રથમ વાર 1954માં અપાયો હતો.

### ❖ ભારતના પ્રથમ યાત્રી ડ્રોન 'વરૂણ'નું અનાવરણ

- ✓ વડાપ્રધાન મોદીએ ભારતના પ્રથમ યાત્રી ડ્રોન 'વરૂણ'નું અનાવરણ કર્યું.
- ✓ વરૂણને વિશેષ રીતે ભારતીય નૌસેના માટે સ્ટાર્ટઅપ કંપની 'સાગર ડિફેન્સ એન્જીનિયરીંગ' દ્વારા વિકસિત કરાયું છે.
- ✓ 130 kg વજન માનવ પે લોડ સાથે 25 kmની સફર 25-30 મિનિટમાં પૂરી કરે છે.
- ✓ સાગર ડિફેન્સના CEO - નિકુંજ પારાશર.

### ❖ શ્રવણ તીર્થ દર્શન યોજના - ગુજરાત

- ✓ રાજ્યનાં યાત્રાધામોનો રાહત દરે પ્રવાસ કરાવતી સરકારની આ યોજનામાં તાજેતરમાં ફેરફાર કરાયા.
- ✓ એસ.ટી. સુપર બસ - નોન.એ.સી, એ.સ.ટી. મીની બસ - નોન એસી અથવા ખાનગી બસ જેનું ભાડું ઓછું હોય તેના 50% રકમ ચૂકવાતી હતી તે હવે 75% સુધી ચૂકવવામાં આવશે.
- ✓ આ યોજનામાં અગાઉ પ્રવાસની મર્યાદા બે રાત્રિ અને ત્રણ દિવસ એટલે કે 60 કલાક હતી જે હવે ત્રણ દિવસ અને ત્રણ રાત્રિ એટલે 72 કલાક કરવામાં આવી.
- ✓ યોજનામાં અગાઉ 75 વર્ષની વ્યક્તિ એકલી પ્રવાસ કરતી હોય તો તેણી સાથે એટેન્ડન્ટ તરીકે 60થી ઓછી વયની વ્યક્તિ રાખી શકતી જેમાં હવે 18 થી વધુ વયની વ્યક્તિ રાખી શકશે.

- ✓ અગાઉ ઓછામાં ઓછા 30 વરિષ્ઠ નાગરિકોના સમૂહની અરજી માન્ય હતી જે હવે 27 વરિષ્ઠ નાગરિકોના સમૂહની અરજી માન્ય રહેશે.

**❖ અમદાવાદને મેગાસિટી સભ્ય તરીકે C-40માં સ્થાન**

- ✓ કલાયમેટ રેઝિલિયન્ટ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટને વેગ આપવા બદલ અમદાવાદનો મેગાસિટી સભ્ય તરીકે C-40 શહેરમાં સમાવેશ કરાયો.
- ✓ દક્ષિણ અને પશ્ચિમ એશિયામાંથી C-40 શહેરોમાં જોડાનાર અમદાવાદ 10મું શહેર અને ભારતનું 6ઠ્ઠું શહેર બન્યું.
- ✓ રાજ્ય સરકાર સાથેના સહયોગથી AMCએ કલાયમેટ ચેન્જ અને એન્વાયરમેન્ટ એક્શન પ્લાનની શરૂઆત કરી શહેરના પર્યાવરણ સંબંધિત સમસ્યાઓનો ઉકેલ શોધીને અમલ કરાયો છે.

**❖ 24 જુલાઈ: National Thermal Engineer Day (રાષ્ટ્રીય થર્મલ એન્જિનિયર દિવસ)**

- ✓ The Advanced Thermal, inc (ATS)એ સૌ પ્રથમ 24 જુલાઈ 2014માં આ દિવસનો સ્વીકાર કર્યો અને તેનો હેતુ થર્મલ ઉદ્યોગોની નવીનતા તેમજ તેના પ્રત્યેના સમર્પણને ઉજાગર કરવાનો રહ્યો.
- ✓ ATSના મત મુજબ થર્મલ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા થતા પ્રયાસો સામાન્ય રીતે સોફ્ટવેર અને ઈલેક્ટ્રોનિક ક્ષેત્રોને કારણે પ્રચલિત થતા નથી. પરંતુ, થર્મલ સેકટરે ઇલેક્ટ્રોનિક તેમજ સોફ્ટવેર ક્ષેત્રના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ IIT દિલ્હી ખાતે વસ્તી ગણતરી સ્ટેશનનું ઉદ્ઘાટન કરાયું.
- ✓ IAPH (ઇન્ટરનેશનલ એસોસિએશન ઓફ પોર્ટ્સ એન્ડ હાર્બર્સ)એ એનારાસુ કરુનેસનને ભારતના પ્રતિનિધિ તરીકે પસંદ કર્યા.
- ✓ જમ્મુ ફિલ્મ મહોત્સવની બીજી આવૃત્તિ 3 સપ્ટેમ્બરથી આયોજિત થશે.
- ✓ 24 જુલાઈ: Income tax day (આવકવેરા દિવસ). પ્રથમ વાર આ દિવસ 2010માં ભારતમાં આવકવેરાને 150 વર્ષ પૂર્ણ થવા પર મનાવાયો હતો.

## 25 જુલાઈ

**❖ ભારત અને જાપાન વચ્ચે મેરીટાઇમ પાર્ટનરશીપ એકસરસાઈઝ**

- ✓ આંદામાન સમુદ્રમાં ભારતીય નૌકાદળ અને જાપાન મેરીટાઈમ સેલ્ફ ડિફેન્સ ફોર્સ વચ્ચે મેરીટાઇમ પાર્ટનરશીપ એકસરસાઈઝ થઇ.

- ✓ INS સુકન્યા, એક ઓફશોર પેટ્રોલિંગ જહાજ અને JS સમીદારે, ઓફશોર પેટ્રોલિંગ જહાજ જેવાં યુદ્ધ જહાજોનો ઉપયોગ આ અભ્યાસમાં કરાયો.
- ✓ અભ્યાસનો ઉદ્દેશ્ય ઇન્ટર ઓપરેટિબિલિટીને વધારવાનો અને સીમૈનશિપ તથા સંચાર પ્રક્રિયાઓને સુવ્યવસ્થિત કરવાનો છે.

### ❖ WHOએ મંકીપોક્સને વૈશ્વિક આરોગ્ય કટોકટી જાહેર કરી

- ✓ આ નિર્ણય WHOની મંકીપોક્સ અંગેની બીજી બેઠકમાં નિર્ણય લેવાયો.
- ✓ WHOના ડિરેક્ટર જનરલ ડો. ટેડ્રોસ આધાનમ ધેબ્રેયસસે આપેલ માહિતી મુજબ વિશ્વના 75 દેશોમાંથી 16,000થી વધુ કેસો નોંધાતાં આ નિર્ણય લેવાયો.
- ✓ WHOએ તાજેતરમાં જ કોરોના વાયરસ બાદ મંકીપોક્સને બીજી આરોગ્ય કટોકટી જાહેર કરી છે.

### ❖ અસમ સરકારે બીજા વન્યજીવ અભ્યારણ્યની મંજૂરી આપી

- ✓ અસમની બરાક ઘાટીને આ પ્રકારની મંજૂરી આપવામાં આવી જેમાં રાજ્યપાલ જગદીશ મુખીએ બરાક ભુબન વન્યજીવ અભ્યારણ્યના નિર્માણ પ્રસ્તાવને મંજૂર કર્યો.
- ✓ આ બરાક ઘાટીમાં જ અન્ય બોરેલ વન્યજીવ અભયારણ્ય પણ આવેલું છે.
- ✓ બરાક ભુવન વન્યજીવ અભયારણ્ય બરાક નદી અને સોનાઇ નદી વચ્ચે 320 ચોરસ કિમીના વિસ્તારમાં ફેલાયેલું હશે.
- ✓ આ વિસ્તારમાં પ્રાઈમેટ્સની આઠ પ્રજાતિઓ નોધાઈ જેમાં સ્લોલોરીસ, રિસસ મક્કા, પિગ-ટેલ્ડ મકાક, ટેલ્ડ મકાક, આસામી મકાક, કેટડ લંગુર, ફ્રેરેઞ્ઝ લીફ મંકી અને હૂલોક ગિબનનો સમાવેશ થાય છે.

### ❖ 2022 વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં નીરજ ચોપડાએ સિલ્વર મેડલ મેળવ્યો

- ✓ નીરજે USમાં આયોજિત વિશ્વ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં પુરુષ ભાલા ફેંકમાં આ મેડલ મેળવ્યો.
- ✓ ચોપડાએ 88.13 મીટરમાં પોતાનો સર્વશ્રેષ્ઠ થ્રો કરી બીજું સ્થાન મેળવ્યું.
- ✓ ગ્રેનેડિયન એન્ડરસન પીટર્સે 90.54 મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો.
- ✓ આ જીતથી નિરજ ચોપડા વિશ્વ એથ્લેટિક્સમાં સિલ્વર મેડલ મેળવનાર પ્રથમ ભારતીય બન્યો.

### ❖ અહમદ નવાફ અલ-અહમદ-કુવૈતના નવા વડાપ્રધાન નિયુક્ત

- ✓ કુવૈતના પૂર્વ સરકારે રાજીનામું આપ્યા બાદ 3 મહિના પછી અહમદ નવાફ અલ-અહમદ અલ-સબા નવા વડાપ્રધાન નિયુક્ત થયા.

- ✓ કુવૈતના સેન્ટર ફોર ગવર્નમેન્ટ કોમ્યુનિકેશન મુજબ, બંધારણની આવશ્યકતા મુજબ વડાપ્રધાન નિયુક્ત થયા પછી કાર્યભાર સંભાળતા પહેલાં તેમના નામાંકનની નેશનલ એસેમ્બલીને જાણ કરવામાં આવી.
- ✓ અગાઉના વડાપ્રધાન - સબાહ અલ-ખાલેદઅલ-હમદ અલ-સબાહ.
- ✓ નવા વડાપ્રધાનનો જન્મ 1956માં થયો હતો અને તેમણે નવેમ્બર 2020થી 2022 વચ્ચે કુવૈત નેશનલ ગાર્ડ ડેપ્યુટી કમાન્ડર તરીકે સેવા આપી હતી.

**❖ 25 જુલાઈ: World Drowing Prevention Day (વિશ્વ ડુબવાથી બચવાનો દિવસ)**

- ✓ UNએ આ દિવસ વિશ્વની ડુબવાની બાબતોએ વકીલાત કરવાના હેતુથી ઉજવવાની માન્યતા આપી.
- ✓ એપ્રિલ 2021માં UN મહાસભાએ એક પ્રસ્તાવ દ્વારા તેને માન્યતા આપી.
- ✓ સંયુકત રાષ્ટ્ર અનુસાર પ્રતિવર્ષ લગભગ 2,36,000 લોકોનાં ડૂબવાથી મૃત્યુ થાય છે.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ નેસકોમ અને ગૂગલે ‘ડિજીવાણી’ કોલ સેન્ટર શરૂ કર્યું જે હેઠળ ગ્રામીણ મહિલાઓને ઉધમીતા અંગેનું પ્રશિક્ષણ અપાશે.
- ✓ IIT કાનપુરે સ્ટાર્ટઅપ ઇન્ક્યુબેશન એન્ડ ઇનોવેશન સેન્ટર હેઠળ NIRMAN એક્સિલરેટર પ્રોગ્રામ શરૂ કર્યો. જે અંતર્ગત નવીનતમ સ્ટાર્ટઅપ શરૂ કરવા અંગે પ્રશિક્ષણ તથા સારા પ્રદર્શન કરનાર સ્ટાર્ટ અપને રૂ. 1 મિલિયનનો પુરસ્કાર અપાશે.
- ✓ મૈક્સ વર્સ્ટેપનને ફ્રેન્ચ ગ્રાંડ પ્રિક્સ જીત્યો.
- ✓ પ્રથમ ખેલો ઇન્ડિયા ફેંસિંગ વિમેન્સ લીગ તાલકટોર ઇન્ડોર સ્ટેડિયમ, નવી દિલ્હીમાં શરૂ.

## 26 જુલાઈ

**❖ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે DPDનાં ત્રણ પુસ્તકોનું વિમોચન કર્યું**

- ✓ કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે ઉપરાષ્ટ્રપતિ એમ. વૈંકૈયા નાયડુ, રામનાથ કોવિંદની હાજરીમાં આ પુસ્તક વિમોચન કર્યું.
- ✓ ત્રણ પુસ્તકો :-
  1. મૂડ, મોમેન્ટ્સ અને મોમોરિઝ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ (1950-2017)ની હિસ્ટ્રી
  2. પ્રથમ નાગરિક રામનાથ કોવિંદનું ચિત્રાત્મક વર્ણન
  3. ભૂમિતિનું અર્થઘટન - રાષ્ટ્રપતિ ભવનનું માળખું

**❖ યુરોપમાં મંકીપોક્સ વેક્સિન IMVANEX સ્વીકૃત થઇ**

- ✓ યુરોપિયન મેડિસિન એજન્સી (EMA)એ વયસ્કોને મંકીપોક્સથી બચાવવા માટે ઈમ્વાનેક્સ નામની વેક્સિન બનાવી તેને સ્વીકૃત કરી.
- ✓ ઇમવેનેક્સ વેક્સિનિયા વાયરસનું એક નબળું સ્વરૂપ છે, જેને 'મોડિફાઇડ વેક્સિનિયા વાયરસ અંકાર' કહેવાય છે. જે શીતળાના વાયરસથી સંબંધિત છે.
- ✓ મંકીપોક્સ સામે આ રસી 85% અસરકારક સાબિત થઈ છે.

### ❖ વસીફા નાજરીન K2 ચડનાર પ્રથમ બાંગ્લાદેશી બની

- ✓ પર્વતારોહી વસીફા નાજરીને પાકિસ્તાનની બીજી સૌથી ઊંચી પર્વત ચોટી $K_2$ પર ચડવાનો વિક્રમ બનાવ્યો.
- ✓ તેણે 8611 મીટર (28,251 ફૂટ) ઊંચી $K_2$ પર ચડીને આ રેકોર્ડ બનાવ્યો.
- ✓ વસીફાએ 2012માં માઉન્ટ એવરેસ્ટ સર કર્યો હતો અને આવું કરનાર તે બાંગ્લાદેશની બીજી મહિલા બની હતી.

### કરન્ટ ઇન શોર્ટ

- ✓ ઓસ્કાર નામાંકિત નિર્દેશક બોબ રાફેલસનનું નિધન થયું.
- ✓ વોડાફોન આઈડિયાએ અક્ષય મુંદ્રાને CEO નિયુક્ત કર્યા.
- ✓ SBIએ ખાતાની રકમ, મીની સ્ટેટમેન્ટ મેળવવા માટે વ્હોટસએપ બેન્કિંગ સેવા શરૂ કરી.
- ✓ HDFC બેંક તેની મૂળ કંપની HDFC (હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડ)માં વિલય થયા બાદ વિશ્વની ટોચની 10 બેંકોમાં સમાવિષ્ટ થશે.
- ✓ હ્યૂસ્ટન વિશ્વવિદ્યાલયમાં ભારતીય મૂળના પ્રોફેસર કૌશિક રાજશેખરને વર્ષ 2022 માટે પ્રતિષ્ઠિત વૈશ્વિક ઊર્જા પુરસ્કાર અપાયો.
- ✓ ભારતીય મહિલા ટીમની પૂર્વ વિકેટ કીપર કરુણા જૈને ક્રિકેટનાં તમામ ફોર્મેટમાંથી સંન્યાસ જાહેર કર્યો. તેણીએ 2004માં વેસ્ટ ઇન્ડિઝ સામેની ODIમાં ડેબ્યૂ કર્યું હતું.

## 27 જુલાઈ

### ❖ ભારતના ઈંદરમિટ ગિલ વિશ્વ બેંકના મુખ્ય અર્થશાસ્ત્રી બન્યા

- ✓ વિશ્વ બેંકે ભારતીય નાગરિક ઈંદરમિટ ગિલને તેના મુખ્ય અર્થશાસ્ત્રી અને વિકાસ અર્થશાસ્ત્રના વરિષ્ઠ ઉપાધ્યક્ષ નિયુક્ત કર્યા.
- ✓ ગિલ અમેરિકન અર્થશાસ્ત્રી કારમેન રેનહાર્ટનું સ્થાન લેશે અને તેમની નિયુક્તિ 1 સપ્ટેમ્બર, 2022થી થશે.

- ✓ હાલમાં તેઓ સમાન વિકાસ નાણા અને સંસ્થાઓના ઉપાધ્યક્ષ છે અને તેમણે મૈક્રોઈકોનોમિક્સ વ્યાજ વગેરે વિષયો પર કાર્યો કરેલાં છે.

### ❖ 'દિલીપ કુમાર: ઈન ધ શૈડો ઓફ એ લિજેન્ડ' પુસ્તકનું વિમોચન

- ✓ લેખક ફૈસલ ફારૂકી લિખિત આ પુસ્તક અભિનેતા દિલીપ કુમારના જીવન પર આધારિત છે જેમને યૂસુફ ખાનના નામથી પણ ઓળખવમ આવે છે.
- ✓ આ પુસ્તકમાં અભિનેતાની એવી અંગત બાબતો કે જે હાલ સુધીમાં પ્રકાશનમાં ન આવી હોય તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.
- ✓ ફારૂકી Mouthshut.comના સંસ્થાપક CEO છે.

### ❖ 'સ્માર્ટ-ઈ-બીટ' સિસ્ટમ - હરિયાણા

- ✓ હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે ગુરુગ્રામ ખાતે પોલીસની હાજરીનું નિરીક્ષણ કરતી આ સિસ્ટમનું લોન્ચિંગ કર્યું.
- ✓ આ સિસ્ટમ SPI (સ્માર્ટ પોલીસીંગ ઈનિશિએટીવ) હેઠળ દાખલ કરવામાં આવી છે.
- ✓ અગાઉ બીટ પર તૈનાત પોલીસકર્મીઓ તેમની હાજરી પોતે જ ચિહ્નિત કરતા હતા જયારે આ સિસ્ટમથી હવે તેમનું જે-તે સમયનું સ્થાન (Live Location) જાણી શકાશે અને તેમની કામગીરી પર નજર રાખી શકાશે.
- ✓ આ સિસ્ટમ ગુરુગ્રામનાં તમામ 33 પોલીસ સ્ટેશનને આવરી લેશે તથા 119 જેટલા મોટરસાઈકલ સવારોને તૈનાત કરશે.

### ❖ ખાતર વ્યવસ્થાપન માટે NDDBની પેટાકંપનીની સ્થાપના કરાઈ

- ✓ કેન્દ્રીય મત્સ્યોધોગ, પશુપાલન અને ડેરી મંત્રી પરસોત્તમ રૂપાલાએ સમગ્ર દેશમાં ખાતર વ્યવસ્થાપન પહેલ માટે રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડની સંપૂર્ણ માલિકીની પેટાકંપની NDDBMRIDA લિમિટેડની શરૂઆત કરી.
- ✓ આ સંસ્થા સ્લરી (છાણા)ના વેચાણથી ખેડૂતો માટે વધારાની આવકના માર્ગો ખોલશે તથા બાયોગેસ સાથે રાંધણના ઇંધણના ઉત્પાદનથી ખેડૂતોને બચતમાં મદદ કરશે.
- ✓ ભારતના વર્તમાન LPG વપરાશના 50% સમકક્ષ બાયોગેસ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે અને ભારતની NPK જરૂરિયાતના 44% જેટલી બાયોસ્લરી પણ ઉત્પન્ન કરે છે.

### ❖ 27 જુલાઈ: ડો. એ. પી. જે અબ્દુલ કલામની 7મી પુણ્યતિથિ

- ✓ તેમને ભારતના મિસાઈલ મેન તરીકે ઓળખવામાં આવે છે.
- ✓ તેમણે ભારતના પ્રથમ સ્વદેશી સેટેલાઈટ લોન્ચ વ્હીકલ (SLV-III)ના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું, જેણે જુલાઈ 1980માં રોહિણી ઉપગ્રહને પૃથ્વીની કક્ષામા સફળતાપૂર્વક સ્થાપિત કર્યું.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ આશિષ કુમાર ચૌહાણ NSE (નેશનલ સ્ટોક એક્સચેન્જ)ના MD અને CEO નિયુક્ત થયા.
- ✓ NASAના OSIRIS-REXના વૈજ્ઞાનિકોના અહેવાલ અનુસાર સૂર્યની ગરમીના કારણે 10,000થી 1,00,000 વર્ષોમાં બેન્નુ જેવા ક્ષુદ્રગ્રહોની સપાટી તૂટી તેનું સુક્ષ્મ કણોમાં વિભાજન થશે.
- ✓ ઇન્ડિયન લાઇન ઓફ ક્રેડિટ હેઠળ નિર્મિત 8મા IT/હાઇટેક પાર્કની સિંગરા, નટોરા ખાતે આધારશિલા મૂકવામાં આવી. આ બાંગ્લાદેશને અપાયેલ ઇન્ડિયન લાઇન ઓફ ક્રેડિટ (LOC) હેઠળની 12 IT/હાઇટેક પાર્કમાંનો 8મો પાર્ક છે.
- ✓ 27 જુલાઈ: CRPF (Central Reserue Police Force)નો 83મો સ્થાપના દિવસ (સ્થાપના - 1939).
- ✓ HCL ટેકનોલોજીની ચેરપર્સન રોશની નાદર મલ્હોત્રા 84,330 કરોડ રૂપિયાની સંપતિ સાથે ભારતની સૌથી અમીર મહિલા બની. આ રિપોર્ટ કોટક પ્રાઇવેટ બેંકિંગ હુરુન-લીડિંગ વેલ્થ વુમન લિસ્ટ' અનુસાર અપાયો છે.

**28 જુલાઈ**

**❖ ભારતીય સેનાને સ્વદેશી ક્વિક રિએક્શન ફાઈટિંગ વ્હીકલ ડિલિવર**

- ✓ Tata Group એ ભારતીય સેનાને સ્વદેશી રીતે વિકસિત ક્વિક રિએક્શન ફાઈટિંગ વ્હીકલ ડિલિવર કર્યા.
- ✓ કંપનીના આ QRFV (ક્વિક રિએક્શન ફાઈટિંગ વ્હીકલ)ની મદદથી ભવિષ્યમાં સંઘર્ષ અને યુદ્ધ જેવી સ્થિતિમાં ભારતીય સેનાની ઓપરેશન ક્ષમતાઓને વધારી શકાશે.
- ✓ ભારતીય સેનાએ આ અગાઉ અલ્ટ્રા લોન્ગ રેન્જ ઓબ્ઝર્વેશન સિસ્ટમને સૈન્યમાં દાખલ કરી હતી.

**❖ ભારત ફોર્જે ટ્રેનોના નિર્માણ માટે તે ટેલ્ગો સાથે ભાગીદારી કરી**

- ✓ ભારત ફોર્જની સહાયક કંપની BF ઈન્ફ્રાસ્ટ્રક્ચરે ભારતમાં હાઇસ્પીડ ટ્રેનોના નિર્માણ માટે ટેલ્ગો સાથે ભાગીદારી કરી.
- ✓ ભારત સરકારે તાજેતરમાં 200 કિ.મી. પ્રતિ કલાકની મહત્તમ ઝડપ સાથે 100 વન ડે ભારત ટ્રેન માટે ટેન્ડર બહાર પાડ્યું હતું જે હેઠળ આ ટ્રેનોમાં આર્ટિક્યુલેટેડ બોગી, એલ્યુમિનિયમ બોડી અને સ્લીપરની સુવિધા હશે.

**❖ RBIએ દાવો ન કરાયેલી થાપણો અંગે જાગૃતિ અભિયાન શરૂ કર્યું**

- ✓ રિઝર્વ બેંકે એવાં આઠ રાજ્યો પર ધ્યાન કેન્દ્રિત કરી રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરી જ્યાં સૌથી વધુ દાવા વગરની થાપણો છે.
- ✓ સેન્ટ્રલ બેંકના વાર્ષિક અહેવાલ અનુસાર બેંકોમાં દાવા વગરની થાપણો અગાઉના નાણાકીય વર્ષમાં રૂ. 39,264 કરોડ હતી જે FY22માં વધીને 48,262 કરોડ રૂ. થઈ.
- ✓ RBIના અહેવાલ અનુસાર મોટા ભાગનું ભંડોળ તમિલનાડુ, પંજાબ, ગુજરાત, મહારાષ્ટ્ર, બંગાળ, કર્ણાટક, બિહાર અને તેલંગાણા/આંધ્રપ્રદેશની બેંકોમાં પડેલું છે.
- ✓ RBIના નિયમ અનુસાર બચત/ચાલુ ખાતામાં બેલેન્સ કે જે 10 વર્ષ સુધી સંચાલિત ન હોય તે અને 10 વર્ષની અંદર દાવો ન કરવામાં આવેલ થાપણો તે 'દાવા વગરની થાપણો' તરીકે સ્વીકારાય છે.
- ✓ આ પછી આ રકમ RBI દ્વારા 'થાપણકર્તા શિક્ષણ અને જાગૃતિ ફંડ'માં જમા કરાય છે.

### ❖ ભારતનું પ્રથમ બ્રેન હેલ્થ ક્લિનિક - બેંગલુરુ

- ✓ કર્ણાટકના સ્વાસ્થ્ય મંત્રી ડો. કે. સુધાકરે આ ક્લિનિકનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ આ ક્લિનિકમાં સામાન્ય ન્યુરોલોજિકલ વિકાર ધરાવતા દર્દીઓના નિદાન, ઉપચાર અને તેને લગતી કાર્યવાહી માટે કામ કરવામાં આવશે.
- ✓ આ હોસ્પિટલ જયનગર જનરલ હોસ્પિટલમાં શરૂ કરવામાં આવી છે.
- ✓ 'બધા માટે મગજનું સ્વાસ્થ્ય' થીમ ઉપર આધારિત Ka-BHI (Karnataka બ્રિન Health Initiative) નામનો ડોકટરોને મગજના સ્વાસ્થ્ય સંબંધિત પ્રશિક્ષિત કરવા અંગે પ્રશિક્ષણ કાર્યક્રમ પણ શરૂ કરાયો.

### ❖ કેનરા ai1 મોબાઈલ એપ

- ✓ કેનરા બેંકે કેનરા ai1 નામની મોબાઈલ બેન્કિંગ સુપર સેવા લોન્ચ કરી.
- ✓ બેન્કિંગ એપ તેના ગ્રાહકોને બેન્કિંગની જરૂરિયાતો પૂરી કરવા માટે 250થી વધુ સુવિધાઓ સાથે વન-સ્ટેપ સુવિધા પૂરી પાડશે.
- ✓ આ એપનો મુખ્ય ઉદ્દેશ્ય વિવિધ બેન્કિંગ સેવાઓનો લાભ લેવા માટે અલગ અલગ મોબાઈલ એપનો ઉપયોગ સમાપ્ત કરવાનો છે.
- ✓ કેનરા બેંકના MD અને CEO - લિંગમ વેંકટ પ્રભાકર.
- ✓ કેનરા બેંકનું મુખ્યાલય - બેંગલુરુ.

### ❖ 28 જુલાઈ: World Nature Conservnation Day (પ્રાકૃતિક સંરક્ષણ દિવસ)

- ✓ પ્રાકૃતિક સંસાધનના મહત્વને અને તેના રક્ષણ માટે જાગૃતિ લાવવા આ દિવસ મનાવાય છે.
- ✓ પૃથ્વી વર્તમાન સમયમાં જલવાયુ પરિવર્તન, વન્ય જીવોના આવાસ નુકસાની જેવી બાબતોથી લડી રહી છે.

- ✓ વર્ષ 2022ની થીમ - 'લિવિંગ સસ્ટેનેબલી ઇન હાર્મની વિથ નેચર'.

❖ **28 જુલાઈ: World Hepatitis Day (વિશ્વ હિપેટાઈટીસ દિવસ)**

- ✓ હેપેટાઈટીસ લીવરના સોજાનું કારણ બને છે જેનાથી ગંભીર બિમારી અને લીવરનું કેન્સર થાય છે.
- ✓ તેના અંગે જાગૃતિ લાવવાના હેતુથી દર વર્ષે આ દિવસ ઉજવાય છે.
- ✓ હિપેટાઈટીસના પાંચ સામાન્ય સ્ટ્રેન A, B, C, D, E છે.
- ✓ આ દિવસ પ્રથમ વાર વર્ષ 2008માં મનાવાયો.
- ✓ વર્ષ 2022 ની થીમ - 'બ્રિંગિંગ હેપેટાઈટીસ કેર ક્લોઝર ટુ યુ'.

**કરન્ટ ઇન શોર્ટ**

- ✓ અમેરિકાની ફર્મ પૈનાટોની ભારતના લોજિસ્ટિક પાર્કોમાં $ 200 મિલિયનનું રોકાણ કરશે.
- ✓ કેન્દ્ર સરકારના નોર્થ-ઇસ્ટ સ્પેસ એપ્લીકેશન સેન્ટર સાથે પ્રાકૃતિક આપત્તિઓની પૂર્વ ચેતવણી મેળવતી પ્રણાલીમાં જોડાનાર અસમ, અરુણાચલ પ્રદેશ, મેઘાલય બાદ ત્રિપુરા ચોથું રાજ્ય બન્યું.
- ✓ પૂર્વ ભારતીય સેના પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવણેને ભારત-અમેરિકા સંબંધોને મજબૂત કરવામાં તેમણે આપેલા યોગદાન બદલ US-ઇન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોર્મ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.
- ✓ પંજાબી ગાયક બલવિંદર સફરી (ગીતો - ઓ ચાન મેરેમખના, પાઓ ભાંગડા, ગલસુન કુડિયે, નચદીનું)નું નિધન થયું.

**29 જુલાઈ**

❖ **29 જુલાઈ: International Tigar Day (આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ)**

- ✓ વિશ્વભરમાં વાઘોને સાથે થઇ રહેલી સમસ્યાઓ માટે લોકોને જાગૃત કરવા માટે આ દિવસ મનાવાય છે.
- ✓ વર્ષ 2010માં સેંટ પીટસબર્ગ ટાઇગર સમિટ દ્વારા આ દિવસને માન્યતા આપવામાં આવી.
- ✓ વિશ્વ વન્ય જીવના અહેવાલ અનુસાર વિશ્વભરમાં માત્ર 3900 જંગલી વાઘ જીવીત છે.
- ✓ 1973માં વાઘને બચાવવા માટે ભારતમાં પ્રોજેક્ટ ટાઇગર શરૂ કરવામાં આવ્યો હતો.

❖ **પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ 'વિક્રાંત' ભારતીય નૌ સેનાને સોપાયું**

- ✓ કોચીન શિપયાર્ડ લિમિટેડે પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ વિક્રાંત ભારતીય નૌસેનાને સોપ્યું.

- ✓ 262 મીટર લંબાઈનું આ વિમાનવાહક દેશમાં બનેલું સૌથી મોટું જહાજ છે જેના માટે 20,000 કરોડની રકમ રોકાણ કરાઈ છે.

### ❖ 2024 પેરિસ ઓલિમ્પિકના અધિકારિક સૂત્ર 'ગેમ્સવાઈડ ઓપન'નું અનાવરણ

- ✓ 2024 પેરિસ ઓલિમ્પિકના અધિકારિક સૂત્ર તરીકે 'ગેમ્સવાઈડ ઓપન'નું અનાવરણ કર્યું.
- ✓ અગાઉ 1990 અને 1924માં આયોજન બાદ પેરિસ ખાતે 2024માં ત્રીજી વખત ગ્રીષ્મકાલીન ઓલિમ્પિકનું આયોજન થશે.
- ✓ આ આયોજન 26 જુલાઈથી 11 ઓગસ્ટ 2024 સુધી થશે.
- ✓ આ ઓલિમ્પિકમાં 32 રમતોમાં કુલ 329 સ્પર્ધકો ભાગ લેશે.

### ❖ જેફરી આર્મસ્ટ્રોંગને 'ડિસટિન્ગુઈશ્ડ ઈંડોલોજિસ્ટ ફોર 2021' પુરસ્કાર

- ✓ કનાડાના વેંકૂવર ખાતે કેનાડાના વિદ્વાન જેફરીને ભારતીય સંસ્કૃતિક સંબંધ પરિષદ (ICCR) દ્વારા આ પુરસ્કાર અપાયો.
- ✓ આ પુરસ્કાર તેમણે 'ભારતના ઈતિહાસ અને સંસ્કૃતિના અધ્યયનમાં તેમના વિશેષ યોગદાન' બદલ અપાયો છે.
- ✓ વર્ષ 2015માં આ પુરસ્કારની સ્થાપના કરવામાં આવી હતી.

### ❖ મુખ્યમંત્રી નાશ્તા યોજના - તમિલનાડુ

- ✓ તમિલનાડુ સરકારે 1545 સરકારી પ્રાથમિક શાળામાં આ યોજનાની પ્રથમ આવૃત્તિ શરૂ કરી.
- ✓ વર્ષ 2022-23માં આ યોજનામાં ધો-1થી 5ના 1.14 લાખ બાળકોને તેનો લાભ મળશે.
- ✓ યોજનામાં દરેક વિદ્યાર્થીને શાકભાજી સાથે સંભાર અને 150-500 gm નાસ્તો અપાશે.
- ✓ અઠવાડિયામાં બે દિવસ નાસ્તામાં બાજરીની આઈટમનો ઉપયોગ થશે.

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ સેબેસ્ટિયન વેટેલે ફોર્મૂલા વનથી સંન્યાસની જાહેરાત કરી.
- ✓ IIT મદ્રાસે ભારતીય ભાષા ટેકનિકને પ્રોત્સાહિત કરવા માટે 'AI4 ભારત-નિલેકણિ કેન્દ્ર'ની સ્થાપના કરી.
- ✓ પંજાબમાં રમત-ગમત વિભાગ 14થી 60 વર્ષની વયનાઓ માટે વિવિધ 30 રમતો સાથે 'ખેડ મેલા' આયોજિત કરશે.
- ✓ PM મોદીએ ચેન્નઈમાં 44મા શતરંજ ઓલિમ્પિયાડનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ કેન્દ્ર સરકારે 11મી કૃષિ જનગણના 2021-22 શરૂ કરી.

**30 જુલાઈ**

### ❖ અંગોલામાં 300 વર્ષમાં પ્રથમ વાર સૌથી મોટો ગુલાબી હીરો મળ્યો

- ✓ આફ્રિકન દેશ અંગોલાની ખાણમાંથી આ હીરા મળી આવ્યો છે. આ હીરો 170 કેરેટનો છે.
- ✓ જાણકારોના મતે પાછલા 300 વર્ષમાં શોધાયેલો આ સૌથી મોટો ગુલાબી હીરો છે.
- ✓ આ ખાણની માલિકીનો હક લુકાપા ડાયમંડ કંપની પાસે છે.
- ✓ કંપનીએ જણાવ્યું હતું કે આ દુર્લભ લૂલો રોઝ હીરો અંગોલાની લુલો ખાણમાં મળ્યો છે.

### ❖ BSNL અને BBNLનું મર્જર કરાશે

- ✓ BSNL માટે 1.64 લાખ કરોડના પેકેજને કેબિનેટે મંજૂરી આપતાં BSNL અને BBNLનું મર્જર કરાશે.
- ✓ BSNLને ખોટમાંથી બહાર કાઢવા માટે PMની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં BSNLને પુનઃજીવિત કરવા માટેના પેકેજને જાહેર કરવા અને 25000 ગામડાઓમાં મોબાઈલ કનેક્ટિવીટી પહોંચાડવવા અંગે નિર્ણયો લેવાયા.
- ✓ IT મંત્રી અશ્વિની વૈષ્ણવે BSNL અને BBNLના મર્જરને મંજૂરી આપી.
- ✓ BBNL હેઠળ ભારતનેટ વિશ્વના સૌથી મોટા ગ્રામીણ બ્રાંડબેન્ડ પ્રોજેક્ટ પૈકી એક છે જેને યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (VSOF) દ્વારા ભંડોળ પૂરું પડાય છે.
- ✓ BSNL મુંબઈ અને દિલ્હી સિવાય સમગ્ર ભારતમાં ટેલિકોમ સેવાઓ (લેન્ડલાઇન,વાયરલેસ) ઓફર કરે છે.
- ✓ BSNL - Bharat Sanchar Nigam Limited.
- ✓ BBNL - Bharat Broad 6 and Network.

### ❖ NIYએ મંકીપોક્સના વાયરસ સ્ટ્રેનનો સફળતાપૂર્વક અલગ કર્યો

- ✓ પૂણેની નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજીએ પ્રથમ વાર આ પ્રકારની સફળતા મેળવી છે.
- ✓ NIV ઇન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચ (ICMR) હેઠળ કામ કરે છે.
- ✓ ભારતીય સ્ટ્રેનના જીનોમિક અનુક્રમે પશ્ચિમી આફ્રિકી સ્ટ્રેન સાથે 99.85% મળતો આવે છે.
- ✓ મંકીપોક્સ એક તીવ્ર વાયરલ બિમારી છે જેનાં લક્ષણોમાં તાવ, નાકમાંથી નીકળતું પાણી મુખ્ય છે.

### ❖ દિનેશ શાહર લાઈફટાઇમ એવોર્ડ પ્રથમ વખત અપાયો

- ✓ DSF (દિનેશ શાહરા ફાઉન્ડેશન)ને સંગીતમાં ઉત્કૃષ્ટતા માટે આ પ્રથમ વખત એવોર્ડ અપાયો.
- ✓ સમગ્ર એવોર્ડ ઇન્ડિયન આર્ટ્સ એન્ડ કલ્ચરલ સોસાયટીના સમર્થનથી અપાય છે.
- ✓ કાર્યક્રમમાં દિનેશ શાહરાના પુસ્તક 'સનાતન લીલા' નું વિમોચન કરવામાં આવ્યું.

### ❖ લિમ્કા સ્પોર્ટ્સના પ્રચાર માટે કોકા-કોલાએ નીરજ ચોપડા સાથે કરાર કર્યા

- ✓ નીરજ ચોપડાના ઓલિમ્પિક સ્વર્ણ પદક જીત્યા બાદ આ કરાર કરાયો.
- ✓ નીરજ ચોપડ વિશ્વ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં 88.13 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે સિલ્વર મેળવનાર પ્રથમ ભારતીય બન્યા.
- ✓ નીરજ ચોપડા વિશ્વ એથલેટિક્સ ચેમ્પિયનશિપમાં થયેલી ઈજાના કારણે ઈંગ્લેંડના બર્મિંદામમાં આયોજિત થનાર કોમનવેલ્થ ગેમ્સ-2022માંથી બહાર થયા છે.

### ❖ CWG 2022 માટે ભારતના ધ્વજવાહકો

- ✓ ભારતીય પુરુષ હોકી ટીમના કેપ્ટન મનપ્રીત સિંહ અને શટલર પી. વી. સિંધુ CWG-2022 (કોમન વેલ્થ ગેમ્સ)ના ઉદ્ઘાટન સમારોહ માટે ભારતના ધ્વજવાહક બન્યા.
- ✓ સિંધુ ગોલ્ડ કોસ્ટમાં 2018 CWGમાં ધ્વજવાહક રહી ચૂકી છે.
- ✓ ભારતના કુલ 215 એથ્લીટ 28 જુલાઈથી 8 ઓગસ્ટ 2022 સુધી ઈંગ્લેન્ડના બર્મિંદામમાં આયોજિત થનાર CWG 2022માં ભાગ લેશે.

### ❖ ICCમાં ત્રણ નવા દેશોનો સમાવેશ

- ✓ બર્મિંધમ ખાતે આયોજિત ICC (International Cricket Council)ના વાર્ષિક સંમેલનમાં 3 નવા દેશોને એસોસિએટ સભ્ય તરીકે પસંદ કરવામાં આવ્યા.
- ✓ આ ત્રણ દેશોમાં એશિયામાંથી કંબોડિયા અને ઉઝબેકિસ્તાન તથા આફ્રિકામાંથી કોટે ડી આયવરનો સમાવેશ થાય છે.
- ✓ આ નવા દેશોના જોડાણથી ICCના સદસ્યોની કુલ સંખ્યા 108 થઈ ગઈ.

### ❖ 30 જુલાઈ: માનવ તસ્કરી વિરુદ્ધ વિશ્વ દિવસ

- ✓ World Day Against Traffickcig inPersons.
- ✓ સંયુકત રાષ્ટ્ર ડ્રગ્સ અને અપરાધ કાર્યાલય (UNODC) દ્વારા માનવ તસ્કરી પીડિતોના દુ:ખ અને અધિકારોની રક્ષા કરવા માટે જાગૃતતા લાવવા આ દિવસ દર વર્ષે 30 જુલાઈએ ઉજવવાનું નક્કી કર્યું.
- ✓ આ દિવસ સૌ પ્રથમ વાર 2013માં ઉજવવામાં આવ્યો હતો.
- ✓ વર્ષ 2022 ની થીમ - 'યૂઝ એન્ડ એબ્યૂઝ ઓફ ટેકનોલોજી.'

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ સરકારે અગાઉથી પેક કરાયેલા ખાધ પદાર્થો પર 5% GSTની જાહેરાત કરી.
- ✓ અરવિંદ ચિદમ્બરમે 41મો વિલાડી બેવાસ્ક ઇન્ટરનેશનલ શતરંજ ઓપનનો ખિતાબ જીત્યો.
- ✓ નેધરલેન્ડે EIH મહિલા હોકી વિશ્વ કપ 2022 જીત્યો.
- ✓ સરકાર દ્વારા સીવર, સેપ્ટિક ટેન્કની સફાઇ માટે NAMSTE (National Action Plan For Mechanized Sanitation Ecosystem) યોજના લાગુ કરાઈ.

- ✓ ફોર્બ્સની રિયલ ટાઇમ અરબપતિની યાદીમાં એલોન મસ્ક ટોચના સ્થાને.
- ✓ ભારત સરકારે કુલ 272 જિલ્લામાં 'નશામુક્ત ભારત અભિયાન' શરૂ કર્યું.

## 31 જુલાઈ

### ❖ વડાપ્રધાને Flagship Revamped Distribution Sector Scheme લોન્ચ કરી

- ✓ વડાપ્રધાને ઊર્જા મંત્રાલય માટે આ યોજના લોન્ચ કરી છે, જે 'ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય-પાવર @ 2047' અંતર્ગત આયોજિત થયેલા કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવી.
- ✓ યોજનાનો ઉદ્દેશ્ય નાગરિકોને સરકારની વિવિધ પાવર સંબંધિત યોજનાઓ અને કાર્યક્રમોમાં સહભાગી બનાવવાનો છે.
- ✓ નાણાકીય વર્ષ 2021-22 થી 2025-26 સુધીમાં તમામ પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓમાં 3 લાખ કરોડનો ખર્ચ કરી લોકોની પાવર સંબંધિત સુવિધાઓ વધારવાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે.
- ✓ આ સાથે વડાપ્રધાને 'રાષ્ટ્રીય સોલાર રૂફટોપ પોર્ટલ' લોન્ચ કર્યું જે રૂફટોપ સોલાર પ્લાન્ટની સ્થાપનાની પ્રક્રિયાના ઓનલાઈન ટ્રેકિંગને સક્ષમ બનાવશે તથા નોધણીથી ગ્રાહકના બેંક ખાતામાં સબસીડ પહોંચાડવા સુધીની પ્રક્રિયા કરશે.

### ❖ ગુજરાત સેમીકન્ડકટર નીતિ શરૂ કરનાર પ્રથમ રાજ્ય બન્યું

- ✓ ગુજરાત રાજ્ય સરકારે 'ગુજરાત સેમીકન્ડકટર નીતિ 2022-27'ની જાહેરાત કરી.
- ✓ આ નીતિ અંતર્ગત રાજ્યમાં સેમીકન્ડકટરના ઉત્પાદનને વેગ આપવા અને આગામી પાંચ વર્ષમાં બે લાખ નોકરીના સર્જનનો ઉદ્દેશ્ય અપાયો છે.
- ✓ આ જાહેરાતની સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત રાજ્ય ઇલેક્ટ્રોનિક્સ મિશનની સ્થાપનાની જાહેરાત કરી.
- ✓ નીતિના ભાગ રૂપે સરકાર આગામી સમયમાં ધોલેરા ખાતે ધોલેરા સેમિકોન સિટીની સ્થાપના કરશે અને ત્યાં સેમીકન્ડકટરના મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ સ્થાપવા જમીન ખરીદીમાં પ્રથમ 200 એકર જમીન પર 75% સબસિડી આપશે. ત્યારપછી અન્ય મંજૂર થયેલ જમીન પર 50% સબસિડી આપશે.
- ✓ પ્રોજેક્ટ્સની શરૂઆતનાં પાંચ વર્ષ માટે ઔધોગિક વપરાશ માટે 12 રૂ. પ્રતિ ઘન મીટરના ભાવે પાણી તથા 10 વર્ષ માટે યુનિટ દીઠ રૂ. 2ની પાવર સબસિડી આપવામાં આવશે તથા વીજળીની ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવશે.

### ❖ કોમનવેલ્થ ગેમ્સમાં મીરાંબાઈ ચાનૂએ ભારતનો પ્રથમ ગોલ્ડ મેડલ મેળવ્યો

- ✓ કોમનવેલ્થ ગેમ્સમાં ટોક્યો ઓલિમ્પિક સિલ્વર મેડલ વિજેતા વેઇટલિફ્ટર સાઈખોમ

મીરાબાઈ ચાનૂએ બર્મિંધામ ખાતે ગોલ્ડ મેડલ મેળવ્યો.

- ✓ આ મેડલ તેણીએ મહિલાઓની 49 kg કેટેગરીમાં મેળવ્યો.
- ✓ આ ઉપરાંત અન્ય વેઇટલિફ્ટર બિંધારાની દેવી સોરોખાઇબામે મહિલાઓની 55 kg કેટેગરીમાં ભારતને સિલ્વર મેડલ અપાવ્યો.
- ✓ કેન્દ્રીય રમતગમત મંત્રી - અનુરાગ ઠાકુર.
- ✓ આ અગાઉ ભારતીય વેઈટલિફ્ટર સંકેત સરગરે મેન્સ 55 kgમાં સિલ્વર તથા ગુરુરાજા પૂજારીએ મેન્સ 61 kgમાં બોન્ઝ મેળવતાં ભારતે આ કોમનવેલ્થ ગેમ્સમાં અત્યાર સુધીમાં કુલ 4 અને તમામ ચારેય મેડલ વેઈટલિફ્ટિંગમાં મેળવ્યા છે.

## ❖ સાવિત્રી જિંદલ એશિયાની સૌથી અમીર મહિલા બની

- ✓ 18 અરબ ડોલરની સંપતિ સાથે ચીનના યાંગ હ્યાનને પાછળ રાખી સાવિત્રી એશિયાની સૌથી અમીર વ્યક્તિ બની.
- ✓ પાછલાં બે વર્ષમાં સાવિત્રીની કુલ સંપતિ 3 ગણા સુધી વધી.
- ✓ સાવિત્રી તેમના દિવંગત પતિ ઓમ પ્રકાશ જિંદલ સ્થાપિત ઓ. પી. જિંદલ સમૂહની અધ્યક્ષ છે.
- ✓ જિંદલ કંપની ભારતમાં ત્રીજા નંબરની સૌથી મોટી સ્ટીલ ઉત્પાદક તથા સીમેન્ટ, ઊર્જા જેવાં ક્ષેત્રોમાં કામ કરી રહી છે.


## ❖ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સાબર ડેરીના વિવિધ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું

- ✓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હિંમતનગર ખાતે સાબર ડેરીના વિવિધ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું.
- ✓ 120 મેટ્રિક ટન પ્રતિ દિવસની ક્ષમતાવાળા અત્યાધુનિક દૂધના મેગા પાવડરપ્લાન્ટ.
- ✓ 3 લાખ લિટર પ્રતિ દિવસની ક્ષમતાવાળો UHT દૂધનો પ્લાન્ટ.
- ✓ 30 મેટ્રિક ટન પ્રતિ દિવસની ક્ષમતાવાળો ચીઝ પ્લાન્ટ અને વ્હે પ્રોસેસિંગ પ્લાન્ટ.
- ✓ ઉપસ્થિત મહાનુભવો - જગદીશભાઇ વિશ્વકર્મા (સહકાર અને ઔધોગિક મંત્રી ગુજરાત રાજ્ય), ગજેન્દ્રસિંહ પરમાર (અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ગુજરાત રાજ્ય), ડૉ. કુબેરભાઈ ડિંડોર, (હાયર એન્ડ ટેકનિકલ એજ્યુકેશન, કાયદા અને સંસદીય મંત્રી ગુજરાત રાજ્ય).

## કરન્ટ ઇન શોર્ટ

- ✓ ફ્રાન્સના ગુસ્તાવ મૈક્કોન T20 ક્રિકેટમાં સતત બે સદી બનાવનાર પ્રથમ ખેલાડી બન્યો. તેમણે નોર્વે વિરુદ્ધ T20 વિશ્વ કપ યુરોપ ક્વોલિફાયર મેચમાં 53 બોલના 101 તથા સ્વિટ્ઝર્લેન્ડની વિરુદ્ધ 109 રન બનાવીને આ ઉપલબ્ધિ મેળવી.

- ✓ આર્મી ડોગ '74B7 AXEL'ની અંતિમ વિદાય. એક્સલને 10 ઘા અને ફ્રેક્ચર હોવા છતાં આર્મીમાં અંતિમ શ્વાસ સુધી 29 રાષ્ટ્રીય રાયફલમાં સેવા બજાવી હતી.
- ✓ તાડના તેલના ઉપયોગને વધારવા માટે ભારત અને મલેશિયાના ઇન્ડિયન વેજિટેબલ ઓઇલ પ્રોડ્યુસર્સ એસોસિએશન (IVPA) તથા મલેશિયન પામ ઓઇલ કાઉન્સિલ (MPOC)એ કરારો કર્યા.
- ✓ ભારતીય નૌસેના કોચીન આંતરરાષ્ટ્રીય હવાઈ મથક ખાતે અમેરિકા તરફથી બે MH60R Multipurpose હેલીકોપ્ટર પ્રાપ્ત થયાં.
- ✓ દેશમાં વધતી જતી મોંઘવારીને કારણે ઝિમ્બાબ્વેએ ચલણના સોનાના સિક્કા બહાર પાડયા. આ સિક્કા 'મોસી-ઓ-તુન્યા' તરીકે ઓળખાય છે અને સ્થાનિક ભાષામાં તે વિક્ટોરિયા ફોલ્સથી ઓળખાય છે. લોન્ચિંગ સમયે એક સિક્કાની કિંમત 1824 ડોલર હતી.
- ✓ શ્રીલંકામાં ચાલી રહેલા રાજકીય અને આર્થિક સંકટને ધ્યાને રાખી એશિયા કપ 2022 શ્રીલંકાથી સયુંકત આરબ અમીરાત (UAE)માં સ્થળાંતરિત કરાયો.



12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરીની તૈયારી કરો

ગુજરાતની નં. 1 એપ સાથે

# CRACK GPSC

**UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર**

**બિનસચિવાલય કલર્ક | હેડ કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ**

ગુજ. શિક્ષણ સેવા - હિસાબી અધિકારી - STI - RAILWAY - મોટર વાહન નિરીક્ષક

RFO | TAT | TET | HTAT




- અનુભવી અને સફળ ફેકલ્ટીઝ સાથે ઓછા સમયમાં સચોટ તૈયારી એટલે Crack GPSC

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે
**5,00,000+**
યુઝર્સ ધરાવતી ગુજરાતની એકમાત્ર એપ

**એક એપ બધી પરીક્ષાઓ**

એપ ડાઉનલોડ કરવા આ કોડ સ્કેન કરો.

**76000 51070**

/CrackGPSCexam /CrackGPSC /CrackGPSC /CrackGPSCapp